AL DEENAR® FASHION PVT. LTD.
અલ-દીનાર આપની માટે લાવ્યા છે ટોટલ નવા સ્ટોક પિપ ભવ્ય સેલ
UP TO 50% OFF
SHOW ROOM 1&2 ડી-૧૨, ૧૩, ૧૪, સર્વ-૮, નેશનલ ટેન્ડલૂમ ની સામે, અજુત મીલ ચાર રસ્તા પાસે, રખીયાલ રોડ, અમદાવાદ. M : 9157241499, 9825086114
SHOW ROOM 3 પહેલા માળે, આબાદ આર્કેડ, બાગે મુર્તજા (અલ-લુલૂજ) સામે, મકરબા રોડ, સરખેજ, અમદાવાદ. M : 8511728300, 9825086114
SHOW ROOM 4 ૧૨૨૬, કરોડા ની પોળ બહાર, પાંચપટ્ટી રોડ, કાલુપુર ટાવર પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧ M : 9825324847, 9825086114

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા.૧૧-૯-૨૦૨૨ રવિવાર AHMEDABAD SINCE-1991

+91 9173 484 149 care@alzidaan.com SHORTLY AVAILABLE ON Google Play App Store
MOST TRUSTED BRAND IN FMCG CATEGORY ALZIDAAN LIMITED
ALL TYPES OF FMCG PRODUCTS
Ground Floor, Block-D, Shop No.-8, Sumel-8 Business Park, Near Ajit Mill Cross Road, Rakhial, Ahmedabad-23.
AL MANJAL JEWELLERS AL DEENAR HAYA DAPPER GRILL

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૨ અંક-૪૪ ● ૧૩ સફર હિજરી ૧૪૪૪ ● 11 SEPTEMBER - 2022 ● PAGES 12+4 ● ₹ ૬.૦૦

અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડનારી વંદે ભારતે ટ્રાયલ રનમાં અનેક રેકોર્ડ સર્જ્યા

વંદે ભારતે બૂલેટ ટ્રેનનો રેકોર્ડ તોડ્યો, ૫૨ સેકન્ડમાં ૧૦૦ કિ.મી.ની ઝડપ

વંદે ભારતે શૂન્યથી ૧૦૦ કિ.મી.ની ઝડપ માત્ર બાવન સેકન્ડમાં જ મેળવી, બૂલેટ ટ્રેન આ ઝડપ ૫૪.૬ સેકન્ડમાં મેળવે છે

ગુજરાતની ચૂંટણીઓ પહેલાં જ વંદે ભારત એક્સપ્રેસને શરૂ કરવાની સરકારની યોજના, Wi-Fi, ૩૨ ઈંચ LCD ટીવી, આધુનિક AC, CCTV કેમેરા, GPS સિસ્ટમથી સજ્જ હશે

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૦

ભારતની ત્રીજી તથા નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેને ટ્રાલય રન દરમિયાન માત્ર બાવન સેકન્ડમાં ૦થી ૧૦૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપ મેળવીને બૂલેટ ટ્રેનનો રેકોર્ડ પણ તોડી દીધો છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આ અંગેની જાણકારી આપી હતી. આ ઉપરાંત તેમણે એમ પણ કહ્યું કે, ફોટોકેટલિટિક એર ખ્યોરિફાયર સિસ્ટમ નવી વંદે ભારત ટ્રેનને કોરોના સહિત હવાથી ફેલાનારી તમામ બીમારીઓથી મુક્ત રાખશે. ઉલ્લેખનીય છે કે, ભારતની આ સેમી-હાઈસ્પીડ ટ્રેન આગામી કેટલાક અઠવાડિયામાં અમદાવાદ-મુંબઈ રૂટ પર દોડવા માટે તૈયાર છે. ટ્રાયલ રનના પરિણામોની ઘોષણા કરતાં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, ''વંદે ભારત ટ્રેનનું ત્રીજું પરિક્ષણ ગુરૂવારે પુરૂં થયું હતું. તેણે ૦-૧૦૦ કિલોમીટર પ્રતિકલાક ઝડપ પર સેકન્ડમાં જ મેળવી લીધી હતી જ્યારે બૂલેટ ટ્રેન આ ઝડપ મેળવવામાં ૫૪.૬ સેકન્ડનો સમય લે છે. આ નવી ટ્રેનની વધુમાં વધુ ગતિ ૧૮૦ કિલોમીટર પ્રતિકલાક છે. જુની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની વધુમાં વધુ ગતિ ૧૬૦ કિલોમીટર પ્રતિકલાક છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ''આરામ દાયક યાત્રા માટે આ ટ્રેનમાં અનેક વિશેષતાઓ છે. ગુણવત્તા અને સવારી સૂચકાંકમાં સુધારો થયો છે. આ માપદંડો પર ટ્રેન સ્કોર ૩.૨ છે જ્યારે વિશ્વ સ્તરે સર્વશ્રેષ્ઠ સ્કોર ૨.૯ છે. ફોટોકેટલિટિક એર ખ્યોપિફાયર સિસ્ટમ નવી વંદે ભાત એક્સપ્રેસ ટ્રેનને કોરોના સહિત હવાથી ફેલાનારી તમામ બીમારીઓથી મુક્ત રાખશે. રેલવે મંત્રાલય પાયલોટ પ્રોજેક્ટ તરીકે નવી વંદે ભારતમાં વિષાણુ પ્રતિરોધક આ સિસ્ટમ લગાવવા જઈ રહ્યું છે. સફળતા મળ્યા પછી તમામ ૪૦૦ વંદે ભારતની ટ્રેનો સહિત રેલવેની પ્રિમિયન રાજધાની, શતાબ્દી, દુરંતો અને અન્ય ટ્રેનોમાં આ યોજના લાગુ કરવામાં આવશે. ટ્રેને પોતાની અંતિમ ટ્રાયલ પૂરી કરી લીધી છે અને તેના રૂટ તથા ચલાવવાની ઘોષણા વહેલી તકે કરાશે. સૂત્રો અનુસાર ગુજરાત વિધાનસભા ચૂંટણીને જોતાં નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન અમદાવાદ-મુંબઈ વચ્ચે ચલાવાશે. રેલવે મંત્રાલયે પ્રેસ રિલિઝમાં કહ્યું કે, વંદે ભારત ટ્રેનોમાં વાઈફાઈ, ૩૨ ઈંચના એલસીડી ટીવી, સ્વચ્છ ફ્લિંગવાળા એસી, સીટ આગળ-પાછળ કરવાની સુવિધા હશે. ઉપરાંત ઓટોમેટિક ફાયર સેન્સર, સીસીટીવી કેમેરા, ત્રણ કલાકના બેટરી બેકઅપ, જીપીએસ સિસ્ટમ અને ફોટોકેટિલિક એર ખ્યોરિફાયર સિસ્ટમથી સજ્જ હશે.

CELEBRATING EXCELLENCE 32 years GT

અલફારૂક ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
ઉમરાહ ૨૦૨૨
ગોલ્ડન તથા સિલ્વર પેકેજીસ બેસ્ટ ક્વોલિટી સર્વિસ
રૂ.૯૦,૦૦૦ થી સ્ટાર્ટ
ઈદેમિલાદુન્નબી તા.૨૯-૩૦ સપ્ટે.દિ.૧૬
દિવાળી વેકેશન ૨૦ ઓક્ટોબર દિવસ - ૧૮
હાજી ચાકુબ મુન્શી - ૯૮૨૫૨૭૫૩૩૩
ફહીમમુન્શી-૯૮૨૫૫૭૫૩૩૩
ફૈજાનમુન્શી-૯૮૨૪૦૭૫૩૩૩

શ્રેષ્ઠ સગવડ, વ્યાજબી કિંમત, સ્ટાર કેટેગરીની હોટલમાં રોકાણ
Only ₹82,000/-
ઉમરાહ દિવસ-૧૬ તારીખ : 11/10/2022 થી 26/10/2022
અમદાવાદ થી અમદાવાદ Spice Jet ડાઈરેક્ટ એરલાઈન્સ
અલ ઈમાદ ટૂર્સ & ટ્રાવેલ્સ
અબુબક્કર મનસુરી 9925791991

YEARS OF EXPERIENCE IN YOUR SERVICE (AHMEDABAD)
AFZAL TOUR & TRAVELS
RABI UL AWAL UMARAH
1st DEP. 19-09-22 DIRECT FLIGHT AMD-JED-AMD
2nd DEP. 22-09-22 INSHAALLAH
93742 17002
4/5, AYSHA MKT., NALAMA, DHALGARWAD.

Regd. Ministry of Minority Affairs Haj Divison
અલ-અકશા-ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
દિવાળી વેકેશન ૨૧ ઓક્ટોબર ઉમરાહ-૨૦૨૩ એડવાન્સ બુકિંગ
ઈદે મિલાદ ઉમરાહ પ્રવાસ દિવસ ૧૫ અહમદાબાદથી અહમદાબાદ
રવાનગી તા. 27-09-2022 MO.9426063622-9998139591
હાજી સાહેબોને નમ્ર વિનંતી કે લાઈસન્સવાળી ટુર્સમાં જવું.
૧૩૭૩, સુનેહરી મસ્જીદ સામે, સલાપસ રોડ, ત્રણ દરવાજા-અમદાવાદ-૧ (ગુજરાત)

SUPER - COP INVESTIGATION AGENCY (REGD.)
વિમલ પટેલ 70697 58204
(આ નંબર ડાયરીમાં નોટ કરી લ્યો, કોઈ દિવસ કામ લાગશે)
સેવાઓ :
◆ પોલીસ ફરિયાદમાં માર્ગદર્શન અને મદદ
◆ ક્રિમીનલ ઈન્કવાયરી અને ઈન્વેસ્ટીગેશન
◆ ફ્રોડના ગુનાઓનો ભોગ બનનારની સહાયતા (ઓનલાઈન / ઓફલાઈન નાણાંકીય છેતરપિંડી)
નિવૃત આઈ.પી.એસ. દ્વારા સંચાલિત સંસ્થા

M.B.B.S NEET
SPOT ADMISSION
Study in Europ (Georgia) Kazakhstan, Kyrgyzstan, Tajikistan, North America (Barbados) And More Countries.
5.5 Year English Medium Including Hostel, Mess
MCI નું કોચીંગ ૫.૫ વર્ષ સુધી કોલેજમાં આપવામાં આવશે.
વિદ્યાર્થીનીઓ માટે અલગ હોસ્ટેલની સુવિધા.
TOP RESULT GOT IN MCI 2021-2022
Authorised Parson : Dr.MEMON
B.J.EDUCATIONAL CONSULTANCY
Kohinoor Market, Nr.Palace, Himatnagar, Dist.S.K. Mo: 9724866808
205, Mahakant Complex, Opp. V.S.Hospital, Ellisbridge, Ashram Road, Ahmedabad - 380006. Mo: 7990292968
Dr. Lukman Mo. 9824974767 Palanpur - Mehsana | Dr. Naim Mo. 7990292968 Ahmedabad | MD. Revasiya Mo. 9925305452 North Gujarat

ભુખ નથી લાગતી ? ગેસની તકલીફ છે ?
ચરણ બ્રાન્ડ
આયુર્વેદિક ગેસારી પીલ્સ
ગેસ-અપચામાં ગુણકારી તેમજ સ્વાદિષ્ટ
ગંઠોડા, સુંઠ, લીંડી પીપર, અજમો, જીરૂ તેમજ અન્ય ગુણકારી દ્રવ્યોથી નિર્મિત.
ઉત્પાદક: હરિનારાયણ ફાર્મસી, અમદાવાદ
જે. આર. શાહ & કું. -(૦૭૯) ૨૬૫૮૨૫૧૫
જાણીતા દવાવાળાને ત્યાં ઉપલબ્ધ

કિંગ ચાર્લ્સે વિલિયમ અને કેટને પ્રિન્સ તથા પ્રિન્સેસ ઓફ વેલ્સ જાહેર કર્યા

ચાર્લ્સ-૩ બ્રિટનના નવા સમ્રાટ બન્યા ઐતિહાસિક સમારોહમાં રાજ્યાભિષેક

પ્રથમવાર ટીવી પર પ્રસારિત થયેલા ભવ્ય રાજ્યાભિષેક સમારોહમાં કિંગ ચાર્લ્સે કહ્યું, 'હું મારી ફરજોને ઉંડાણપૂર્વક જાણું છું'

(એજન્સી) લંડન, તા.૧૦

કિંગ ચાર્લ્સ તૃતિયને શનિવારે એક એક્સેશન કાઉન્સિલના ઐતિહાસિક સમારોહ દરમિયાન બ્રિટનના નવા

મહારાજા ઘોષિત કરાયા હતા. સમારોહનું પ્રથમવાર ટેલિવિઝન પર પ્રસારણ કરાયું હતું. તેમના માતા એલિઝાબેથ દ્વિતીયનું ગુરૂવારે નિધન થઈ ગયા પછી ૭૩ વર્ષના પૂર્વ પ્રિન્સ ઓફ વેલ્સનો રાજ્યાભિષેક કરાયો હતો. શનિવારનો સમારોહ લંડનના સેન્ટ જેમ્સ પેલેસમાં તાજપોશીની ઔપચારિક ઘોષણા કરવા અને તેમના શપથ ગ્રહણ માટે આયોજિત કરાયો હતો. ૭૩ વર્ષના ચાર્લ્સે સત્તાવાર રીતે નવા કિંગ તરીકે પ્રતિજ્ઞા લીધા પછી કહ્યું કે, ''તેઓ

અનુસંધાન બીજા પાને

વર્કિંગ જર્નાલિસ્ટ સંગઠને પત્રકાર સિદ્દીક કપ્પનને મુક્ત કરવાના સુપ્રીમ કોર્ટના ચુકાદાની પ્રશંસા કરી

(એજન્સી) તા.૧૦

વર્કિંગ જર્નાલિસ્ટ સંગઠન ધ દિલ્હી યુનિયન ઓફ જર્નાલિસ્ટે(ડીયુજે) શુક્રવારે સુપ્રીમ કોર્ટ દ્વારા પત્રકાર સિદ્દીક કપ્પનને મુક્ત કરવાના આદેશની પ્રશંસા કરી હતી. સિદ્દીક કપ્પન કેરળ યુનિયન ઓફ વર્કિંગ જર્નાલિસ્ટ દિલ્હી એકમના અધ્યક્ષ પણ હતા. તેમની સામે યુએપીએ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. ડીયુજેએ આ મામલે કપ્પન સાથે એકજૂટતા દર્શાવતા કહ્યું કે અમે કપ્પન માટે ભવિષ્યમાં પણ લડવા તૈયાર છીએ અને તેમની સામેના યુપી સરકાર દ્વારા લાદવામાં આવેલા કેસનો નિકાલ લાવવા અમે તેમની સાથે મળીને

લડીશું. યુપી સરકાર દ્વારા તેમની વિરુદ્ધ ખોટી કાર્યવાહી કરવામાં આવી હતી. આ મામલે ડીયુજેએ કહ્યું કે તેમને જામીન આપવાનો નિર્ણય સ્વાગત યોગ્ય છે. અમને આશા છે કે કપ્પનને તેમની સામે નોંધાયેલા અન્ય કેસોમાં પણ જામીન આપી દેવામાં આવશે. તેમની સામે પીએમએલએ એક્ટ હેઠળ પણકેસ નોંધવામાં આવ્યા છે. કપ્પનના પરિવાર, મિત્રો અને સાથી કર્મીઓ દ્વારા લેવાયેલા પગલાઓ અને પ્રયાસોની પણ ડીયુજે દ્વારા ભરપૂર પ્રશંસા કરવામાં આવી હતી. આ સાથે જ તેમણે કેયુડબ્લ્યૂજે અને સિનિયર વકીલ કપિલ સિબ્બલનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. કપ્પનની ગેરકાયદે ધરપકડ સામે ડીયુજેએ અગ્રેસર રહીને વિરોધ નોંધાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે છેલ્લે ૫ ઓક્ટોબર ૨૦૨૦થી કપ્પનને જેલમાં રખાયા હતા. તેમની ધરપકડ મથુરામાંથી કરી લેવામાં આવી હતી તેઓ ત્યારે દલિત છોકરી પર હાથરસમાં થયેલા દુષ્કર્મ અને હત્યાના કેસનું કવરેજ કરવા માટે જઈ રહ્યા હતા.

સબુરી® પેન રિલીફ ઑઈલ
સબુરી લગાવો, દર્દ ભગાવો | સાંધા, શરીર અને માથાનાં દુઃખાવા માટે લાભદાયક
Mfg. By: M.U. Amzolia, MUMBAI. - Tel.: 022-23441456 - www.lookmanehayattel.com | દરેક સ્ટોર્સ અને કેમિસ્ટમાં ઉપલબ્ધ

પાકિસ્તાનની સૌથી મોટી ઝીલમાં પાણીનું સ્તર ખતરનાક રીતે વધતાં હજારોના જીવ જોખમમાં

ભારે વરસાદને પગલે આવેલા ભયાનક પૂરથી સિંધ પ્રાંતમાં આવેલી મંછર ઝીલના કિનારા પાણીથી ધોવાઈ ગયા, નાસાએ સેટેલાઈટ તસવીરો દ્વારા જાણકારી આપી

(એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૦

ભયાનક રીતે વરસેલા વરસાદના અઠવાડિયાઓ પછી પાકિસ્તાનના સૌથી મોટી મીઠા પાણીના સરોવરમાં પાણીની આવક સપ્ટેમ્બર મહિનામાં જ ખતરનાક રીતે વધી છે જેના કારણે લાખોલોકોના ઘરો તથા તેમના જીવ જોખમમાં મુકાયા છે તેમ એક સેટેલાઈટ ઈમેજ પરથી જાણવા મળ્યું છે. નાસાના લેન્ડસેટ-૮ અને લેન્ડસેટ-૯ દ્વારા લેવાયેલી તસવીરોમાં દેખાડાયું છે કે, મંછર ઝીલનું પાણીનું સ્તર વધવાને કારણે તે બહાર છલકાઈ રહ્યું છે. ઝીલના કિનારા સ્પષ્ટ રીતે તૂટી ગયેલા દેખાય છે. આમાંથી સ્થાનિક વહીવટી તંત્રએ યુદ્ધના ધોરણે કામ કરતાં પાણીને અન્યત્ર વાળવાના પ્રયાસ પણ કર્યા છે.

તસવીરોમાં ૨૫ જુલાઈના રોજ પૂર પહેલાની સ્થિતિ પણ જોઈ શકાય છે ત્યારબાદ ૨૮ ઓગસ્ટ અને પાંચ સપ્ટેમ્બરના રોજ ઝીલમાં પાણીનું સ્તર વધવાની તસવીરો પણ દેખાડાઈ છે. જેમાં પૂરથી ભારે ખાનાખરાબી સર્જાઈ હતી. સેંકડો ગામોમાં આશરે ૧ લાખ લોકો રહે છે જેમના પર ઝીલને કારણે મોટી મુશ્કેલી સર્જાઈ શકે છે. આ જાણકારી નાસાના સત્તાવાર લેખિત નિવેદનમાં આપવામાં આવી છે. પૂરને કારણે પાકિસ્તાનમાં અત્યારસુધી ૧૩૦૦થી વધુ લોકોનાં મોત થઈ ચૂક્યા છે અને હજારો લોકો ઘાયલ થયા છે જ્યારે લાખો લોકો બેઘર થઈ ગયા છે. ૧૦ લાખથી વધુ મકાનોને નુકસાન થયું છે અને લાખો લોકો વિસ્થાપિત થયા છે. મંછર ઝીલ સિંધ પ્રાંતમાં છે જેને પૂરને કારણે સૌથી વધુ નુકસાન થયું છે. આ વિસ્તારમાં સરેરાશ વાર્ષિક વરસાદ પાંચ ગણો થયો છે. આગામી કેટલાક દિવસોમાં અહીં ભારે વરસાદની આગાહી કરાઈ છે. આ માહિતી યુકે વેધર ફોરકાસ્ટ મેટ કાર્યાલયે આપી છે. સરકારે અહીં ૩૦મી ઓગસ્ટના રોજ ઈમરજન્સીની ઘોષણા કરી હતી અને ભોજન, પાણી તથા સ્વાસ્થ્ય સંબંધિત સપ્લાય માટે આંતરરાષ્ટ્રીય મદદની માગ કરી હતી સાથે જ આ કુદરતી આફતમાંથી બહાર આવવા માટે પીડિત લોકોની મદદ માટે સહાયની માગ કરાઈ છે.

ગણેશ પ્રતિમા વિસર્જન સમારોહ દરમિયાન હરિયાણામાં ડૂબી જતા ૭નાં મોત

(એજન્સી) ચંદીગઢ, તા.૧૦

હરિયાણામાં શુક્રવારે ગણેશ પ્રતિમા વિસર્જન સમારોહ દરમિયાન સાત લોકોનાં ડૂબી જતા મોત થયા છે. સોનીપતથી ત્રણ લોકોના મૃત્યુના સમાચાર છે, જ્યારે મહેન્દ્રગઢમાં ચાર લોકોનાં મોત થયા છે. ૩૧ ઓગસ્ટથી શરૂ થયેલા ૧૦ દિવસ સુધી ચાલનારા ગણેશ ચતુર્થીનું આજે વિસર્જન સમારોહની સાથે સમાપન થઈ ગયું ભગવાન ગણેશની પ્રતિમાઓને નજીકના જળ એકમોમાં લઈ જવામાં આવે છે અને વિસર્જન કરવામાં આવે છે. ભવ્ય જુલૂસમાં ભક્ત પ્રતિમાઓને વિસર્જન માટે લઈ જાય છે. સોનીપતના મીમારપુર ઘાટ પર પોતાના દીકરા અને ભત્રીજાની સાથે પ્રતિમા વિસર્જન માટે ગયેલા એક વ્યક્તિનું ડૂબી જતા મોત થયું છે. પોલીસે જણાવ્યું કે મૃતદેહોનો પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે અને કેસની તપાસ કરવામાં આવી રહી છે. મહેન્દ્રગઢમાં કનીના-રેવાડી માર્ગ સ્થિત ગ્રામ ઝગડોલી પાસે નહેર પર ગણેશ પ્રતિમા વિસર્જિત કરવા ગયેલા ૯ વ્યક્તિ પાણીના ઝડપી પ્રવાહમાં વહી ગયા. મોડી રાત્રે ૮લોકોને નહેરમાંથી બહાર નીકાળવામાં આવ્યા. તેમાંથી ચારનાં મોત થયા. મુખ્યમંત્રી એમએલ ખટ્ટરે જણાવ્યું કે મહેન્દ્રનગઢ અને સોનીપત જિલ્લાઓમાં ગણપતિ વિસર્જન દરમિયાન નહેરમાં ડૂબવાથી અનેક લોકોના કસમય મૃત્યુનો સમય હૃદયદ્રાવક છે. ખટ્ટરે જણાવ્યું કે, ''આ મુશ્કેલ સમયમાં અમે મૃતકોના પરિવારોની સાથે ઊભા છીએ. એનડીઆરએફની ટીમે અનેક લોકોને ડૂબવાથી બચાવવામાં આવ્યા છે. હું તેમના જલ્દી સ્વસ્થ થવાની પ્રાર્થના કરૂં છું.'' મહામારીથી પ્રેરિત પ્રતિબંધોએ પાછલા બે વર્ષમાં ઉત્સવ પર પ્રતિબંધ લગાવી દીધો હતો. આ પ્રતિબંધોના મુક્ત થવાથી આ વર્ષે આ પર્વ ખૂબ જ ઉત્સાહથી ઊજવવામાં આવ્યો.

દિલ્હી રમખાણો સાથે કોઈ અપરાધિક સંબંધો નહોતા, ઉમર ખાલિદની દલીલ : હાઈકોર્ટે જામીન અરજી પર ચુકાદો અનામત રાખ્યો

(એજન્સી) તા.૧૦

દિલ્હી હાઈકોર્ટે ફેબ્રુઆરી ૨૦૨૦ના રમખાણો પાછળના કથિત ષડયંત્રથી સંબંધિત યુએપીએ કેસમાં ઉમર ખાલિદની જામીન અરજી પર પોતાનો આદેશ અનામત રાખ્યો હતો. જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટી (જેએનયુ)ના ભૂતપૂર્વ વિદ્યાર્થીએ દલીલ કરી હતી કે હિંસામાં તેની કોઈ "ગુનાહિત ભૂમિકા" નથી અને કેસના કોઈપણ આરોપી સાથે તેનું "કોઈપણ ગુનાહિત જોડાણ" નથી.

સપ્ટેમ્બર ૨૦૨૦માં દિલ્હી પોલીસે તેની ધરપકડ કરી હતી. તેમણે કહ્યું કે તેમની સામે કાર્યવાહીના કેસની તરફેણમાં કોઈ સામગ્રી નથી અને તેમણે નાગરિકતા સંશોધન અધિનિયમ (સીએએ) સહિતના સમાન મુદ્દાઓ ઉઠાવ્યા હતા, જેની દેશમાં અન્ય ઘણા લોકો દ્વારા ચર્ચા કરવામાં આવી રહી હતી.

તેમણે કહ્યું કે આ પ્રકારના મુદ્દા ઉઠાવવામાં કંઈ ગેરકાયદેસર નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે અમરાવતીનું ભાષણ, જે તેમની સામેના આરોપોનો આધાર છે, તેણે માત્ર અહિંસાની જ સ્પષ્ટતા કરી નથી, પણ હિંસા ભડકાવી નથી. ખાલિદ તરફથી હાજર રહેલા તેના વકીલ ત્રિદીપ પૈસેએ ન્યાયાધીશ સિદ્ધાર્થ મૃદુલની અધ્યક્ષતાવાળી બેંચને જણાવ્યું હતું કે માત્ર સ્પષ્ટ કૃત્ય જેના માટે મને જવાબદાર ઠેરવવામાં આવ્યો છે તે ભાષણ છે (મહારાષ્ટ્રમાં અમરાવતીનું)... જે એક જાહેર કાર્યક્રમ હતો. તેનાથી કોઈ હિંસા ન હતી. ડોનાલ્ડ ટ્રમ્પ અમદાવાદ ગયા (અને ત્યાં કોઈ હિંસા થઈ ન હતી). જો આપણે ઈચ્છીએ તો ભારતમાં ગમે ત્યાં જઈને ભાષણ આપવાની સ્વતંત્રતા છે.

જસ્ટિસ મૃદુલ અને જસ્ટિસ રજનીશ ભટનાગરની ખંડપીઠ સમક્ષ ખાલિદ તરફથી હાજર થયેલા તેમના વકીલે કહ્યું મારા ભાષણમાં અહિંસા માટે સ્પષ્ટ આહવાન હતું અને હું માનનીય ન્યાયાધીશોને વિનંતી કરૂં છું કે તે ભાષણને સંપૂર્ણ વાંચે અને તે રીતે વાંચે તે રીતે નહીં જે રીતે મારા મિત્ર (ફરિયાદી) તેને જુદો સ્વરૂપ આપવાનો પ્રયાસ કરી રહ્યા છે. તે એક વાક્ય લઈને સામે મૂકે છે અને અનુમાન કરે છે. તે ભાષણ કોઈપણ અન્ય આરોપી સાથેના કોઈપણ હિંસા કે કોઈપણ ગુનાહિત જોડાણને પ્રતિબિંબિત કરતું નથી.

અહીં આ રમખાણોમાં ૫૩ લોકોએ જીવ ગુમાવ્યા અને ૭૦૦થી વધુ લોકો ઘાયલ થયા. આ હિંસા CAA અને NRCના વિરોધ દરમિયાન થઈ હતી. ખાલિદની જામીન અરજી પર કોર્ટે એપ્રિલમાં દિલ્હી પોલીસને નોટિસ પાઠવી હતી. દિલ્હી પોલીસ તરફથી હાજર થતાં વરિષ્ઠ સરકારી વકીલ અમિત પ્રસાદે ખાલિદની જામીન અરજીનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે અમરાવતી ખાતેનું તેમનું ભાષણ બાબરી મસ્જિદ, ટ્રિપલ તલાક, કાશ્મીરમાં મુસ્લિમો પર થતા અત્યાચાર, સીએએ, એનઆરસી સહિત ઘણા મુદ્દાઓ પર "ઘણું અપ્રમાણસર ભાષણ" હતું.

ચાર્લ્સ-૩ બ્રિટનના નવા પહેલા પાનાનું ચાલુ

કર્તવ્ય અને સાર્વભૌમત્વની મોટી જવાબદારી વિશે ઊંડાઈપૂર્વક જાણે છે. આ સમારોહમાં નવા વડાપ્રધાન લીઝ ટ્રસ, સેંકડો કાઉન્સિલરો અને અનેક ઉત્તરાધિકારીઓ સહિત ચાર્લ્સના પત્ની કેમિલા અને તેમના મોટા પુત્ર તથા ઉત્તરાધિકારી વિલિયમ સમારોહમાં હાજર રહ્યા હતા. આ દરમિયાન ચાર્લ્સ તૃતિયએ પોતાના માતા મહારાણી એલિઝાબેથના નિધન અંગે કહ્યું કે, ''સમગ્ર વિશ્વ મારી સાથે આ અપૂરણિય ક્ષતિ માટે સહાનુભૂતિ ધરાવે છે, જેમાં આપણે બધાને દુઃખ થયું છે. મારા માતાએ આજીવન પ્રેમ અને નિસ્વાર્થ સેવાનું ઉદાહરણ આપ્યું છે. મારા માતાનો શાસન કાળ, સમર્પણ અને નિષ્ઠામાં અદ્વિતિય હતું. તેમણે સાથે જ કહ્યું કે, હું મારી પત્નીના નિરંતર સમર્થનથી ખૂબ પ્રોત્સાહિત છું.'' ચાર્લ્સે કહ્યું કે, હું જાણું છું કે, હું એવા લોકોના સ્નેહ અને વફાદારીને જાળવી રાખીશ જેમના માટે મને બોલાવાયો છે. પેલેસની બાલ્કનીમાંથી લંડનના સમયે બપોરે એક વાગે ચાર્લ્સને સત્તાવાર રીતે કિંગ બનાવાયાની ઘોષણા કરવામાં આવી હતી. કિંગ ચાર્લ્સ તૃતિય પોતાના પત્ની ક્વિન કોન્સર્ટ કેમિલા તથા પુત્ર અને ઉત્તરાધિકારી પ્રિન્સ વિલિયમની સાથે સમારોહમાં હાજર રહ્યા હતા. પ્રિન્સ વિલિયમ હવે નવા પ્રિન્સ ઓફ વેલ્સ છે.

અમેઝિંગ ઈન્ડિયન્સ ૨૦૨૨ : મોહમ્મદ શાહનવાઝ દ્વારા ગ્રામીણ આરોગ્ય માટે ડિજિટલ ઈનોવેશનની પહેલ શરૂ કરવામાં આવી

(એજન્સી) તા.૧૦

શાહનવાઝે નોન-પ્રોફિટ ખુશી બેબી લોન્ચ કરી છે અને તેમણે ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય સંભાળ સિસ્ટમને સુધારવામાં મદદ કરી છે. તેમની એનજીઓ CHIP અથવા કોમ્યુનિટી હેલ્થ ઈન્ટીગ્રેટેડ પ્લેટફોર્મ તરીકે ઓળખાતા ભારતના સૌથી મોટા હેલ્થ સોલ્યુશન પ્લેટફોર્મ્સ પૈકી એક છે. CHIP એ ફ્રન્ટલાઈન હેલ્થ વર્કર્સ માટે એકીકૃત ઈન્ટરફેસ છે જે તેમને સુરક્ષિત ચેનલ દ્વારા ડેટાને કનેક્ટ કરવામાં અને શેર કરવામાં મદદ કરે છે.

ટાઈમ્સ નાઉ ચેનલે નવી દિલ્હીમાં એક સમારોહમાં ગ્રામીણ વિકાસના ક્ષેત્રમાં તેમના અનુકરણીય કાર્ય માટે 'અમેઝિંગ ઈન્ડિયન' મોહમ્મદ શાહનવાઝનું સન્માન કર્યું છે. 'અમેઝિંગ ઈન્ડિયન્સ' એ એક પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પ્લેટફોર્મ છે જે ભારતના સામાન્ય લોકોની અદમ્ય ભાવનાનું સન્માન કરે છે અને જેમણે અસામાન્ય કામગીરી કરી છે તેનું સન્માન કરે છે. CHIP એ એવું સાધન બન્યું જેણે રાજસ્થાનમાં ૧૫ મિલિયનથી વધુ લાભાર્થીઓની દેખરેખ માટે કોવિડ દરમિયાન અધિકારીઓને મદદ કરી હતી. આ પહેલ હવે સમગ્ર રાજસ્થાનમાં કરવામાં આવી રહી છે અને શાહનવાઝ તેની ટીમ સાથે તેને સમગ્ર ભારતમાં લાગુ કરવા માટે કામ કરી રહ્યા છે.

ભારતની એક અબજથી વધુ વસ્તી સુધી આરોગ્યસંભાળ પહોંચાડવી એ એક કપરૂં કામ છે. સામુદાયિક આરોગ્ય સંભાળ કાર્યકરો ગામડાઓમાં સુધી સુવિધાઓ આપવા માટે અનિવાર્ય મહેનત કરે છે. પરંતુ આ કામદારો-જેમ કે આશા (ગ્રામ્ય આરોગ્ય સલાહકાર), એએનએમ (નર્સ) અને તબીબી અધિકારી (જેઓ ઉચ્ચ જોખમ ધરાવતા દર્દીઓની સંભાળ રાખે છે) - સામાન્ય રીતે કાગળ આધારિત ડેટા સંગ્રહ કરે છે અને તે સંભાળ સમય, જાણ કરવામાં વિલંબ અને ડેટાની અસંગતતા દર્શાવે છે.

CHIP એ ASHAs, ANMs અને મેડિકલ ઓફિસરો માટે ઑફલાઈન અને એકબીજા સાથે જોડાયેલ એમ-હેલ્થ એપ્લિકેશન છે જે દરેક હેલ્થ વર્કરની સમગ્ર કાર્ય જરૂરિયાતને પૂર્ણ કરે છે. તે આરોગ્ય કર્મચારીઓને સરળ રીતે કાર્ય કરવામાં સક્ષમ બનાવે છે : ડિજિટલ આરોગ્ય વસ્તી ગણતરી, પ્રાથમિક આરોગ્ય સંભાળ (કુટુંબ આયોજનથી લઈને પ્રસૂતિ પહેલાની સંભાળ, રસીકરણ અને બાળ આરોગ્ય), સંકલિત રેફરલ કેર મેનેજમેન્ટ, માર્ગદર્શિકા અને સૂચિત ઈન્ટ્રાપાર્ટમ અને તાત્કાલિક પોસ્ટપાર્ટમ મેનેજમેન્ટ, રોગ ફાટી નીકળવાની દેખરેખ સહિત અનેક વેક્ટર-જન્ય રોગ જે ગર્ભાવસ્થાને અસર કરે છે અને રસી આપવા યોગ્ય રોગો જે બાળકોને અસર કરે છે તેના વિશે એક્સેસ આપે છે. પબ્લિક હેલ્થ ડેટાની જવાબદારી સુધારવા માટે પ્લેટફોર્મમાં આવી નવીન સુવિધાઓ સામેલ છે.

CHIP દ્વારા ખુશી બેબીના શરૂઆત પછી એક મૂલ્યાંકન મુજબ, શિશુ રસીકરણ દરમાં ૧૨ ટકાનો સુધારો, શિશુ કુપોષણ દરમાં ૪ ટકાનો ઘટાડો, ડેટા સુસંગતતામાં ૨૦ ટકાનો વધારો અને યોજવામાં આવેલ આરોગ્ય શિબિરોમાં ૪૦ ટકા વધારો દર્શાવે છે. કોમ્યુનિટી હેલ્થ વર્કર્સની મદદથી CHIPને રજૂ કરવામાં આવ્યું હતું અને છેલ્લા ત્રણ વર્ષોમાં, તેઓએ રાજસ્થાનના આરોગ્ય વિભાગમાં ટેકનિકલ સપોર્ટ પાર્ટનર તરીકે કામ કર્યું છે અને આ પ્લેટફોર્મને ૩૫,૦૦૦ ગામડાઓ સુધી કેવી રીતે લઈ જવું તે શીખ્યા છે. ભારત સરકારે તાજેતરમાં આગામી બે વર્ષમાં CHIPના રાજ્યવ્યાપી વિસ્તરણ માટે રૂા.૧૦૭.૫૫ કરોડ ફાળવ્યા છે.

CHIP દ્વારા, આરોગ્ય અધિકારીઓની સેવામાં સુધારો કરવા માટે ગ્રામ્ય સ્તરે વિશ્લેષણ કરવામાં આવ્યું છે. લાભાર્થીઓ પોર્ટેબલ હેલ્થ રેકોર્ડ્સ અને વ્યક્તિગત સંભાળ સંદેશાઓ મેળવે છે. વધુમાં, જાહેર આરોગ્ય માટે આપવામાં આવતી સેવાઓ માટે લાભાર્થીઓ પાસેથી કોઈ પૈસા વસૂલવામાં આવતા નથી, કારણ કે CHIP એ રાજ્યના જાહેર આરોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું વિસ્તરણ છે. ગ્રામીણ સમુદાય માટે CHIP એ અગત્યની હેલ્થ એપ્લિકેશન છે તે રાષ્ટ્રીય માર્ગદર્શિકા, આરોગ્ય કાર્યકરો, આરોગ્ય પ્રણાલીની માળખાકીય સુવિધાઓ, સંસ્કૃતિ, ભાષાઓ અને ભારતની નીતિઓના સંદર્ભમાં તૈયાર કરવામાં આવી છે.

ભાજપે કહ્યું : રાહુલ ગાંધીની ટી-શર્ટની કિંમત રૂા.૪૧ હજાર છે, કોંગ્રેસે વડાપ્રધાન મોદીના રૂા.૧૦ લાખના સૂટ અંગે કટાક્ષ કર્યો

(એજન્સી) તા.૧૦

કોંગ્રેસ નેતા અને સાંસદ રાહુલ ગાંધી તેમના એક ટી-શર્ટના કારણે ભાજપના નિશાના પર છે. ભાજપના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પરથી રાહુલ ગાંધીનો ફોટો શેર કરવામાં આવ્યો છે. આમાં તે સફેદ ટી-શર્ટ પહેરેલી જોવા મળી રહી છે. ભાજપે દાવો કર્યો છે કે આ ટી-શર્ટ burberry કંપનીની છે અને તેની કિંમત ૪૧,૨૫૭ રૂપિયા છે. ખાસ વાત એ છે કે, રાહુલ ગાંધીનો આ ફોટો ખુદ કોંગ્રેસના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પરથી ટ્વિટ કરવામાં આવ્યો છે. રાહુલ ગાંધી આ દિવસોમાં 'ભારત જોડો યાત્રા' પર છે. કોંગ્રેસના ટ્વિટર હેન્ડલ પરથી આ મુલાકાતની કેટલીક તસવીરો શેર કરવામાં આવી છે. ફોટો શેર કરતી વખતે કોંગ્રેસ વતી લખવામાં આવ્યું- રાહુલ ગાંધી 'ભારત જોડો યાત્રા' દરમિયાન 'વિલેજ કૂકિંગ ચેનલ'ની ટીમને મળ્યા હતા. તમને જણાવી દઈએ કે 'વિલેજ કૂકિંગ ચેનલ' ખૂબ જ લોકપ્રિય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ છે. કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવેલ એક ફોટો ભાજપ દ્વારા શેર કરવામાં આવ્યો હતો. આ સાથે તેણે burberryની ટી-શર્ટનો સ્ક્રીનશોટ પણ શેર કર્યો છે, જે રાહુલ ગાંધીની ટી-શર્ટ જેવો જ દેખાય છે. જણાવવામાં આવ્યું છે કે રાહુલે ટી-શર્ટની જોડી પહેરી છે, તે burberry કંપનીની છે અને તેની કિંમત ૪૧,૨૫૭ રૂપિયા છે. ફોટો શેર કરતા ભાજપે લખ્યું- જુઓ ભારત ! આ તરફ કોંગ્રેસે પણ ભાજપની આ પોસ્ટ શેર કરીને પલટવાર કર્યો હતો. કોંગ્રેસે બીજેપીને ટેગ કરીને ટ્વિટ કર્યું છે. લખ્યું- અરે... તમે ડરી ગયા છો ? ભારત જોડો યાત્રામાં ઊટેલી ભીડ જોઈને. બેરોજગારી અને મોંઘવારી પર બોલો. બાકીના કપડાંની ચર્ચા કરવી હોય તો મોદીજીના ૧૦ લાખના સૂટ અને ૧.૫ લાખના ચશ્માની વાત થશે. જણાવો વાત કરવી છે ? આ તરફ હરિયાણા પ્રદેશ મહિલા કોંગ્રેસે પણ બીજેપીનું ટ્વિટ શેર કર્યું અને લખ્યું- ભાજપ જ્યારે પણ ડરે છે ત્યારે વ્યક્તિગત હુમલો કરે છે. અમારા ટોચના નેતૃત્વ અને લોકપ્રિય નેતા રાહુલ ગાંધીજી દ્વારા ભારત જોડો યાત્રાની સફળ શરૂઆત કરવા બદલ ભારતની જનતાને ખૂબ ખૂબ અભિનંદન. ભાજપ પર વળતો પ્રહાર કરતા ઉત્તર પ્રદેશ મહિલા કોંગ્રેસ અધ્યક્ષ કરિશ્મા ઠાકુરે કહ્યું- મોદીજી, તમે વડાપ્રધાન નહીં પરંતુ વસ્ત્રોના મંત્રી છો. મોંઘવારી પર તમારા તરફથી એક પણ ટ્વિટ નથી આવતી. કોંગ્રેસના નેતા જયરામ રમેશે આ મુદ્દે કહ્યું- 'તમને યાદ છે કે મોદીજીના સૂટ કે જેના પર નમો નમો લખેલું હતું. અસલી વાત એ છે કે, ભારત જોડો યાત્રાથી ભાજપમાં ગભરાટ છે અને અમે ભારત જોડો યાત્રા દ્વારા લોકશાહીનું શરણાઈ વગાડી રહ્યા છીએ. જયરામ રમેશે કહ્યું કે, અમારા કન્ટેનર, ટી-શર્ટ, શૂઝની ચર્ચા થઈ રહી છે. આવતી કાલે આ લોકો (ભાજપ) અમારા અન્ડરવેરને પણ ચર્ચામાં લાવશે.

જો રખડતાં કૂતરાં કરડે તો તેમને જે ખવડાવતા હોય તેમને જવાબદાર ઠેરવો : સુપ્રીમકોર્ટ

(એજન્સી) તા.૧૦

છેલ્લા કેટલાક સમયથી પાલતુ શ્વાન દ્વારા કરવામાં આવતા હુમલાની ઘટનાઓમાં ખૂબ જ વધારો જોવા મળી રહ્યો છે. અત્યાર સુધી રસ્તા પર રખડતાં કૂતરાઓનો ત્રાસ જોવા મળતો હતો અને તેઓ રાહદારીઓની પાછળ દોડીને કે તેમને બટકું ભરીને હેરાન કરતા હતા. પરંતુ હવે પાલતુ કૂતરાઓ દ્વારા અજાણ્યા લોકોને કરડવાની ઘટનાઓ વધી રહી હોવાથી તેમના સામે પણ વિરોધ જોવા મળી રહ્યો છે. જોકે સામે જીવદયાપ્રેમીઓની સંખ્યામાં પણ જાણે ઉછાળો આવ્યો છે અને લોકો રખડતાં કૂતરાઓને ખાવાનું આપીને તે વિસ્તારના રહીશોનો રોષ વહોરી લેવા માટે પણ તૈયાર હોય છે. ત્યારે આ મામલે સુપ્રીમ કોર્ટે એક ખૂબ જ મહત્વનું નિવેદન આપ્યું છે. સુપ્રીમ કોર્ટના કહેવા પ્રમાણે જે લોકો રસ્તા પર ભટકતાં કૂતરાઓને ખાવાનું ખવડાવે છે તેમને આ કૂતરાઓના વેક્સિનેશન માટે પણ જવાબદાર ગણવા જોઈએ. ઉપરાંત કોર્ટે જણાવ્યું કે, જો આ પ્રકારના રખડતાં કૂતરાઓ કોઈને કરડી જાય તો તે વ્યક્તિની સારવાર કરવાનો ખર્ચો પણ કૂતરાઓને ખાવાનું આપનારા લોકોએ જ ઉઠાવવો જોઈએ. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ જે.કે. માહેશ્વરીની પીઠના કહેવા પ્રમાણે રખડતાં કૂતરાઓની સમસ્યાના સમાધાન માટે તર્કસંગત સમાધાન શોધવાની જરૂર છે. ન્યાયમૂર્તિ ખન્નાએ જણાવ્યું કે, આપણાંમાંથી મોટા ભાગના લોકો શ્વાનપ્રેમી છે. હું પણ કૂતરાઓને ખાવાનું ખવડાવું છું. મારા મનમાં એક વિચાર આવ્યો. લોકોએ (કૂતરાઓનું) ધ્યાન રાખવું જોઈએ, પરંતુ તેમને ચિહ્નિત કરવા જોઈએ, ચિપ દ્વારા ટ્રેક ન કરવા જોઈએ, હું તેના પક્ષમાં નથી. પીઠે એમ પણ જણાવ્યું કે, આપણે એ સ્વીકારવું જોઈએ કે રખડતાં કૂતરાઓની સમસ્યા છે. ઘણી વખત ભોજન ન મળવાના કારણે તેઓ આક્રમક બની શકે છે અથવા તો તેમને સંક્રમણ હોઈ શકે છે. રેબીજથી સંક્રમિત હોય તેવા કૂતરાઓને સંબંધીત અધિકારીઓ દ્વારા દેખભાળ કેન્દ્રમાં રાખી શકાય. સુપ્રીમ કોર્ટ રખડતાં કૂતરાઓને મારવા મામલે વિવિધ નગરપાલિકાઓ દ્વારા જે આદેશો આપવામાં આવેલા છે તેને સંબંધીત અરજીઓની એક બેચ પર સુનાવણી કરી રહી છે જે ખાસ કરીને કેરળ અને મુંબઈમાં ખતરારૂપ બન્યા છે. સુપ્રીમ કોર્ટે બંને પક્ષોને જવાબ દાખલ કરવા નિર્દેશ આપ્યો છે. કોર્ટે આગામી સુનાવણી માટે ૨૮મી સપ્ટેમ્બરનો દિવસ નિર્ધારિત કર્યો છે.

જો વિપક્ષ એકજૂટ થશે તો અમે ભાજપને હરાવવામાં સફળ થઈશું : તેજસ્વી યાદવ

(એજન્સી) તા.૧૦

વિપક્ષી નેતાઓ સાથે બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારની મુલાકાત પછી તેમના ડેપ્યુટી અને આર.જે.ડી.ના નેતા તેજસ્વી યાદવે શુક્રવારે કહ્યું હતું કે જો બધી વિપક્ષી પાર્ટીઓ એકજૂટ થઈ જાય તો તેઓ ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓમાં ભાજપને હરાવવામાં સફળ થશે. દિલ્હીમાં મુખ્યમંત્રી નીતિશકુમારની વિપક્ષના નેતાઓ સાથેની મુલાકાત અંગે મીડિયા સાથે વાત કરતા તેજસ્વી યાદવે કહ્યું હતું કે આ એક સારી બાબત છે. આ સ્પષ્ટ છે કે જો અમે એકજૂટ થઈ જઈશું તો અમે ભાજપને હરાવી શકીશું નોંધનીય છે કે દિલ્હી યાત્રા દરમ્યાન નીતિશકુમારે રાહુલ ગાંધી, મુલાયમસિંઘ યાદવ, સીતારામ યેચુરી અને અરવિંદ કેજરીવાલ સાથે મુલાકાત કરી હતી. તે પહેલા તેલંગાણાના મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર રાવે બિહાર જઈ નીતિશકુમાર સાથે મુલાકાત કરી હતી.

ઈમરાન ખાને તેમના પર આતંકવાદી આરોપો અંગે કહ્યું કે, જો તેઓને જેલમાં મોકલવામાં આવશે તો પરિસ્થિતિ વધુ ભયાનક થશે

(એજન્સી) તા.૧૦

પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)ના ચીફ ઈમરાન ખાને ગુરૂવારે તેમની સામે દાખલ કરવામાં આવેલા આતંકવાદના કેસની સુનાવણી દરમિયાન ઈસ્લામાબાદ હાઈકોર્ટની બહાર પોલીસની ભારે તૈનાતી પર નારાજગી વ્યક્ત કરતા ધમકી આપી હતી કે જો તેમને જેલમાં મોકલવામાં આવશે તો તે વધુ ખતરનાક બની જશે. ૨૦ ઓગસ્ટે યોજાયેલી રેલી દરમિયાન સંઘીય રાજધાનીની મહિલા ન્યાયાધીશને ધમકી આપવા બદલ ઈસ્લામાબાદ સદર મેજિસ્ટ્રેટ અલી જાવેદની ફરિયાદ પર પીટીઆઈના વડા પર આતંકવાદનો કેસ દાખલ કરવામાં આવ્યો છે.

ખાન ગુરૂવારે કડક સુરક્ષા વચ્ચે ઈસ્લામાબાદ હાઈકોર્ટ (IHC) પહોંચ્યા હતા. ધ ન્યૂઝ ઈન્ટરનેશનલે અહેવાલ આપ્યો છે કે બપોરથી કોર્ટમાં સેંકડો સુરક્ષા કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. ઈમરાન તેના બનિગાલા નિવાસસ્થાનથી બહાર નીકળે તે પહેલાં, પીટીઆઈના ઘણા નેતાઓ કોર્ટમાં પહોંચ્યા હતા, પરંતુ સુરક્ષા અધિકારીઓએ ફવાદ ચૌધરી, શહેઝાદ વસીમ અને અન્યને રોક્યા હતા કારણ કે રજિસ્ટ્રાર ઓફિસ દ્વારા પ્રદાન કરવામાં આવેલી સૂચિમાં તેમના નામ ન હતા. પત્રકારો સાથે વાત કરતા ઈમરાને કોર્ટમાં પોલીસ અને અન્ય કાયદા અમલીકરણ એજન્સીઓની ભારે તૈનાત કરવા અંગે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે અધિકારીઓ કોનાથી ડરતા હતા કે તેઓએ IHCની બહાર પોલીસની ભારે ટુકડી તૈનાત કરી હતી.

ઈમરાને વધુ બોલવાનો ઈનકાર કર્યો હતો અને કહ્યું કે, તેમની ટિપ્પણીઓનો કોર્ટ દ્વારા ખોટો અર્થ કાઢવામાં આવી શકે છે અને કહ્યું હતું કે, તેઓ સુનાવણીમાં હાજરી આપ્યા પછી વધુ બોલશે. અદાલતના તિરસ્કારના કેસમાં અદાલતે તેમને દોષિત ઠેરવવાનો નિર્ણય કર્યા પછી મીડિયા સાથેની વાતચીતમાં, ઈમરાને પત્રકારોને જણાવ્યું હતું કે, તે મહિલા ન્યાયાધીશ અંગે કોર્ટમાં આપેલા નિવેદનને સંદર્ભિત કરવા માંગે છે પરંતુ તેને તેમ કરવાની તક આપવામાં આવી ન હતી. દરેક નિવેદનનો એક સંદર્ભ હોય છે. દેશ દિન-પ્રતિદિન પાછળ જઈ રહ્યો છે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ) ના અહેવાલે તે દર્શાવ્યું છે. તેઓ જે ઈચ્છે તે કરી શકે છે, પરંતુ અસ્થિરતાનો એકમાત્ર ઉકેલ ચૂંટણીઓ છે.

ઈમરાને કહ્યું કે, તેમણે તેમના કાર્યકાળમાં તેના કોઈપણ વિરોધીઓને શિકાર બનાવ્યા ન હતા અને ઉમેર્યું હતું કે કેટલાક એવા કિસ્સાઓ હતા કે જે ખોટી રીતે હેન્ડલ કરવામાં આવ્યા હતા, પરંતુ તેમને તેમના વિશે પછીથી ખબર પડી હતી. પીટીઆઈના વડાએ કેટલાક 'મહત્વપૂર્ણ' વ્યક્તિઓ સાથે બેકડોર સંપર્કો અંગેની અટકળોને પણ નકારી કાઢી હતી. તેઓને પૂછવામાં આવ્યું કે શું તેઓ કોઈ મહત્વપૂર્ણ અધિકારીને મળ્યા છે જે પીએમએલએન નેતા નવાઝ શરીફ સાથે પણ સંપર્કમાં હતો, ત્યારે ઈમરાને કહ્યું કે આવું કંઈ થયું નથી. સુરક્ષા અધિકારીઓએ કાંટાળા વાયરો લગાવ્યા હતા અને પાસ વગરના લોકોને કોર્ટ પરિસરમાં પ્રવેશતા અટકાવ્યા હતા. જેઓને અલગ-અલગ કેસોમાં કોર્ટમાં હાજર થવાનું હતું તેમને કડક ચેકિંગ બાદ જ પ્રવેશ આપવામાં આવતો હતો. કોર્ટમાં તૈનાત ૭૭૮ પોલીસ કર્મચારીઓમાં બે વરિષ્ઠ પોલીસ અધિક્ષક (એસએસપી) નો સમાવેશ થાય છે, સેફ સિટી કેમેરા દ્વારા પણ નજર રાખવામાં આવી રહી હતી. ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન હાલમાં ૧૨ સપ્ટેમ્બર સુધી જામીન પર છે. આતંકવાદના કેસમાં સંયુક્ત તપાસ ટીમ સમક્ષ હાજર ન થવા બદલ ઈસ્લામાબાદ પોલીસે તેમને નોટિસ પાઠવી હતી. સત્તાવાળાઓએ પૂર્વ વડાપ્રધાનને શુક્રવારે બપોરે ૩ વાગ્યે તપાસકર્તાઓ સમક્ષ હાજર થવા કહ્યું હતું. ઈમરાન ખાનને નોટિસ જારી કરીને JIT સમક્ષ હાજર થવા અને પોતાનો ખુલાસો રજૂ કરવા જણાવ્યું છે.

ઈમરાન ખાને આ કેસમાં આતંકવાદ વિરોધી અદાલતમાંથી જામીન મેળવ્યા હતા. કોર્ટના આદેશ છતાં, ભૂતપૂર્વ વડા પ્રધાન ન તો તપાસકર્તાઓ સમક્ષ હાજર થયા કે ન તો તેમનો જવાબ રજૂ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ઈમરાન ખાન વિરૂદ્ધ ૨૦ ઓગસ્ટના રોજ ઈસ્લામાબાદમાં તેમના ભાષણમાં અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવા અને એડિશનલ સેશન જજ ઝેબા ચૌધરીને ધમકી આપવા બદલ મારગલ્લા પોલીસ સ્ટેશનમાં આતંકવાદનો કેસ નોંધવામાં આવ્યો હતો. ખાન પર આતંકવાદ વિરોધી અધિનિયમ (ATA) હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. કસ્ટડીમાં ત્રાસના દાવા બાદ પીટીઆઈ અધ્યક્ષે ૨૦ ઓગસ્ટના રોજ સંઘીય રાજધાનીમાં તેમના ચીફ ઓફ સ્ટાફ શાહબાઝ ગિલ સાથે એકતા વ્યક્ત કરવા માટે રેલી કાઢી હતી. તેમણે ઈસ્લામાબાદ અને ડેપ્યુટી ઈન્સ્પેક્ટર-જનરલને ચેતવણી આપી હતી કે તેઓ ગિલને અમાનવીય અત્યાચાર ગુજારવા બદલ તેમની સામે કેસ દાખલ કરશે અને તેઓને છોડશે નહીં. ઈસ્લામાબાદ હાઈકોર્ટ (IHC) એ પીટીઆઈ ચીફ ઈમરાન ખાનને મહિલા ન્યાયાધીશ અને ઈસ્લામાબાદ પોલીસના ઉચ્ચ અધિકારીઓને કથિત રીતે ધમકી આપવા બદલ તેમની સામે નોંધાયેલા આતંકવાદના કેસમાં પોલીસ તપાસમાં સામેલ થવાનો આદેશ આપ્યો છે. ઈમરાનને વચગાળાના જામીનને ૧૨ સપ્ટેમ્બર સુધી લંબાવતી વખતે કોર્ટે ખાનને PKR ૧૦૦,૦૦૦ જામીન તરીકે જમા કરાવવાનો નિર્દેશ આપ્યો હતો.

રાહુલ ગાંધીના ટી-શર્ટનો વિવાદ : મહુઆ મોઈત્રાએ ભાજપને મર્યાદા ન ઓળંગવાની ચેતવણી આપી

(એજન્સી) તા.૧૦



મહુઆ મોઈત્રાએ રાહુલ ગાંધી પર ટી-શર્ટ વાળી ટિપ્પણી કરવા બદલ ભાજપને આડેહાથ લીધો હતો. તેમણે કહ્યું કે ભગવા પાર્ટીએ મર્યાદાઓ ન ઓળંગવી જોઈએ. તેણે સાવચેત થઈ જવાની જરૂર છે. મોઈત્રાએ ટ્વિટ કરી લખ્યું કે ભાજપને મારી ગંભીર સલાહ છે કે તે મર્યાદાઓ ન વટાવે અને વિપક્ષના અંગત વસ્ત્રો અને વસ્તુઓ પર ટિપ્પણીઓ કરવાનું બંધ કરે. યાદ રાખે કે જો અમે ભાજપ સાંસદોની ઘડિયાળ, કલમ, જૂતા, વીંટીઓ અને કપડાં સાથે આવું કરવાનું શરૂ કરીશું તો તમે એ દિવસથી પસ્તાશો, જ્યારે તમે આ ખેલ શરૂ કર્યું હતું. શુક્રવારે શિવસેના સાંસદ અને કોંગ્રેસના પૂર્વ નેતા પ્રિયંકા ચતુર્વેદીએ પણ ભાજપ પર કટાક્ષ કર્યો હતો કે વાહ! ટી-શર્ટનો ભાવ એટલી ફટાફટ શોધી કાઢ્યો, કદાચ આટલી જ જલદી દેશની જનતાએ આ સૂટ-બૂટ સરકાર ચૂંટી લાવવા બદલ ભોગવવાનો વારો આવી રહ્યો છે, તેનો હિસાબ કર્યો હોત તો સારું હોત! જ્યારે છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે કહ્યું કે કોંગ્રેસ જ્યારે દેશને એકજૂટ કરવા પ્રયાસ કરી રહી છે ત્યાં સત્તાધારી પાર્ટી હજુ પણ ટી-શર્ટ અને ખાકી શોર્ટ્સમાં ફસાયેલી છે. તેમણે મીડિયાને જણાવ્યું કે સૌથી મોટી ભારત જોડો યાત્રા વિરુદ્ધ કેન્દ્ર પાસે ફક્ત એક ટી-શર્ટ છે. ભાજપે સોશિયલ મીડિયા પર કોંગ્રેસ પર પ્રહાર કરતા દાવો કર્યો હતો કે ભારત જોડો યાત્રા દરમિયાન મોંઘવારીનો મુદ્દો ઊઠાવતા રહેતા રાહુલ ગાંધીએ શુક્રવારે ૪૧,૨૫૭ રૂપિયાની ટી-શર્ટ પહેરી હતી.

'૧૦૦૦ કરોડ રૂપિયાની માચિસની ડબ્બી' : નવા સચિવાલય ભવન અંગે ભૂપેશ બઘેલે ભાજપ પર નિશાન સાધ્યું

પત્રકારો સાથે વાત કરતાં ભૂપેશ બઘેલે કહ્યું કે, ભાજપે હજારો કરોડો રૂપિયા લગાવી દીધા અને શું બનાવ્યું... માચિસની ડબ્બી જેટલું સચિવાલય. જ્યારે પવન ચાલે ત્યારે બારીઓ ખખડે છે. આ તેમના ભ્રષ્ટાચારનું પ્રતીક છે

(એજન્સી) રાયપુર, તા.૧૦

છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે શુક્રવારેભાજપ પર નિશાન સાધતાં જણાવ્યું કે, હજારો કરોડો રૂપિયા રાષ્ટ્રીય રાજધાનીમાં નવા સચિવાલય બનાવવામાં લગાવી દીધા અને બનાવ્યું શું... માચિસની ડબ્બી. દરેક વખતે પવન ફૂંકાતા બારીઓનો અવાજ આવે છે. આ તેમના ભ્રષ્ટાચારનું પ્રતીક છે. બઘેલનું આ નિવેદન જેપી નડ્ડાની ટિપ્પણી પછી આવ્યું છે. રાયપુર પોલીસ લાઈનમાં સ્થિત હેલિપેડ પર પત્રકારો સાથે વાત કરતાં બઘેલે કહ્યું કે, ભાજપના અધ્યક્ષ રાજ્યમાં કોંગ્રેસ સરકારના વિકાસ મોડલનું અધ્યયન કરવા માટે છત્તીસગઢના પ્રવાસે ગયા હતા. ભારતીય જનતા પાર્ટી અમારા રાજ્યના મોડલને શીખવા માટે આવે છે. અમારી યોજનાઓને કેન્દ્રએ અપનાવી છે. ભાજપ એકલું નથી લડી રહ્યું તે ઈડી, આઈટી, સીબીઆઈ જેવી સંસ્થાઓનો ઉપયોગ પણ કરે છે. બઘેલે વધુમાં કહ્યું કે, ભાજપ પોતે વંશવાદની નીતિથી ગ્રસ્ત છે. વંશવાદની નીતિ પર જેપી નડ્ડાની ટિપ્પણીના સંબંધમાં સવાલના જવાબમાં બઘેલે કહ્યું કે, તેઓ પરિવારવાદ વિશે એકદમ સાચું બોલે છે. બસ્તરમાંથી ભાજપના દિવંગત નેતા બલિરામ કશ્યપના પુત્ર દિનેશ કશ્યપ(પૂર્વ સાંસદ) અને કેદાર કશ્યપ (પૂર્વ ધારાસભ્ય તથા મંત્રી), પૂર્વ મુખ્યમંત્રી રમનસિંહ અને તેમના પુત્ર પૂર્વ સાંસદ અભિષેક સિંહ ભાજપમાં વંશવાદના ઉદાહરણ છે. પછી રાજનાથ સિંહ અને તેમના પુત્ર, અમિત શાહ અને તેમના પુત્ર તથા વસુંધરા રાજે સિંધિયા અને તેમના પુત્ર તથા ભત્રીજા. પરિવારવાદ તો તેમને ત્યાં છે. આ પહેલાં ભાજપના પ્રમુખ જેપી નડ્ડાએ રાયપુરમાં નેતાઓ અને કાર્યકરો સાથે રોડશો કર્યો હતો અને કહ્યું કે, ભૂપેશ બઘેલ જેવા લોકો વિકાસની વિરૂદ્ધ છે અને માત્ર કોંગ્રેસની તિજોરી ભરવા માગે છે. આપણા આદિવાસી ભાઈઓની અહીં હત્યા થાય છે અને મુખ્યમંત્રી બઘેલ કેરળમાં રાહુલ ગાંધી સાથે છે.

૧૯૪૭માં પરિવારથી વિખૂટા પડેલા ભારતીય શીખે પાકિસ્તાની મુસ્લિમ બહેન સાથે ૭૫ વર્ષ પછી મુલાકાત કરી

(એજન્સી) તા.૧૦

જલંધરમાં રહેતા અમરજીત સિંહની ખુશીનો તે સમયે પાર ન રહ્યો જ્યારે તે ૧૯૪૭માં ભાગલા સમયે પોતાના પરિવારથી અલગ થયાના ૭૫ વર્ષ પછી કરતારપુરના ગુરૂદ્વારા દરબાર સાહિબમાં પોતાની પાકિસ્તાની મુસ્લિમ બહેનને મળ્યો. હાજર લોકોની આંખો પણ ભીની થઈ ગઈ. સિંહના મુસ્લિમ માતા-પિતા વિભાજનના સમયે પાકિસ્તાન જતા રહ્યા હતા જ્યારે તે અને તેમની બહેન ભારતમાં જ છૂટી ગયા હતા.

બુધવારે પાકિસ્તાનમાં પંજાબ રાજ્યના ગુરૂદ્વારા દરબાર સાહિબમાં વ્હીલચેર પર બેઠેલા સિંહની તેમની બહેન કુલસુમ અખ્તરની સાથે મુલાકાત દરમ્યાન બધાની આંખો ભીની થઈ ગઈ. સિંહ પોતાની બહેનને મળવા માટે વીઝા લઈને વાઘા બોર્ડરના માર્ગથી પાકિસ્તાન પહોંચ્યા. ૬૫ વર્ષીય કુલસુમ પોતાના ભાઈને જોઈને ભેટી પડી અને રડવા લાગી.

કુલસુમ પુત્ર શહજાદ અહેમદ અને પરિવારના અન્ય સભ્યોની સાથે પોતાના ભાઈથી મળવા માટે ફેસલાબાદથી કરતારપુર પહોંચી હતી. કુલસુમે જણાવ્યું કે તેના માતા-પિતા ૧૯૪૭મા જલંધરના એક ઉપનગરથી પાકિસ્તાન જતા રહ્યા હતા જ્યારે તેમના ભાઈ અને એક બહેન ત્યાં જ છૂટી ગયા હતા.

કુલસુમે જણાવ્યું કે તે પાકિસ્તાનમાં જન્મી હતી અને ભારતમાં છૂટી ગયેલા પોતાના ભાઈ અને બહેન વિશે પોતાની મા પાસે સાંભળતી હતી. તેમને આશા હતી કે તે કયારેય પોતાના ભાઈ અને બહેનથી મળી શકશે.

તેમણે જણાવ્યું કે થોડાક વર્ષ પહેલા તેમના પિતાના એક

મિત્ર સરદાર દારાસિંહ ભારતથી પાકિસ્તાન આવ્યા અને તેમની સાથે પણ મુલાકાત કરી. તેમણે જણાવ્યું કે આ દરમયાન તેમની માએ સરદાર સિંહને તેમના ગામ અને નામ અને અન્ય માહિતી પણ આપી. ત્યારબાદ દારાસિંહ તે ગામ ગયા અને તેમની માને સૂચિત કર્યું કે તેમનો દીકરો જીવે છે પરંતુ તેમની દિકરી મરી ગઈ. તેમના પુત્રનું નામ અમરજીતસિંહ છે. જેને ૧૯૪૭માં એક શિખ પરિવારે દત્તક લીધો હતો. સિંહે જણાવ્યું કે જ્યારે તેમને પ્રથમ વખત જાણવા મળ્યું કે તેમના વાસ્તવિક માતા-પિતા મુસ્લિમ છે અને પાકિસ્તાનમાં છે તો આ તેમના માટે આંચકો હતો. સિંહે જણાવ્યું તે હંમેશાથી પોતાના સગી બહેન અને ભાઈઓને મળવા ઈચ્છતા હતા. તેમણે જણાવ્યું કે તેમને આ જાણીને ખુશી થઈ કે તેમના ત્રણ ભાઈ જીવિત છે. જો કે એક ભાઈ જે જર્મનીમાં હતા તેમનું અવસાન થઈ ગયું છે.

બજરંગ દળ, વિશ્વ હિન્દુ પરિષદના દબાણ હેઠળ કોમેડિયન કુણાલ કામરાનો ગુડગાંવ શો રદ કરવામાં આવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

ગુડગાંવમાં બારના મેનેજમેન્ટે જમણેરી જૂથો બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદ (VHP)ના કથિત દબાણ હેઠળ આ સમાહના અંતે યોજાનારા સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરાનો શો રદ કરવાનો નિર્ણય લીધો છે. ઈન્ડિયન એક્સપ્રેસે અહેવાલ આપ્યો છે કે, સ્ટુડિયો Xo બાર, જ્યાં કામરા ૧૭ અને ૧૮ સપ્ટેમ્બરના રોજ પ્રદર્શન કરવાના હતા, તેણે અખબારને જણાવ્યું કે બજરંગ દળના બે સભ્યોએ આ શો સામે વાંધો ઉઠાવ્યો હતો અને તેને વિક્ષેપિત કરવાની ધમકી આપી હતી. તેઓએ કોમેડિયન પર "હિંદુ વિરોધી" હોવાનો આરોપ મૂક્યો હતો, જો કે કામરાએ આ દાવાઓને ફગાવી દીધા હતા. જમણેરી જૂથોના વાંધા બાદ કામરાના ઘણા શો ભૂતકાળમાં પણ રદ કરવામાં આવ્યા છે. સ્ટુડિયો Xo બારના જનરલ મેનેજર સાહિલ દવરાએ જણાવ્યું હતું કે, અમે આ શો રદ કરવાનો નિર્ણય લીધો છે કારણ કે અમે મુશ્કેલી ઊભી કરવા ઈચ્છતા નથી. બજરંગ દળના બે માણસો આવ્યા હતા અને તેઓએ આ શોમાં વિક્ષેપ પાડવાની ધમકી આપી હતી. તેઓએ આ શો સામે વાંધો ઉઠાવ્યો અને કહ્યું હતું કે તેઓ આ શો થવા દેશે નહીં. મેં માલિકો, પોલીસ અને હાસ્ય કલાકાર સાથે વાત કરી હતી અને હું મારી કંપની અને સંસ્થા પર કોઈ જોખમ ઈચ્છતો નથી... તેથી અમે આ શો રદ કરવાનો નિર્ણય લીધો છે. પરંતુ સૂત્રોએ જણાવ્યું કે બે સંગઠનોના ઓછામાં ઓછા છ-સાત સભ્યો આ બારમાં ગયા હતા અને મેનેજમેન્ટને શો રદ કરવા કહ્યું હતું. જો કે, મેનેજમેન્ટે આ મામલે પોલીસમાં કોઈ ફરિયાદ નોંધાવી નથી. તેમણે કહ્યું કે, અમે પોલીસમાં કોઈ ફરિયાદ નોંધાવી નથી. અમે ટિકિટિંગ કંપનીને પત્ર લખ્યો છે અને શોને રદ કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. ૯ સપ્ટેમ્બર, શુક્રવારની બપોરે, બજરંગ દળ અને VHPના સભ્યોએ ગુડગાંવના ડેપ્યુટી કમિશનરને એક મેમોરેન્ડમમાં દાવો કર્યો હતો કે કામરા તેમના શોમાં હિંદુ

દેવતાઓની મજાક ઉડાવે છે અને તેઓએ આ શોને રદ કરવાની વિનંતી કરી હતી.

મેમોરેન્ડમમાં લખ્યું છે કે, કુણાલ કામરા નામનો એક કલાકાર ૧૭ સપ્ટેમ્બરે સેક્ટર ૨૯ ગુડગાંવમાં સ્ટુડિયો Xo બારમાં એક શોનું આયોજન કરી રહ્યો છે. આ વ્યક્તિ તેના શોમાં હિંદુ દેવતાઓની મજાક ઉડાવે છે. આ અંગે અગાઉ તેની સામે એફઆઈઆર પણ દાખલ કરવામાં આવી છે. આ શોને કારણે ગુડગાંવમાં પરિસ્થિતિ ખરાબ થઈ શકે છે. માટે આપને વિનંતી કરવામાં આવે છે કે આ શોને તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે, અન્યથા બજરંગ દળ અને વિશ્વ હિંદુ પરિષદના કાર્યકરો તેનો વિરોધ કરશે. બજરંગ દળના જિલ્લા સંયોજક પ્રવીણ સૈની ઉર્ફે પ્રવીણ હિન્દુસ્તાનીએ જણાવ્યું હતું કે, અમે બારના મેનેજમેન્ટને મળ્યા હતા અને તેમને શો રદ કરવા જણાવ્યું હતું... આવા કલાકારો, જેઓ હિંદુ આસ્થા પર હુમલો કરે છે, તેમને ગુડગાંવમાં પ્રદર્શન કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. અને આવા કોઈપણ અપમાનને સહન કરવામાં આવશે નહીં. અમે મેજિસ્ટ્રેટને એક મેમોરેન્ડમ આપ્યું છે અને તેમને શો રદ કરવા વિનંતી કરી છે કારણ કે તે સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડી શકે છે અને સંભવિત કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખરાબ થઈ શકે છે. VHP પ્રવક્તા વિનોદ બંસલે ટ્વિટર પર લખ્યું કે, વાણી સ્વતંત્રતાના નામે, કેટલાક કલાકારો આ કલાનો સંપૂર્ણપણે નાશ કરવા માંગે છે. અમે કામરાને ક્યાંય પણ પરફોર્મ કરવા દઈશું નહીં. અમે લોકતાંત્રિક રીતે વિરોધ કરીશું અને આવા લોકોને શીખવીશું કે હિંદુ ભાવનાઓનું સન્માન કરવું જોઈએ. જ્યારે ધ વાયરે કામરા સાથે વાત કરી ત્યારે તેમણે કહ્યું કે, હું છેલ્લા પાંચ વર્ષથી મારી ટિપ્પણી કરી રહ્યો છું અને મારી પાસે આ વિશે કહેવા માટે કોઈ શબ્દો નથી. ટ્વિટર પર, કામરાએ કહ્યું કે જમણેરી જૂથો દ્વારા કરવામાં આવેલા દાવાઓને સમર્થન આપવા માટે કોઈ પુરાવા નથી. આપણામાંથી માત્ર ૧૨ લોકો ઈચ્છતા નથી કે આ શો થાય અને અન્ય ૫૦૦ લોકોએ ટિકિટ લીધી છે. તો હવે અધિકારીઓએ શું કરવું જોઈએ ?

હિંદુ જમણેરી જૂથોના દબાણ પછી બેંગલુરુ અને દિલ્હીમાં સ્ટેન્ડ-અપ કોમેડિયન મુનવર ફારુકીના શો રદ થયાના અઠવાડિયા પછી આવું થયું છે. તેઓએ ફારુકી સામે પણ એ જ દાવો કર્યો હતો કે તે હિંદુ દેવી-દેવતાઓનું અપમાન કરે છે. કામરા અવારનવાર વર્તમાન ભારતીય જનતા પાર્ટી સરકાર અને તેના સમર્થકોના લક્ષ્ય બને છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં, જો શો યોજવામાં આવે તો જમણેરી જૂથો દ્વારા 'સ્થળ બંધ કરવાની' 'ધમકી'ને કારણે બેંગલુરુમાં કામરાના બહુવિધ શો રદ કરવામાં આવ્યા હતા. કામરાએ ટ્વિટર પર તેના શો રદ કરવા પર પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કેઃ શો બે કારણોસર રદ કરવામાં આવ્યા છે. સૌપ્રથમ, અમને સ્થળ પર ૪૫થી વધુ લોકોને બેસવા માટે વિશેષ પરવાનગી મળી ન હતી. બીજું, જો હું ક્યારેય ત્યાં પ્રદર્શન કરીશ તો સ્થળને બંધ કરી દેવાની ધમકી આપવામાં આવી છે. હું માનું છું કે આ પણ COVID પ્રોટોકોલ અને નવી માર્ગદર્શિકાનો એક ભાગ છે. હું માનું છું કે મને હવે વાયરસના એક પ્રકાર તરીકે જોવામાં આવે છે.

અમેરિકામાં ફરી એકવાર ગોળીબાર કરવાની ઘટના સામે આવી

મેરિલેન્ડમાં ઘરમાં ઘૂસી ગોળીબાર, ત્રણ બાળક સહિત પાંચ લોકોની હત્યા

બાલ્ટીમોરના ઉત્તર-પૂર્વમાં અંદાજે ૯૭ કિલોમીટર અને ડેલાવેયર સ્ટેટ લાઈનના કેટલાક માઈલ પશ્ચિમમાં જંગલ વિસ્તારથી ઘેરાયેલા ઘરોના એક વિસ્તાર કુલ-ડી-સૈકમાં થઈ હતી

(એજન્સી) મેરિલેન્ડ,તા.૯

અમેરિકામાં ફરી એકવાર ગોળીબાર કરવાની ઘટના સામે આવી છે. જેમાં મેરિલેન્ડમાં શુક્રવારે એક ઘરમાં ઘૂસીને ૫ લોકોની હત્યા કરવામાં આવી છે. એક મહિલા, એક પુરૂષ સહિત ૩ બાળકોને ગોળી મારી મોતને ઘાટ ઉતારી દીધા છે. એટલું જ નહીં, ૯૧૧ પર ફોન કરીને તે શખ્સે પોલીસને ગોળીબારની ઘટના વિશે જાણકારી આપી હતી. સેસિલ કાઉન્ટીના શેરિફ સ્કોટ એડમ્સે જણાવ્યું હતું કે, ઈલ્ક મિલ્સ સ્થિત બે માળના ઘરમાં સવારે એક મહિલા, એક પુરૂષ અને ત્રણ બાળકોના મૃતદેહ મળ્યા હતા. આ ત્રણેય ક્રમશ) પમા, ૭મા અને ૮મા ધોરણમાં ભણતા હતા. અધિકારીઓએ મૃતકોની ઓળખ જાહેર નહોતી કરી, પરંતુ લોકોને વિશ્વાસ અપાવ્યો હતો કે તે બધા સુરક્ષિત છે. બાલ્ટીમોરના ઉત્તર-પૂર્વમાં અંદાજે ૯૭ કિલોમીટર અને ડેલાવેયર સ્ટેટ લાઈનના કેટલાક માઈલ પશ્ચિમમાં જંગલ વિસ્તારથી ઘેરાયેલા ઘરોના એક વિસ્તાર કુલ-ડી-સૈકમાં થઈ હતી. એડમ્સે કહ્યુ હતુ કે, આ એક ભયાનક દિવસ છે. આ ઘટનાથી ચિંતિત અને પરેશાન લોકો સતત મને ફોન કરી રહ્યા છે. આ એક દુઃખની વાત છે અને આવી ઘટના સેસિલ કાઉન્ટીમાં બને તે નાની વાત નથી. આ ઘટના ખરેખર દુઃખદ અને ભયાનક છે. અન્ય એક અધિકારીએ કહ્યુ હતુ કે, સવારે ૯ વાગ્યે એક વ્યક્તિ ફોન કરીને ઘરે બોલાવ્યા હતા. જેણે કહ્યુ હતુ કે, ત્રણ બાળક સહિત એક મહિલાની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. જ્યારે પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ત્યારે ત્રણ બાળક, એક મહિલા સહિત અન્ય એક વ્યક્તિ પણ મૃત મળ્યો હતો. મૃતક વ્યક્તિ પાસે એક સેમી ઓટોમેટિક હેન્ડગન પડી હતી. જો કે, હજુ સુધી હત્યા કેમ કરવામાં આવી છે તે અંગે કોઈ વિગત બહાર આવી નથી. આ મામલે શેરિફે કંઈપણ કહેવાનો ઈનકાર કર્યો હતો. અધિકારીઓએ આ મામલે કહ્યુ હતુ કે, ઘરમાં અલગ અલગ જગ્યાએ મૃતદેહ પડ્યા હતા. ત્યાં ટોમ ડ્રિસ્કોલ નામના એક પાડોશીએ કહ્યુ હતુ કે, છેલ્લા ૫ વર્ષથી અહીં આ દંપતી ત્રણ બાળક સાથે રહેતું હતું. તેમના બાળકો તો મોટેભાગે હોસ્ટેલમાં રહેતા હતા. ક્રિસમસ કે અન્ય કોઈ રજાના દિવસે તેઓ આવતા હતા. અધિકારીઓએ કહ્યું હતું કે, ત્રણ બાળકમાં બે દીકરી અને એક દીકરો હતો.

'મૃતક આતંકવાદીની અંતિમ વિધિ (નમાઝ એ જનાઝા પઢવી) કરવી એ રાષ્ટ્રવિરોધી નથી': જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટે ૧ સપ્ટેમ્બરના રોજ ચુકાદો આપ્યો હતો કે માર્યા ગયેલા આતંકવાદી માટે મોટી સંખ્યામાં લોકો અંતિમ સંસ્કારની નમાઝ અદા કરે છે તેને 'રાષ્ટ્રવિરોધી' પ્રવૃત્તિ ગણી શકાય નહીં અને આ તેમના અંગત કાર્યોથી સંબંધિત છે જે બંધારણની કલમ ૨૧ દ્વારા બાંયધરી આપેલ સ્વતંત્રતા છે. કોર્ટની આ ટિપ્પણી ત્યારે કરવામાં આવી જ્યારે સરકાર દ્વારા બે અરજદારોને વિશેષ ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) કોર્ટ દ્વારા જામીન આપવા સામે દાખલ કરવામાં આવેલી બે અપીલની સુનાવણી કરી રહી હતી. અ આદેશ એવા સંજોગોમાં પણ આવ્યો છે જ્યારે J&K સરકારે સશસ્ત્ર આતંકવાદીઓના મૃતદેહો તેમના પરિવારોને સોંપવાનું બંધ કરી દીધું છે અને કોવિડ-૧૯ની ચિંતાઓને ટાંકીને તેમને દૂરના સ્થળોએ દફનાવી રહી છે. ૨૦૨૦માં, લગભગ ૧૪૦ આતંકવાદીઓને આવા સ્થળોએ દફનાવવામાં આવ્યા હતા. ધ વાયરના ઉમર મકબૂલ દ્વારા ૨૦૨૦ના એક અહેવાલમાં કહ્યું હતું કે ૧૦૦થી વધુ આતંકવાદીઓને કબ્રસ્તાનમાં ગુપ્ત રીતે દફનાવવામાં આવ્યા હતા કારણ કે સુરક્ષા દળોનું માનવું હતું કે જો વસ્તીવાળા વિસ્તારોમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે તો કાશ્મીરમાં કાયદો અને વ્યવસ્થાની સમસ્યા સર્જાઈ શકે છે. જો કે ખીણમાં પોલીસ દ્વારા આતંકવાદીઓના અંતિમ સંસ્કારમાં હાજરી આપવાના કિસ્સાઓ પણ નોંધાયા છે. ગયા વર્ષે નવેમ્બરમાં સુરક્ષા દળો દ્વારા સ્થાનિક હિઝબુલ મુજાહિદ્દીન આતંકવાદી મુદાસિર જમાલ વાગેની હત્યા બાદ, મોહમ્મદ યુસુફ ગનાઈએ કુલગામના ગામમાં કથિત રીતે માર્યા ગયેલા આતંકવાદી માટે 'ગૈબાના નમાઝે જનાઝા' (ગેરહાજરીમાં અંતિમ સંસ્કાર) કરવા માટે ગ્રામજનોને ઉશ્કેર્યા હતા. આ ઉશ્કેરણી પર, મસ્જિદ શરીફના ઈમામ જાવેદ અહમદ શાહે જનાઝા અદા કરી હતી. એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે જનાઝાની નમાઝ દરમિયાન હાજર

રહેલા લોકોની લાગણીઓને ઉશ્કેરવામાં આવી હતી અને તેમને આઝાદી સુધી સંઘર્ષ ચાલુ રાખવા માટે વિનંતી કરવામાં આવી હતી. એ પછી દેવસર પોલીસ સ્ટેશનમાં બે ઉત્તરદાતાઓ સહિત ૧૦ વ્યક્તિઓ સામે પ્રથમ માહિતી અહેવાલ (FIR) નોંધવામાં આવ્યો હતો અને તેમની સામે UAPAની કલમ ૧૩ હેઠળ ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. વિશેષ ન્યાયાધીશ, અનંતનાગે, અનુક્રમે આ વર્ષની ૧૧ અને ૨૬ ફેબ્રુઆરીએ બે અલગ-અલગ અરજદારોને જામીન આપ્યા હતા. સરકાર-અપીલકર્તાએ દલીલ કરી હતી કે UAPA કોર્ટે જામીન આપતી વખતે એ ધ્યાનમાં લીધું ન હતું કે તમામ આરોપીઓને આ ગુનાના સાથે જોડવા માટે પૂરતા પુરાવા ઉપલબ્ધ છે. વધુમાં, સરકારે દલીલ કરી હતી કે પોલીસની કેસ ડાયરીમાં ગુનાહિત સામગ્રી સ્પષ્ટપણે ગુનામાં આરોપીઓની સંડોવણીને સ્પષ્ટપણે સાબિત કરે છે. સરકારના વકીલે કહ્યું હતું કે UAPAની કલમ ૪૩-D આરોપીઓને જામીન આપવા પર પ્રતિબંધ મૂકે છે. UAPAની કલમ ૪૩-D હેઠળનો સંબંધિત મુદ્દો એ છે કેઃ ...આ અધિનિયમના પ્રકરણ IV અને VI હેઠળ સજાપાત્ર અપરાધનો આરોપી કોઈપણ વ્યક્તિ, જો કસ્ટડીમાં હોય, તો તેને જામીન પર અથવા બોન્ડ પર છોડવામાં આવશે નહીં સિવાય કે સરકારી વકીલ આવી મુક્તિ માટેની અરજી પર સુનાવણી કરવાની તક આપવામાં આવી હોય. જો કે, કોર્ટે કહ્યું હતું કે UAPAના પ્રકરણ ૪ અને ૫ આતંકવાદી પ્રવૃત્તિઓના આરોપો અને અંતિમ સંસ્કારની નમાઝ સાથે સંબંધિત છે. ન્યાયમૂર્તિ અલી મોહમ્મદ મેગ્રે અને એમ.ડી. અકરમ ચૌધરીની બેન્ચે જણાવ્યું હતું કે ટ્રાયલ કોર્ટ બે પ્રતિવાદીઓને જામીન આપવાના તેના આદેશમાં સાચા હતા અને નોંધ્યું હતું કે વ્યક્તિગત સ્વતંત્રતા એ બંધારણ હેઠળ બાંયધરી આપવામાં આવેલો સૌથી મૂલ્યવાન અધિકાર છે. મોટા પ્રમાણમાં લોકો દ્વારા માર્યા ગયેલા આતંકવાદીની અંતિમ સંસ્કારની નમાજ પઢવા આવે છે, અહીં ઉત્તરદાતાઓના કહેવા મુજબ તે રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ હોવાનું માની શકાય નહીં. ભારતના બંધારણની કલમ ૨૧ હેઠળ બાંયધરી આપવામાં આવેલી તેમની વ્યક્તિગત સ્વતંત્રતાથી તેમને વંચિત કરી શકાય નહીં. કોર્ટે નોંધ્યું હતું કે તપાસ દરમિયાન પ્રતિવાદીઓ પાસેથી અપરાધજનક કંઈ મળ્યું નથી જેથી તેમને જામીન આપવાનો ઈનકાર ન કરી શકાય. સ્પેશિયલ જજ, અનંતનાગના આદેશમાં દખલ કરવા માટે તેને કોઈ કારણ મળ્યું નથી તેવી ટિપ્પણી કરીને કોર્ટે સરકારની બંને અપીલોને ફગાવી દીધી હતી. J&K વહીવટીતંત્ર તાજેતરમાં જ પ્રતિબંધિત સંગઠનોના સભ્યો સાથે કુટુંબ અથવા અન્ય જોડાણો ધરાવતા સરકારી કર્મચારીઓને દંડ કરી રહ્યું છે. ઓગસ્ટમાં, જમાત-એ-ઈસ્લામી અને અન્ય જૂથો સાથે સંબંધ હોવાના આરોપસર લગભગ ત્રણ ડઝન કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા પછી, વહીવટીતંત્રે ભારતીય બંધારણની કલમ ૩૧૧ હેઠળ પ્રોફેસર અને વૈજ્ઞાનિક સહિત વધુ ચાર કર્મચારીઓને કોઈપણ જાતની ન્યાયી પ્રતિનિધિત્વની તક આપ્યા વિના પૂછપરછ કર્યા વિના કાઢી મૂક્યા હતા.

વડોદરા રેલવે ડિવિઝન સલાહકાર સમિતિની મીટિંગમાં વિવિધ પ્રશ્નોની રજૂઆત

વડોદરા વિશ્વામિત્રી, પાલેજ, ભરૂચ અને અંકલેશ્વર રેલવે સ્ટેશન અંગેનાં પડતર પ્રશ્નોની માહિતી રજૂ કરાઈ

પાલેજ, તા.૧૦

વડોદરા પ્રતાપનગર ખાતે ડીઆરએમ કચેરી ખાતે વડોદરાથી માંડી વિશ્વામિત્રી, પાલેજ, ભરૂચ અને અંકલેશ્વર રેલવે સ્ટેશનોને લગતાં પ્રશ્નો વિશે ડીઆરએમ સમક્ષ ડીઆરયુસીસી મેમ્બર મોહમ્મદ હબીબ લોખંડવાલાએ વિસ્તૃત રજૂઆત કરી હતી. જેમાં પાલેજ રેલવે સ્ટેશને ગુજરાત એક્સપ્રેસ ટ્રેન આઠ વર્ષ પૂર્વે સ્ટોપેજ મળ્યું હતું. જે કોરોના પછી ટ્રેન વ્યવહાર ચાલું થતાં રદ કરવામાં આવ્યું છે. આ ટ્રેનનું સ્ટોપેજ પુનઃ ચાલું કરવા માંગ કરી હતી. ભરૂચ રેલવે સ્ટેશને પૂર્વ અને પશ્ચિમ તરફથી પ્લેટફોર્મ પર જવા માટે લિફ્ટ અથવા એક્સલેટરની સુવિધા મળે એવી રજુઆત કરવામાં આવી હતી. અંકલેશ્વર રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નંબર ૧/૨/૩ પર સુરત તરફનાં છેડે સેડની સુવિધા નાં હોવાંના કારણે વરસાદ અને ગરમીનાં સમયે મુસાફરોને મુશ્કેલી પડતી હોવાની પણ રજૂઆત કરવામાં આવી હતી. વિશ્વામિત્રી રેલવે સ્ટેશને મુસાફરોનાં વાહનો પાર્કિંગની સુવિધા નથી. અહીં મુસાફરો પોતાનાં જોખમે વાહનો પાર્ક કરવાં મજબૂર બન્યાં છે. વડોદરા રેલવે સ્ટેશને પ્લેટફોર્મ નંબર એક ઉપરથી પ્લેટફોર્મ નંબર ૨/૩/૪/૫/ અને ૬ ઉપર જવા માટે વયોવૃદ્ધ તેમજ વિકલાંગોને ઘણી મુશ્કેલી પડી રહી છે. અહીં એક્સલેટરની સુવિધાની માંગણી કરવામાં આવી હતી. રેલવે ડીઆરએમ વડોદરાએ ઉપરોક્ત રેલવે સ્ટેશનોને લગતાં પડતર પ્રશ્નો અંગે ઉકેલની દિશામાં ચાલતી કામગીરી અંગે સભ્યને માહિતી આપી હતી તેમજ પડતર પ્રશ્નોનાં ઉકેલ માટે આશ્વાસન આપ્યું હતું.

વિધાનસભાની ચૂંટણી પહેલા તંત્ર કામે લાગ્યું

ખેડા જિલ્લામાં ૪૨ નાયબ મામલતદાર અને ૨૩ ક્લાર્કની આંતરિક બદલી

નડિયાદ, તા.૧૦

ખેડા જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી પહેલા ૪૨ ના. મામલતદાર અને ૨૩ ક્લાર્કની આંતરિક બદલી જિલ્લા કલેકટર દ્વારા કરી દેવામા આવી છે. ચૂંટણી પહેલા આંતરિક બદલીનો દોર શરૂ થતાં ચૂંટણીની જાહેરાત આગામી દિવસોમાં થાય તો નવાઈ નહી રહે.

વિધાનસભાની ચૂંટણી માટે રાજકારણી લોકો સજ્જ થઈ ગયા છે. તો બીજી બાજુ વહીવટી તંત્ર પણ તેની કામગીરીમા લાગી ચૂક્યું છે. ખેડા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ દિશામાં કાર્યવાહી પણ આરંભી દીધી છે. જેના ભાગરૂપે પૂર્વ તૈયારી રૂપ આયોજનબદ્ધ કામગીરી માટે પહેલી સપ્ટેમ્બરથી ૩૧ જાન્યુઆરી ૨૦૨૩ સુધી વધારાની હંગામી જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે હાલમાં કારકુનની ઉપલબ્ધિ લક્ષ્મા લેતા ખેડા જિલ્લા મહેસુલી મહેકમ ફરજ બજાવતા ૨૩ જેટલા ક્લાર્કની જાહેર સેવાના હિત માટે વહીવટી કારણોસર આંતરિક બદલી કરી દેવામાં આવી છે.

સામાન્ય ચૂંટણીઓ ના સરળ સંચાલન માટે જિલ્લા, તાલુકા, ચૂંટણી અધિકારીની કચેરીઓ ખાતે વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ માટે વધારાનું હંગામી મહેકમ મંજૂર થયેલ છે. જેમાં ૪૨ જેટલા નાયબ મામલતદારો જાહેર સેવાના હિત માટે વહીવટી કારણોસર આંતરિક બદલી કરી દેવામાં આવી છે. આ નાયબ મામલતદારોમા એ. જી. મોમીન નાયબ મામલતદાર ડિઝાસ્ટરએ નાયબ મામલતદાર નાઅપ શાખાનો વધારાનો હવાલો પોતાની મૂળ ફરજો ઉપરાંત સંભાળવાનો રહેશે. ઉપરાંત શ્રદ્ધા એચ. ગઢવી નાયબ મામલતદાર રજીસ્ટ્રી એ નાયબ મામલતદાર રેકોર્ડનો વધારાનો હવાલો પોતાની મૂળ ફરજો ઉપરાંત સંભાળવાનો રહેશે. બદલીથી ખાલી પડતી તમામ જગ્યાઓનો ચાર્જની આંતરિક વ્યવસ્થા કચેરીના વડાએ કરવાની રહેશે.

વિરમગામના બજારો બંધ કરાવવા જતાં કોંગ્રેસ ધારાસભ્ય લાખાભાઈ સહિત હોદ્દેદારોની અટકાયત

(સંવાદદાતા દ્વારા)

વિરમગામ, તા.૧૦

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા સમગ્ર ગુજરાતમાં મોંઘવારી અને બેરોજગારીના વિરોધમાં સવારે ૮થી ૧૨ વાગ્યા સુધી બંધનું એલાન આપવામાં આપ્યું હતું ત્યારે વિરમગામ ધારાસભ્ય લાખાભાઈ ભરવાડ અને શહેર કોંગ્રેસના હોદ્દેદારો તથા કાર્યકરો દ્વારા વિરમગામ શહેરના ગોલવાડી દરવાજા પાસે વહેપારીઓને દેશની વધતી મોંઘવારી અને બેરોજગારીના મુદ્દે કોંગ્રેસ સમિતિ દ્વારા આપેલ બંધના એલાનને પગલે સાથ સહકાર આપી સ્વેચ્છાએ બજાર બંધ કરવા અપીલ કરવા જતા વિરમગામ ટાઉન પોલીસ દ્વારા વિરમગામ કોંગ્રેસ ધારાસભ્ય લાખાભાઈ ભરવાડ સહિત હોદ્દેદારોને ડીટેન કરી અને વિરમગામ ટાઉન પોલીસ મથક ખાતે લઈ જવામાં આવ્યા હતા. ધારાસભ્ય લાખાભાઈ ભરવાડ દ્વારા આ મુદ્દે તીખી પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે ભાજપની સરકારમાં મોંઘવારીએ માઝા મુકી છે તેમજ શિક્ષિત બેરોજગારી, યુવા બેરોજગારીના લીધે ગુજરાતની અને દેશની જનતા ત્રાહીમામ પોકારી ઉઠી છે. મોંઘવારી, બેરોજગારી અને GSTથી પીડાતા વહેપારીઓ અને આમ ગુજરાતની જનતા આવનારા દિવસોમાં જયારે ચૂંટણી થવાની છે ત્યારે આ બધાના નિરાકરણ માટે ગુજરાતની પ્રજા ભારતીય જનતા પાર્ટીની સરકારને ચોક્કસ જવાબ આપશે

કોડીનારમાં કોંગ્રેસ દ્વારા અપાયેલા બંધના એલાનનું સૂરસૂરિયું

કોડીનાર, તા.૧૦

છેલ્લા ઘણા સમયથી મોંઘવારી બેકાબૂ બની હોય મધ્યમ અને ગરીબ વર્ગોનું જીવન જીવવું દુષ્કર થઈ રહ્યું હોય તેમજ ઈંધણમાં ભાવ વધારા અને બેરોજગારી સહિતના મુદ્દે સરકાર સામે વિરોધ વ્યક્ત કરવા કોંગ્રેસ દ્વારા અપાયેલા અર્ધો દિવસના બંધના એલાનનું કોડીનારમાં સૂરસૂરિયું થયું હતું. તેમજ ભાવ વધારા અને સોમનાથ-ભાવનગર નેશનલ હાઈવેના કામ બાબતે કોડીનારના કોંગ્રેસના ધારાસભ્ય મોહનભાઈવાળા સહિતના કોંગી આગેવાનોએ બાયપાસ નજીક રસ્તા રોકી સરકાર વિરૂદ્ધ સૂત્રોચાર કરતા પોલીસે ધારાસભ્ય સહિતના તમામ કોંગી કાર્યકર્તાઓની અટકાયત કરી હતી.

કોડીનાર બંધના એલાન વચ્ચે ગીર સોમનાથ કોંગ્રેસ સમિતિ નામના વોટ્સએપ ગ્રુપમાં એક કોંગ્રેસી કાર્યકર્તાએ વહેલી સવારના બંધ દુકાનોના ફોટા પાડી ગૃપમાં વાઈરલ કરતા અન્ય કોંગ્રેસી કાર્યકર્તાઓએ ખોટા ફોટાઓ મૂકી લોકોને મૂર્ખ બનાવવાનું બંધ કરવા અને પાર્ટી વિરૂદ્ધ લખવા સહિતની ટિપ્પણીઓ કરતા કોંગ્રેસના ગૃપમાં કાર્યકર્તાઓ વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ હતી.

વડોદરા પોલીસ વિભાગમાં આંતરિક બદલીનો દોર ચાલુ, ૬ પી.આઈ.ની બદલી

વડોદરા, તા.૧૦

વડોદરામાં પોલીસ વિભાગમાં આંતરિક બદલીનો દોર ચાલુ છે. તાજેતરમાં ૬ પોલીસ ઇન્સ્પેક્ટરની આંતરિક બદલી કરી દેવામાં આવી છે. બદલીમાં ગોત્રીના પીઆઈ વી.આર.વાણિયાને મકરપુરા પોલીસ મથકમાં મૂકવામાં આવ્યા છે. તાજેતરમાં એક કેસમાં મકરપુરા પીઆઇ વિવાદમાં આવતા તેઓ સહિત અનેકને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા અને તેમની જગ્યાએ અન્યને ચાર્જ સોંપવામાં આવ્યો હતો.

૬ પીઆઇની બદલીમાં પાંચ પીઆઇને એક પોલીસ મથકમાંથી અન્ય પોલીસ મથકમાં મૂકવામાં આવ્યા છે. જ્યારે એમ.કે.ગુર્જરને લિવ રિઝવ પોલીસ કંટ્રોલ રૂમમાંથી ગોત્રી પોલીસ મથકમાં મૂકવામાં આવ્યા છે. તો માંજલપૂર પોલીસ મથકના પીઆઇને ગતરાત્રે થયેલી માથાકૂટ નડી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. ચૂંટણી નજીક આવતા ઉચ્ચ પોલીસ અધિકારીઓની બદલીના ઓર્ડર પણ ટૂંક સમયમાં થઈ શકે છે તેવું સૂત્રોએ ઉમેર્યું છે.

કોંગ્રેસે મોંઘવારી મુદ્દે આપેલા બંધના પગલે પાવીજેતપુર સજ્જડ બંધ

(તસવીર : આશીફ ખત્રી, પાવીજેતપુર)

(સંવાદદાત દ્વારા)

પાવીજેતપુર, તા.૧૦

પાવીજેતપુરમાં કોંગ્રેસે મોંઘવારીના મુદ્દે આપેલા બંધના પગલે વેપારીઓએ સજ્જડ બંધ પડી કોંગ્રેસને સમર્થન કર્યું હતું.

મોંઘવારીના મુદ્દે ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ જગદીશ ઠાકોરે ૧૦ સપ્ટેમ્બરના રોજ સવારે ૮:૦૦થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી ગુજરાત બંધનું એલાન કર્યું હતું. તેમાં પાવીજેતપુર કોંગ્રેસ પણ મોંઘવારીના વિરોધમાં રસ્તા પર ઊતરી હતી. એક તરફ મોંઘવારી ચરમસીમા ઉપર પહોંચી છે દરેક વસ્તુના ભાવ આસમાને છે ત્યારે આજે કોંગ્રેસે આમ જનતાને પણ સ્વેચ્છિક રીતે આ મોંઘવારીના વિરોધ પ્રદર્શનમાં જોડાવા માટે આહ્વાન કર્યું હતું, ત્યારે આજ રોજ પાવીજેતપુરમાં પણ વેપારીઓએ બંધ રાખી સમર્થન કર્યું હતું, પાવજેતપુર કોંગ્રેસના આગેવાન રાજુભાઈ રાઠવા તેમના કાર્યકર્તાઓ સાથે ગામમાં નીકળીને એકલ-દોકલ જે દુકાનો ખુલ્લી હતી. તેમને બંધ કરવાનું આહ્વાન કર્યું હતું. ત્યારે એ વેપારીઓ પણ બંધ કરીને સમર્થન કર્યું હતું, કોંગ્રેસ કાર્યકર્તાઓએ પાવીજેતપુર હાઈસ્કૂલ અને કોલેજને બંધ કરવાનું કહેતા શાળા અને કોલેજ પણ બંધ કરવામાં આવી હતી.

આમ કોંગ્રેસે આપેલા ગુજરાત બંધને પાવીજેતપુરના વેપારીઓએ દુકાનો બંધ રાખી મોંઘવારીના મુદ્દે કોંગ્રેસને સમર્થન કરતા કોંગ્રેસને સારો પ્રતિસાદ મળ્યો હતો.

દહેજ રોડ બંધ કરવા ટાયરો સળગાવ્યા

ભરૂચમાં કોંગી કાર્યકરોએ ચક્કાજામનો પ્રયાસ કરતા પોલીસે અટકાયત કરી

ભરૂચ, તા.૧૦

ભરૂચમાં કોંગ્રેસ દ્વારા સાંકેતિક ગુજરાત બંધના એલાનના પગલે કોંગીજનોએ પેમ્પલેટ વેચવા સાથે ચક્કાજામ કરતા કોંગી અગ્રણીઓની અટકાયત કરવામાં આવી છે.

કોંગ્રેસ દ્વારા સરકાર સામે મોંઘવારી, મંદી, બેરોજગારી સહિતના મુદ્દે સવારના ૮થી ૧૨ સુધી સાંકેતિક બંધનું એલાન આપી તેને સફળ બનાવવા દહેજ રોડ બંધ કરવા ટાયરો સળગાવ્યા હતા તો જિલ્લા કોંગ્રેસ કાર્યાલય પાસે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પરિમલ સિંહ રણા, શહેર પ્રમુખ હરીશ પરમાર, મહિલા કોંગ્રેસ પ્રમુખ જ્યોતિબેન તડવી, પાલિકા વિપક્ષ નેતા સમસાદ અલી સૈયદ સહિતના અગ્રણીઓ અને કાર્યકરો રોડ પર ઉતરી આવ્યા હતા અને પેમ્પલેટ વેચી લોકોને બંધ પાડવા અપીલ કરવા સાથે ચક્કાજામનો પ્રયાસ કરતા પોલીસ સાથે ઘર્ષણ સર્જાયું હતું. પોલીસે કોંગી અગ્રણીઓ અને કાર્યકરોની અટકાયત કરી એ ડિવિઝન પોલીસ મથકે લઈ જતા કોંગી અગ્રણીઓએ આકોશ ઠાલવ્યો હતો. કોંગ્રેસના સાંકેતિક ગુજરાત બંધના એલાનની કોઈ ખાસ અસર જોવા ભરૂચમાં હજુ સુધી મળી નથી રહી.

અમરેલીમાં એસટી બસે વિદ્યાર્થીને અફડેટે લેતા ઈજાગ્રસ્ત : મુસાફરો હેરાન પરેશાન

અમરેલી, તા.૧૦

અમરેલીમાં સાયકલ પર જતા વિદ્યાર્થીને એસટી બસ ચાલકે અડફેટે લેતા વિદ્યાર્થીને ઈજા પહોંચતા સારવારમાં ખસેડેલ હતો. અકસ્માતના કારણે બસમાં બેસેલ જૂનાગઢના ૨૫થી ૩૦ મુસાફરો બે કલાક સુધી અન્ય કોઈ બસની વ્યવસ્થા ના થતા પરેશાન થયેલા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર અમરેલીમાં આજે સવારે ૧૧:૧૫નાં સમયે જેતપુર ડેપોની ભાવનગર જૂનાગઢ રૂટની એસટી બસ નંબર જીજે ૧૮ ઝેડ-૭૮૭૮ની જૂનાગઢ જઈ રહી હતી ત્યારે અમરેલીના જીવાપરા તરફ બુરહાની કોર્પોરેશન સામે બસ પહોંચતા ધોરણ ૧૦માં ભણતો અને જેસીંગ પરામાં રહેતો દર્શન અશ્વિનભાઈ ચાવડા ઉંમર વર્ષ ૧૫નો શાળાએથી છૂટી ઘરે જઈ રહ્યો હતો ત્યારે આ બસના ચાલકે વિદ્યાર્થીની સાયકલને ઓવરટેક કરી વિદ્યાર્થીને કંડકટર સાઈડના પડખેથી અડફેટે લઈ લેતાં સદભાગ્ય વિદ્યાર્થી બચી ગયો હતો પરંતુ વિદ્યાર્થીની સાયકલ પાછળના જોટામાં આવી જતા સાઇકલ બુકડો વળી ગયેલ હતી, વિદ્યાર્થીને હાથના કોણીના ભાગે તેમજ પગના ભાગે ઈજા થતાં અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડેલ હતો જ્યારે અકસ્માતના કારણે બસમાં જૂનાગઢના અંદાજે ૨૫થી ૩૦ મુસાફરો બે કલાક સુધી અન્ય બસ જૂનાગઢ જવાની ના મળતા હેરાન પરેશાન થયેલા હતા. અકસ્માત અંગે વિદ્યાર્થીના વાલી દ્વારા સીટી પોલીસમાં ફરિયાદની તજવીજ હાથ ધરેલ છે. બનાવ સ્થળે અમરેલી સીટી પોલીસ પહોંચી ગયેલ હતી અને ટ્રાફિકને દૂર કરી રસ્તો ખુલ્લો કરેલ હતો.

આવતીકાલે જૂનાગઢમાં ઓલ ઈન્ડિયા જમીઅતુલ કુરૈશ સૌરાષ્ટ્ર ઝોનની મીટિંગ

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ,તા.૧૦

તા.૧૨-૯-૨૨ સોમવારના રોજ જૂનાગઢ ખાતે ઓલ ઈન્ડિયા જમીઅતુલ કુરૈશ (સૌરાષ્ટ્ર ઝોન)ની મીટિંગ મળશે. આ મીટિંગનું અધ્યક્ષ સ્થાન ઓલ ઈન્ડિયા જમીઅતુલ કુરૈશના નેશનલ પ્રેસિડેન્ટ હાજી સિરાજુદ્દીન કુરેશી શોભાવશે. આ મીટિંગ અગત્યના પ્રશ્નો ભાવી કાર્યવાહી અંગે ચર્ચા કરવાની હોય સૌરાષ્ટ્ર ઝોનના તમામ સભ્યોને ખાસ ઉપસ્થિત રહેવા બેલીમ જમાત જૂનાગઢ દ્વારા અપીલ કરવામાં આવી છે. મીટિંગ બેલીમ જમાતખાના, ઢાલ મસ્જિદ પાસે સાંજે ૫-૦૦ કલાકે યોજાશે. તેમ બેલીમ જમાત જૂનાગઢના આગેવાન સાકીરભાઈ બેલીમે જણાવ્યું છે.

ડ્રાઈવરને ચક્કર આવતા ગમખ્વાર અકસ્માત સર્જાયો

સિદ્ધપુર પાસે એસટી બસ પલ્ટી ખાતા કંડક્ટરનું મોત, ઈજાગ્રસ્ત ૪૫ પૈકી ૧૮ ગંભીર

(સંવાદદાતા દ્વારા)

સિદ્ધપુર, તા.૧૦

પાલનપુરથી છોટાઉદેપુર જઈ રહેલ એસટી બસને સિદ્ધપુર ખલી ચાર રસ્તા પાસે ગમખ્વાર અકસ્માત નડ્યો છે. ચાલકને ચક્કર આવવાથી આંખે અંધારા આવતા બસનું નિયંત્રણ ગુમાવતા, બસ પલ્ટી ખાઈ જતા કંડક્ટરનું ઘટનાસ્થળે મોત, જ્યારે ૪૫ મુસાફરોને ઈજા થઈ છે.

સિદ્ધપુર પોલીસ, સામાજિક આગેવાનો અને સેવાભાવી યુવાનોના માનવતાસભર પ્રયત્નોએ સિદ્ધપુર નજીક બ્રાહ્મણવાડા પાસે બનેલા ગમખ્વાર અકસ્માતમાં ઘાયલ થયેલા ૪૫ જેટલા મુસાફરોને ઝડપી સિદ્ધપુર સિવિલ ખાતે પહોંચાડવામાં સહાયક બન્યા તો સિદ્ધપુર સિવિલના તબીબો, ડૉ.બીપીન પ્રજાપતિ સહિતના ખાનગી ડૉક્ટરો અને હોસ્પિટલ સ્ટાફ દ્વારા ત્વરીત સારવાર આપવામાં આવી.

૪૫ પૈકીના ૧૬થી ૧૮ મસાફરો ગંભીર ઘાયલ થયા હોવાથી તેમને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે ૧૦૮ અને અન્ય એમ્બ્યુલન્સો દ્વારા ધારપુર ખસેડાયા, તો મામુલી રીતે ઘવાયેલા પાલનપુરના સ્થાનિક મુસાફરોને તેઓના સ્વજનો આવીને પાલનપુર લઈ ગયા હતા. તો અન્ય મુસાફરોને સિદ્ધપુર સિવિલમાં સારવાર આપવામાં આવી રહીછે. બસના કંડક્ટરનું ઘટનાસ્થળે મૃત્યુ થયું છે.

સિદ્ધપુર ડીવાયએસપી સોલંકી, પીઆઈ આચાર્ય, પોલીસના જવાનો, ન.પા.ઉપપ્રમુખ નારીભાઈ લસ્સીવાલા, મનિષભાઈ શેઠ, રણજીતસિંહ સોલંકી, ભૂરાભાઈ પઠાણ, માજીદભાઈ પોલાદી, સલમાનભાઈ પઠાન, સહિતના સેવાભાવી યુવાનો પત્રકારો વગેરેએ ભારે જહેમત ઉઠાવી ઘાયલ મુસાફરોને સારવાર અપાવવાના પરમસેવા કાર્યમાં જોડાઈને સિદ્ધપુરની એકતા તથા સેવાધર્મની છાપને વધારે મજબૂત કરવાનું કાર્ય કર્યું છે. બલવંતસિંહ રાજપૂત અને ધારાસભ્ય ચંદનજી ઠાકોરે પણ તંત્રના જવાબદાર અધિકારીઓને ફોન કરીને રાહત કામગીરીની પૂછપરછ કરી ઉત્તમ સારવાર આપવા સૂચનાઓ આપી હતી.

કેન્દ્રીય સંચાર રાજ્યમંત્રીની રજૂઆતના પગલે

નડિયાદ અને મહેમદાવાદ સહિત ચરોતરની પ્રજાને ૧૧ ટ્રેનોનો લાભ મળશે

નડિયાદ, તા.૧૦

નડિયાદ અને મહેમદાવાદ સહિત સમગ્ર ચરોતરની જનતાને જવા આવવા માટે ટ્રેનોના સ્ટોપેજની સવલત મળી રહે તેવી માગણી અને રજૂઆતો કેન્દ્રીય સંચાર રાજ્યમંત્રી અને ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણને કરવામાં આવી હતી, જેના પગલે દેવુસિંહ ચૌહાણે રેલ્વે મંત્રાલયમાં ઉચ્ચકક્ષાએ ચરોતરવાસીઓની આ લાગણી અને માગણી અંગે સતત રજૂઆત અને પ્રયત્નો કરતા રેલ્વેમંત્રી અશ્વિની વૈષ્ણવજીએ ૧૧ જેટલી ટ્રેનોના સ્ટોપેજને મંજૂરી આપી છે. જેમાં મુંબઇ તરફ આવાગમન કરતા મુસાફરોને પણ આ ટ્રેનોનો લાભ મળશે. નવી શરૂ કરાયેલી ટ્રેનોમાં ૧. સાબરમતી એક્સપ્રેસ-દરભંગાથી અને વારાણસીથી અમદાવાદ (મહેમદાવાદ), ૨. લોકશક્તિ એક્સપ્રેસ બાંદ્રાથી અમદાવાદ (મહેમદાવાદ), ૩. કચ્છ એક્સપ્રેસ ભુજથી બાંદ્રા અને બાંદ્રાથી ભુજ, ૫. બાંદ્રાથી ભાવનગર, ભાવનગરથી બાંદ્રા, ૬. રાણકપુર એક્સપ્રેસ બિકાનેરથી દાદર, ૭. મડગાવથી હાપા, ૮. અરાવલી એક્સપ્રેસ બાંદ્રાથી ગંગાનગર, ૯. બિકાનેરથી દાદર. મુંબઈ તરફની ટ્રેનોનો સમાવેશ થાય છે. જેનો લાભ ચરોતરના મુસાફરોને નડિયાદ અને મહેમદાવાદ સ્ટેશનથી મળશે.

સુરતમાં દુકાનો બંધ કરાવતા પોલીસે ૧૦૦થી વધુ કોંગી કાર્યકરોની અટકાયત કરી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ વધારા અને મોંઘવારી તથા ડ્રગ્સની બદી સામેના વિરોધમાં ગુજરાત કોંગ્રેસે ૧૦મી સપ્ટેમ્બરના રોજ સવારથી બપોર સુધી ગુજરાત બંધનું એલાન આપ્યું હતું. જેમાં શહેરના જુદા જુદા વિસ્તારોમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ આવશ્યક સેવાઓ સિવાયની તમામ દુકાનો તથા લારી ગલ્લાઓ બંધ કરાવતા પોલીસે કુલ ૧૦૦થી વધુ કાર્યકર્તાઓની ધરપકડ કરી જુદા જુદા પોલીસ મથકમાં લઈ જવાયા હોવાનું કોંગ્રેસના પ્રવક્તા કિરણ રાયકા અને કોંગ્રેસ અગ્રણી દીપ નાયકે જણાવ્યું હતું. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા વધતી જતી મોંઘવારી અને કરોડો રૂપિયાની ડ્રગ્સની બદીના વિરોધમાં આજે બંધનું એલાન આપવામાં આવ્યું હતું. આ બંધના એલાનમાં જોડાવવા નાના મોટા વેપારીઓને અપીલ કરી હતી. આજે ટેક્સટાઈળ માર્કેટ ખાતે અસલમ સાયકલવાલા, અસદ કલ્યાણી અને લાલખાન પઠાણ, લિંબાયત નીલગીરી સર્કલ ખાતે ગોપાલ પાટીલ, જમાલ અંસારી, આસિફ અંસારી, ભટાર ખાતે બળવંત જૈન અને અશોક કોઠારી, વરિયાવી બજાર ખાતે કોંગ્રેસ અગ્રણી કદીર પીરઝાદા, એયુબ પટેલ, દીપ નાયક, મુસદ્દીક કાનૂનગો, ઉધના ત્રણ રસ્તા અને કાશીનગર ખાતે હરીશ સૂર્યવંશી, સુનીલભાઈ, ઉડુપી હોટલ ખાતે આશીષ રાય, દીપક મકવાણા અને ભેસ્તાન ખાતે કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર ભદ્રેશ પરમાર, જયેશ દેસાઈ, લક્ષ્મીકાંત પટેલ, રોશન શેખ વગેરે ઉપસ્થિત રહી લારી-ગલ્લા અને દુકાનો બંધ કરાવી હતી. જોકે, પોલીસે જુદી જુદી જગ્યાએથી ૧૦૦થી વધુ કાર્યકર્તાઓની ધરપકડ કરી હોવાનું પ્રવક્તા કિરણ રાયકાએ જણાવ્યું હતું.

વડોદરામાં બંધના એલાનને આંશિક સફળતા, ૨૦૦ જેટલા કોંગી કાર્યકરોની અટકાયત

(તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

ગુજરાત સાંકેતિક બંધના એલાનના પગલે આજે વડોદરા શહેરમાં કોંગ્રેસ પક્ષના અગ્રણીઓએ અલગ અલગ વિસ્તારોમાં દુકાનો બંધ કરાવવા નીકળ્યા હતા. તે દરમિયાન શહેર કોંગ્રેસ પ્રમુખ સહિત ૨૦૦ જેટલા કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. જ્યારે પ્રતાપ નગર વિસ્તારમાં પૂર્વ વિપક્ષના નેતા ૨૦૦થી વધુ કાર્યકરોને સાથે રાખી બંધ કરાવવા નીકળ્યા હતા. તેઓની પોલીસે અટકાયત કરી ન હતી. જેથી ચર્ચાનો વિષય બન્યો છે તો બીજી બાજુ ગાંધીનગર ગૃહ ખાતે પૂતળા દહન પણ કરવામાં આવ્યું હતું.

મંદી, મોંઘવારી, બેરોજગારી તેમજ કથળતી કાયદો વ્યવસ્થા, ખાડે ગયેલ અર્થતંત્ર, ડ્રગ્સનો બેરોકટોક કારોબાર, મહિલા અત્યાચારનું વધતુ પ્રમાણ સહિતના મુદ્દે કોંગ્રેસ પક્ષ દ્વારા આજરોજ સવારે ૮થી ૧૨ કલાકે સાંકેતિક બંધનું એલાન આપવામાં આવ્યું હતું. અનેક જગ્યાએ પોલીસ અને કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ પણ થયું હતું. પ્રતાપ નગર વિસ્તારમાં પૂર્વ વિપક્ષના નેતા અને તેમના ૨૦૦ ટેકેદારો વિવિધ વિસ્તારમાં વેપારીઓને બંધ પાડવા અપીલ કરી હતી. જેનો સારો પ્રતિસાદ મળ્યો હતો. પરંતુ પોલીસે તેઓની અટકાયત કરી ન હતી.

કોંગ્રેસના વોર્ડ ન.૧ના કોર્પોરેટે દાવો કર્યો હતો કે, છાણીમાં બંધને નોંધપાત્ર સફળતા સાંપળી છે અને સમગ્ર છાણી ગામ સજ્જડ બંધ રહ્યું હતું. તેવી જ રીતે પાલિકામાં કોંગ્રેસ પક્ષના નેતા અમી રાવત તેમના કાર્યકર્તાઓ સાથે નિઝામપુરા ડીલક્ષ ખાતે બંધ કરાવવા નીકળ્યા હતા. આ દરમિયાન વિપક્ષ નેતા સહિતના આગેવાનો સાથે ૨૫ જેટલા કાર્યકર્તાઓની પોલીસે અટકાયત કરી હતી અને તેઓને ફતેગંજ પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા. શહેરના અન્ય વિસ્તારમાં પણ કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા સાંકેતિક બંધ સાથે વેપારીઓ જોડાય તે માટેના પ્રયાસો થતા અનેક જગ્યાએ પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોશીએ દાવો કર્યો છે કે, અમારા બંધ દરમિયાન કોઈ સરકારી મિલકતને નુકસાન ન થાય તેની અગાઉથી કાર્યકર્તાઓને તાકીદ કરવામાં આવી હતી અને તેનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવ્યું હતું. સરકાર પોલીસને હથિયાર બનાવી ગમે તેટલા હાથકંડા અપનાવશે પરંતુ તેઓ સફળ થઈ શકશે નહીં. કારણકે ભાજપ સરકારે ૨૭ વર્ષોમાં માત્ર મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચારનું કમળ ખીલવવાનુ કામ કર્યું છે.

ગુજરાત કોંગ્રેસ દ્વારા શનિવારે અપાયેલા સાંકેતિક બંધમાં અમદાવાદના વિવિધ વિસ્તારો જોડાયા હતા. મોંઘવારી, બેરોજગારી, ડ્રગ્સ જેવા મુદ્દે વિરોધ કરાયો હતો.

કોર્પોરેશનના સત્તાધીશો મહિલા સાથે અમાનવીય વર્તન કરનારા નરોડાના કોર્પોરેટરને છાવરવામાં વ્યસ્ત

એક તરફ મહિલા સશક્તિકરણની વાતો બીજી તરફ શોષણ : શહેઝાદખાન પઠાણ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૧૦

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિપક્ષ નેતા શહેઝાદખાન પઠાણે જણાવ્યું કે ભાજપ સરકાર દ્વારા એક તરફ મહિલા સશક્તિકરણની સુફિયાણી વાતો કરવામાં આવે છે અને બીજી તરફ એક મહિલા મેડિકલ ઓફિસર સાથે મ્યુનિ. અર્બન હેલ્થ સેન્ટરમાં તેના ફરજના સ્થળે પ્રજાના પ્રતિનિધિ તરીકે ચૂંટાયેલા ભાજપના મ્યુનિ. કોર્પોરેટર દ્વારા અમાનવીય કૃત્ય કરવામાં આવે છે. ખૂબ જ દુઃખની વાત છે કે, આ કૃત્ય આચરનારા દોષીને યેનકેન પ્રકારે છાવરવામાં આવે છે. શહેરના ઉત્તર ઝોનમાં આવેલા નરોડા વોર્ડના ભાજપના કોર્પોરેટર વિપુલ પટેલ ઉર્ફે સોમાભાઈ પટેલ દ્વારા મ્યુનિ. અર્બન હેલ્થ સેન્ટરમાં મેડિકલ ઓફિસર સાથે અમાનવીય કૃત્ય આચરવામાં આવ્યું. ભાજપના કોર્પોરેટર વિપુલ પટેલ ઉર્ફે સોમાભાઈ પટેલ દ્વારા મહિલાનું મોં પકડી જબરદસ્તીથી પાણી પીવડાવવામાં આવ્યું અને જાતિ વિષયક અપશબ્દોનો પ્રયોગ કરી ધાકધમકી આપવામાં આવી અને શારીરિક તથા માનસિક ત્રાસ આપવામાં આવ્યો પરંતુ ખૂબ જ દુઃખની વાત છે કે, મહિલા સશક્તિકરણની સુફિયાણી વાતો કરનારી ભાજપ સરકાર આવા દોષી વ્યક્તિને બચાવવાના નિમ્ન કક્ષાના પ્રયાસોમાં લાગી ગઈ અને મીટિંગ બોલાવી શોષિત મહિલા અધિકારીને દબાવવાના પ્રયાસો કરવામાં આવ્યા અને તપાસ કમિટીનું નાટક રચી આખા પ્રકરણમાં ભીનુ સંકેલવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જયારે પોલીસ દ્વારા એફઆઈઆર નોંધવામાં આવી છે. કોંગ્રેસ પક્ષ દ્વારા આ આખી દુઃખદ ઘટનાને સખત શબ્દોમાં વખોડવામાં આવે છે અને આ મુદ્દે ન્યાયની માંગ સાથે આ કૃત્ય કરનારા ભાજપના કોર્પોરેટરને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવે તે માટે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન ખાતે મેયર સમક્ષ રજૂઆત કરવામાં આવશે. આ મુદ્દે પીડિતાને ન્યાય આપવામાં નહીં આવે તો કોંગ્રેસ પક્ષ દ્વારા જલદ અને ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

મોંઘવારી કાબૂ કરવામાં નિષ્ફળ સરકારની વિરૂદ્ધમાં અને એમ.ડી. ડ્રગ્સની નાબૂદી, બેરોજગારી, મોંઘુ શિક્ષણ જેવા વિવિધ મુદ્દાઓનો વિરોધ કરવા ગુજરાત કોંગ્રેસ દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું હતું. તેના ભાગરૂપે મકતમપુરા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સાજીદ હુસેન મન્સુરી અને મહિલા પ્રમુખ અજમેરી બિસ્મિલ્લાબેન, યુથ પ્રમુખ ઉવેશભાઈ મન્સુરી, સેવા દલ પ્રમુખ અર્શદ શેખ, માઈનોરિટી પ્રમુખ અસલમભાઈ શેખ, માઈનોટીના પ્રમુખ વારીસભાઈ મલિ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના યુનુસભાઈ બેલીમ, લાલાભાઈ ડંકીવાલા, યાસીનખાન પઠાણ તથા કોંગ્રેસના કાર્યકર ભાઈ-બહેનો જોડાયા હતા. મકતમપુરાના કોર્પોરેટર હાજીભાઈ દ્વારા જુહાપુરાના તમામ વેપારીઓને જાણ કરવામાં આવી હતી કે, આજે સવારે ૮થી બપોરના ૧૨ વાગ્યા સુધી બંધ રાખવામાં આવે. કોંગ્રેસની વિનંતીને માન આપીને સમગ્ર વિસ્તારને બંધમાં સાથ સહકાર આપવા બદલ જુહાપુરા મકતમપુરા વોર્ડના વેપારી ભાઈઓનો કોંગ્રેસ પાર્ટી અને હાજીભાઈ (સિમેન્ટવાળા) કોર્પોરેટર મકતમપુરા વોર્ડ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

અમદાવાદમાં અકળાવી નાંખનારા ઉકળાટ બાદ ગાજવીજ સાથે વરસાદ પડતાં લોકોને રાહત

બપોરે કાળા ડિબાંગ વાદળો ઘેરાતાં શહેરમાં રાત પડ્યા જેવો માહોલ

અમદાવાદ, તા.૧૦

આખા દિવસના ઉકળાટ બાદ અમદાવાદ અને ગાંધીનગરમાં બપોર પછી અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવતા અનેક વિસ્તારોમાં વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો. થોડી જ વારમાં રસ્તાઓ પર વરસાદી પાણી ભરાઈ ગયા. આશ્રમરોડ, નવરંગપુરા, નારણપુરા, મેમનગર, સેટેલાઈટ, નવા વાડજ, પાલડી, વાસણા, વસ્ત્રાલ, નરોડા, રિંગરોડ, સરદારનગર, શાહીબાગ સહિતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ થયો હતો. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા દિવસોથી લોકો ઉકળાટથી હેરાન પરેશાન થઈ ગયા છે અને ડબલ સિઝનના કારણે રોગચાળો પણ વકરી રહ્યો છે. ત્યારે બે દિવસથી વરસાદ ચાલુ થતાં વાતાવરણમાં ઠંક પ્રસરી હોવાથી

લોકો રાહત અનુભવી રહ્યા છે. શહેરમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. આથી વાતાવરણમાં ઉકળાટ જોવા મળી રહ્યો હતો. પરંતુ બપોર પછી અચાનક વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. બાદમાં ભારે પવન ફૂંકાવાનો શરૂ થયો અને વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ગુજરાતમાં વરસાદ તૂટી પડ્યો છે. અસહ્ય ઉકળાટ વચ્ચે ગુજરાતના અનેક જિલ્લાઓના વાતાવરણમાં ઠંડક આવી છે. રાજકોટ, ભાવનગર, અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા અને પાટણમાં સારો વરસાદ થતાં લોકોમાં ખુશી છવાઈ તો બીજી તરફ, અમદાવાદમાં પણ ધોધમાર વરસાદ તૂટી પડ્યો છે. વીજળીના કડાકાભડાકા સાથે પશ્ચિમ અમદાવાદમાં વરસાદ તૂટી પડ્યો હતો. ચારેબાજુ કાળાડિબાંગા વાદળો છવાતા અંધારપટ છવાયું હતું. ભારે પવન સાથે વરસાદ તૂટી પડતા અમદાવાદીઓ ગેલમાં આવી ગયા છે. હજુ પણ ૩ દિવસ સામાન્ય વરસાદની આગાહી છે.

જામનગરમાં પશુ માલિકોની દાદાગીરી : કોર્પોરેશનના ઢોરવાડામાં તોડફોડ કરી ૧૬૨ જેટલા પશુઓને છોડાવી ગયા

કાર્યવાહીના હાઈકોર્ટના કડક આદેશ છતાં ઉલ્ટું દૃશ્ય : તંત્ર નિષ્ક્રીય

અમદાવાદ, તા.૧૦

એકતરફ રાજ્ય માં હાઈકોર્ટે રખડતા ઢોરને લઈ આકરું વલણ અપનાવ્યું છે. કોર્ટે રખડતા પશુઓને લઈ આકરી કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે. ત્યારે જામનગરના સોનલનગર વિસ્તારમાં પશુ માલિકોની ખુલ્લેઆમ દાદાગીરી સામે આવી છે.સોનલનગરમાં કોર્પોરેશન સંચાલિત ઢોર વાડામાં પશુપાલકોએ તોડફોડ કર્યાની ઘટના સામે આવી છે. ઢોરના વાડામાં ઘૂસીને તોડફોડ કરી પશુપાલકોએ ૧૬૨ જેટલા પશુઓ છોડાવી ગયા.કોર્પોરેશન દ્વારા ૩૧૬ પશુઓને પકડી રાખવામાં આવ્યા હતા. ગત રાત્રિએ માલધારીઓ ઢોરવાડે પહોંચી પશુઓને છોડાવી ગયા હતા. માલધારીઓએ સિક્યુરિટી સાથે માથાકૂટ કરી તેઓ પશુઓને છોડાવી ગયા. જો કે, હવે આ બાબતને લઈ કોર્પોરેશન દ્વારા પોલીસ ફરિયાદની તજવીજ ચાલુ છે પરંતુ અહીં પશુપાલકોની આ રીતે ખુલ્લેઆમ દાદાગીરીના કારણે અનેક સવાલો પણ ઊભા થાય છે જેવાં કે, આમ કેવી રીતે કોઈ ખુલ્લેઆમ દાદાગીરી કરી સરેઆમ કાયદાનું ઉલ્લંઘન કરી પશુપાલકોને ઢોરના વાડામાંથી છોડાવી જાય. શું એમને કાયદાની કોઈ બીક જ નથી કે શું? શું આ પશુપાલકોને કોઈ કાયદો નથી નડતો કે શું? આખરે પશુ માલિકોની દાદાગીરી ક્યાં સુધી ચાલશે? પશુ માલિકો મનમાની કરવાની બંધ ક્યારે કરશે? જો તમે પશુ નથી સાચવી શકતા, તો રાખો છો શું કામ? શું તમારા પશુને કારણે થતા અકસ્માતો કેમ તમને નથી દેખાતા? તમારા પશુને કારણે રાજયમાં કેટલાના જીવ ગયા, એ તમને ખબર છે? કાયદો હાથમાં લેવાનો અધિકાર તમને કોણે આપ્યો છે? ક્યારે રખડતા ઢોર મુદ્દે થશે કડક કાર્યવાહી? રખડતા ઢોરના માલિકો વિરુદ્ધ ક્યારે કાર્યવાહી કરાશે? ક્યારે અધિકારીઓના પેટનું પાણી હલશે?ગુજરાતમાં રખડતા ઢોરને લઈને તાજેતરમાં જ ગુજરાત હાઈકોર્ટે સરકાર, પોલીસ અને મનપાની ઝાટકણી કાઢતા રખડતા ઢોર મુદ્દે એક્શન પ્લાન બનાવવાનો આદેશ આપ્યો હતો. રાજયમાં રખડતા ઢોરની સમસ્યામાંથી મુક્તિ અપાવવા હાઈકોર્ટે રખડતા ઢોર મુદ્દે એક્શન પ્લાન બનાવવા આદેશ આપ્યો હતો. ઢોર પાર્ટી પર હુમલો કરનારાઓ પર પાસા લગાવવા હાઈકોર્ટે આદેશ આપ્યો હતો. તેમજ બનાવેલા પ્લાનનો અમલ કરવાનો પણ હાઈકોર્ટે આદેશ આપ્યો હતો. ભારતીય દંડ સંહિતાની કલમ ૩૩૨, ૩૩૮ અને ૧૮૮ હેઠળ ગુનો નોંધવાનો હાઈકોર્ટે આદેશ આપ્યો હતો. આ સાથે હાઈકોર્ટે સુનાવણી દરમિયાન રખડતા ઢોરની સમસ્યા પર અંકુશ લાવવા રાજય સરકાર સહિત પોલીસ વિભાગ અને તમામ મનપા અને નગરપાલિકાઓને કડક પગલા લેવા આદેશ આપ્યા છે.

કાંકરિયા ખાતે મોબાઈલ ટાવર પર ચઢેલો યુવક ઊંધા માથે પટકાયો : અરેરાટીભર્યું મોત

ઘટનાનો વીડિયો વાયરલ : ફાયરબ્રિગેડના બચાવવાના પ્રયાસો વચ્ચે મોતની છલાંગ લગાવી

અમદાવાદ, તા.૧૦

મણિનગર વિસ્તારમાં કાંકરિયા ઈકો ક્લબ પાસેના મોબાઈલ ટાવર પર એક યુવક ચડી ગયો હતો અને કલાકો બાદ કૂદીને આપઘાત કર્યો હતો. ત્યાં કલાકો સુધી તમાશો થયા બાદ તેને બચાવવા માટે ફાયર બ્રિગેડની ટીમ પહોંચી હતી પણ તે પોતાના સંસાધનોનો ઉપયોગની શરૂઆત કરે એ પહેલાં જ યુવક બીજી તરફ કૂદી ગયો હતો અને જેને કારણે તેનું મોત નીપજયું હતું. આ ઘટનાનો વીડિયો પણ વાયરલ થયો હતો.

કાંકરિયાના ગેટ નંબર ત્રણ પાસે આવેલા એક મોબાઈલ ટાવર પર આજે સવારે એક યુવક ચડી ગયો હતો. થોડીવારમાં આ વાતની જાણ આસપાસના લોકોને થઈ ગઈ તથા ત્યાં ટોળેટોળાં ભેગાં થવા લાગ્યા હતા. ગણતરીની ક્ષણોમાં એટલી મોટી ભીડ થઈ ગઈ કે ત્યાં પોલીસ આવી ગઈ હતી. આ બધી વિગતોની જાણ પોલીસ અને સ્થાનિક લોકોએ ફાયરબ્રિગેડને કરતાં તેની ટીમ ત્યાં પહોંચી હતી. તેણે પહેલા મોબાઈલ ટાવરની આસપાસ નેટ લગાવીને યુવક જો કૂદે તો તેને બચાવવા માટે પ્રયાસ કરવાની તૈયારીઓ કરી હતી, પણ યુવક નીચે ઊતરવાનું નામ લઈ રહ્યો ન હતો અને આ તમાશો કલાકો સુધી ચાલ્યો હતો. યુવકને તાત્કાલિક સારવારાર્થે હોસ્પિટલ ખસેડાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, યુવક ગંભીર હાલતમાં હતો અને તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. હાલ તેની ઓળખ કરવા માટે પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યા છે.

ગુજરાતમાં આગામી ત્રણ દિવસ દરિયો નહીં ખેડવા માછીમારોને સૂચના : ફરી જામતો વરસાદી માહોલ

અરબી સમુદ્રમાં ચક્રવાતને પગલે દરિયો તોફાની બનવાની આગાહી : બોટોને કિનારે પરત ફરવા તંત્રનો નિર્દેશ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૦

ગુજરાતમાં ફરી એક વખત વરસાદી માહોલ જામી રહ્યો છે. શનિવારે રાજયના કેટલાક ભાગોમાં મેઘસવારી આવી હતી. છેલ્લા કેટલાક સમયથી વરસાદે વિરામ લેતાં ભારે ઉકળાટથી લોકો ત્રસ્ત થાય હતા. ત્યારે અમુક સ્થળોએ છૂટોછવાયો વરસાદ પડતાં વાતાવરણમાં થોડીઘણી ઠંડક પ્રસરી હતી. આ વચ્ચે આગાહી કરવામાં આવી છે કે, અરબી સમુદ્રમાં ઉદ્ભવેલા ચક્રવાતને પગલે ૧૩મી સુધી માછીમારોને દરિયો નહીં ખેડવા એલર્ટ કરાયા છે. બોટોને કિનારે પરત ફરવા તંત્ર દ્વારા નિર્દેશ આપવામાં આવ્યો હતો. હાલ રાજયના કેટલાક જિલ્લામાં સાધારણ વરસાદ પડી રહ્યો છે. શુક્રવારે પણ ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ નોંધાયો હતો. આ અગાઉ હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી હતી કે, રાજયના જિલ્લાઓને મેઘરાજા ફરી એકવાર ધમરોળી શકે છે. ૧૩ સપ્ટેમ્બરના રોજ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. વલસાડ, નવસારી, દમણ તેમજ ડાંગ, નર્મદા, ભરૂચમાં વરસાદ પડવાની શકયતા વ્યક્ત કરવામાં આવી હતી. આ સાથે મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં સામાન્ય વરસાદની આગાહી છે.

દાહોદ જિલ્લામાં વીજળી પડતાં ત્રણનાં મોત

અમદાવાદ, તા.૧૦

દાહોદ જિલ્લામાં કરુણાંતિકા સામે આવી છે. જેમાં વીજળી પડતા ૩ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યાં પંથકમાં સનસનાટી મચી ગઈ હતી. ઝાલોદના ચણાશર,પાવડી અને કાળી ગામમાં વીજળી પડવાની ઘટના ઘટી હતી. જેમાં અવકાશી વીજળી ત્રાટકતા એક મહિલા અને બે પુરૂષના મોત થયા હતા. સુરતના અડાજણ, પાલમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. વધુમાં અચાનક વાતાવરણમાં પલટા વચ્ચે વીજળીના કડાકા સાથે રાંદેર, પારલે પોઈન્ટ સહિતના વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો.

પોરબંદરના દરિયામાં ન્હાવા પડેલા અમદાવાદના બે યુવાનોના ડૂબી જતાં મોત

સ્થાનિક પોલીસ અને માછીમારોએ મૃતદેહ બહાર કાઢ્યા

અમદાવાદ, તા.૧૦ : માધવપુર પાસે દરિયા કિનારે ફરવા ગયેલા અમદાવાદના બે યુવાનો ડૂબી ગયાની કરુણ ઘટના સામે આવી છે. પોરબંદરના દરિયામાં ન્હાવાની મોજ માંણવા ગયેલા બે મિત્રોના મોતને લઈને સમગ્ર પંથકમાં અરેરાટી મચી જવા પામી છે. બીજી તરફ વાયુ વેગે આ વાવડ પરિવારજનો સુધી પહોંચતા પરિજનોમાં રોકકળાટ ફેલાયો છે. પોરબંદરના દરિયાકાંઠે અમદાવાદના સંજય ઠાકોર અને આશિષ ઠાકોર નામના બે મિત્રો ફરવા ગયા હતા. બંને યુવાન મિત્રો સાથે દ્વારકાથી સોમનાથ જઈ રહ્યા હતા. આ દરમિયાન બંને મિત્રો માધવપુર નજીક આવેલા દરિયામાં ન્હાવા પડ્યા હતા. જે વેળાએ દરિયાના જળ પ્રવાહમાં ડુબવા લાગ્યા હતા. બચવાના પ્રયત્ન બાદ પણ બંને યુવાનો પાણીમાં ડૂબી જતાં બંનેના મોત નિપજ્યાં હતા.આ ઘટનાની જાણ થતાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ત્યારબાદ આ અંગે પોલીસને જાણ કરાતા સ્થાનિક પોલીસ દોડી આવી હતી અને માછીમારોની મદદથી દરિયામાંથી બંને યુવાનોના મૃતદેહ બહાર કાઢી મૃતદેહને પોસ્ટમાર્ટમ અર્થે મોકલી આપવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે ગઇકાલે બેટ દ્વારકામાં કિરમાણી દરગાહ પાસે આવેલા દરિયામાં બે યુવાનો ન્હાવા પડ્યા હતા. જે દરમિયાન અચાનક જ બંને યુવાનો ડૂબી જતાં એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો.

ગોમતીપુરની સભામાં ઓવૈસીએ બિલ્કીસબાનોનો મુદ્દો ઉઠાવી શાસક પક્ષ પર કરેલા પ્રહારો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૦

શનિવારે સાંજે અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ)ના વડા અને લોકસભાના સાંસદ અસદુદ્દીન ઓવૈસીની સભા યોજાઈ હતી. આ સભામાં ઓવૈસીએ શાસક અને વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ૨૦૦૨ની રમખાણ પીડિતા બિલ્કિશબાનોનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. નોંધનીય છે કે, સરકારે બિલ્કિશબાનો ગેંગરેપ અને પરિવારના સાત સભ્યોની હત્યા કેસમાં અગિયાર દોષિતોને સજા માફી આપી તેમને મુક્ત કરી દીધા હતા. જેનો ચોમેરથી વિરોધ થઈ રહ્યો છે. ગુજરાતમાં જેમ-જેમ વિધાનસભાની ચૂંટણી નજીક આવતી જાય છે તેમ-તેમ ચૂંટણી માહોલ જામતો જાય છે અને અલગ-અલગ રાજકીય પાર્ટીઓના નેતાઓના ગુજરાતના આટાં-ફેરાં પણ વધ્યા છે. ત્યારે મજલિસના વડા ઓવૈસી પણ ચૂંટણીલક્ષી કાર્યક્રમને આગળ વધારવા હાલ ગુજરાતની મુલાકાતે આવ્યા છે. જેના ભાગરૂપે તેમણે શનિવારે સાંજે શહેરના ગોમતીપુર વિસ્તારમાં એક જાહેરસભાને સંબોધિત કરી હતી. આ અગાઉ તેમણે દરિયાપુર વિસ્તારમાં પદયાત્રા યોજી પ્રજા વચ્ચે જવાનો પ્રયાસ કર્યો હતો. ગોમતીપુરની સભામાં ઓવૈસીએ કોંગ્રેસ પર પણ પ્રહારો કર્યા હતા અને કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા ભાજપમાં સામેલ થવાના વલણની ટીકા કરી હતી. તેમણે બિલ્કિશબાનોના અપરાધીઓને છોડી મુકવાના સરકારના નિર્ણયની પણ આકરી ટીકા કરી હતી. તેમણે બિલ્કિશબાનોને ભારતીની બેટી ગણાવી શાસક પક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા.

જૂની પેન્શન યોજના સહિત બે-એક મુદ્દે બેઠકમાં સહમતી ના થતાં કર્મચારીઓનું આંદોલન જારી

સરકારના મંત્રીઓની કમિટી સાથે સહમતી ન સધાતા કર્મચારીઓ રેલી યોજી કરશે દેખાવો

રાજ્યના સાત ઝોનના જિલ્લા મથકે આજે રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર અપાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત રાજય સયુંકત કર્મચારી મોરચા અને ગુજરાત રાજય કર્મચારી મહામંડળ દ્વારા જૂની પેન્શન યોજના, સાતમા પગાર પંચના બાકી ભથ્થા સહિતના રાજયના કર્મચારીઓના વિવિધ ૧૫ જેટલા પડતર પ્રશ્નો બાબતે રાજય કક્ષાએથી લડતનો તબક્કા વાર કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ હતો. જેમાં ગત કાર્યક્રમ બાદ સરકારના મંત્રીઓની કમિટી સાથે યોજાયેલી બેઠકમાં યોગ્ય ઉકેલ ન આવતા હવે આવતીકાલના નિર્ધારિત કાર્યક્રમો યોજવામાં આવશે.

રાજયના તમામ જિલ્લાઓમાં ગત ૩ સપ્ટેમ્બરના જિલ્લા કક્ષાએ રેલી સાથે કલેકટરને આવેદનપત્રો આપવામાં આવ્યા હતા. ત્યારબાદ રાજય સરકારે બનાવેલી પાંચ મંત્રીઓની સમિતિ સાથે રાજય સયુંકત મોરચા અને કર્મચારી મહામંડળના આગેવાનોની બેઠક સતત ત્રણ દિવસ મળી હતી. જેમાં કર્મચારીઓના તમામ પ્રશ્નો બાબતે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ઘણા ખરા મુદ્દાઓ પર સહમતી પણ સધાઈ હતી. પરંતુ જૂની પેન્શન યોજના કે જે ૨૦૦૫થી ભાજપની તત્કાલીન કેન્દ્ર સરકાર દ્વારા બંધ કરવામાં આવી છે અને ભાજપ શાસિત કોઈ રાજયમાં જૂની પેન્શન યોજના કાર્યરત ન હોઇ તથા યોજના અમલી થવાના કારણે સરકાર પર પડનારા સંભવિત બોજાના કારણે આ પ્રશ્નનો નિવેડો લાવવા કમિટીએ પોતાની અસમર્થતા દર્શાવી હતી. બીજી બાજુ કર્મચારી સંગઠનના આગેવાનો પર કર્મચારીઓનું સખત દબાણ હતું તેઓ અન્ય પ્રશ્નો પડતા મૂકીને માત્ર જૂની પેન્શન યોજના માટે જ હઠાગ્રહ કરતા હતા. આમ જૂની પેન્શન યોજના અને એકાદ - બે અન્ય મુદ્દે સહમતી ન સધાતા હવે રાજય સયુંકત કર્મચારી મોરચા અને કર્મચારી મહામંડળ દ્વારા આંદોલનનો બીજો તબક્કો શરૂ કરવાની જાહેરાત કરી છે. જેમાં આવતીકાલે ૧૧ સપ્ટેમ્બર, રવિવારના રોજ ઝોન કક્ષાએ મહારેલી યોજી સબંધિત કલેકટરોને આવેદનપત્ર આપવામાં આવશે.

આ બાબતે રાજય સંઘના ઉપપ્રમુખ હરિસિંહ જાડેજાના જણાવ્યા અનુસાર રવિવારે રાજયમાં અમદાવાદ, રાજકોટ, ગોધરા, મહેસાણા, માંડવી (સુરત), વડોદરા અને જૂનાગઢ એમ સાત જગ્યાઓ વિશાળ રેલીઓ યોજાશે. દરેક ઝોનમાં નજીકના ૪ - ૫ જિલ્લાઓના વિવિધ કેડરના કર્મચારીઓ પોતાના પરિવારો સાથે જોડાઈ જૂની પેન્શન યોજનાની માંગણી બુલંદ બનાવશે. રેલી યોજી કર્મચારી સંગઠનના આગેવાનો દ્વારા કલેકટરને આવેદનપત્ર આપી પોતાની માંગણી તેમના મારફતે મુખ્યમંત્રી સુધી પહોંચાડાશે. ઝોન કક્ષાની રેલી બાદ પણ સરકાર આ અંગે કોઈ હકારાત્મક નિર્ણય નહીં લે તો આગામી ૧૭ તારીખે માસ સી.એલ., ૨૨ તારીખે પેન ડાઉન તથા ૩૦ સપ્ટેમબરના સમગ્ર રાજયમાં અચોક્કસ મુદતની હડતાળ યોજાશે જેમાં રાજયભરના તમામ કેડરના કર્મચારીઓ જોડાશે. અત્રે ઉલ્લેખનીય છે કે કર્મચારીઓની વિવિધ ૧૫ જેટલી માંગણીઓ છે જેમાં ખાસ કરીને જૂની પેન્શન યોજના ફરી ચાલુ કરવા ઉપરાંત ફિક્ષ પગાર યોજના નાબૂદ કરવા, સાતમા પગાર પંચના બાકી ભથ્થા આપવા, રહેમ રાહે નિમાયેલ કર્મચારીઓની સેવા તમામ હેતુ માટે સળંગ ગણવી, કેન્દ્રની માફક ૧૦, ૨૦ અને ૩૦ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ આપવા, ૧૦ લાખની મર્યાદામાં કેશ લેસ મેડિકલેમનો લાભ આપવા, નિવૃત્તિ વય મર્યાદા ૬૦ વર્ષની કરવા, ચાલુ ફરજ દરમિયાન કર્મચારીઓના અવસાનના કિસ્સામાં વારસદારોને ઉચ્ચક નાણાકીય સહાયના બદલે અગાઉની જેમ રહેમ રાહે નોકરી આપવા સહિતના વિવિધ ૧૫ જેટલા પ્રશ્નોનો સમાવેશ થાય છે.

વિદેશમાં સ્થાયી થવાનું શાહ પરિવારને ભારે પડ્યું

બાળકીને જર્મન સરકારના કબજામાંથી છોડાવવા સરકાર પાસે મદદની માગણી

બાળકીને ભારત લાવવામાં સરકાર મદદ કરે તેવી માગણી કરતા પરિજનો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

વિદેશમાં સ્થાયી થવાનું મુંબઇના શાહ પરિવારને ભારે પડ્યું છે. ૧૮ મહિનાની બાળકી અરીહા શાહને જર્મન સરકારે નજીવા કારણોસર માતા-પિતાના વ્હાલથી દૂર જર્મન ફોસ્ટર કેરમાં જર્મન દંપત્તિને ત્યાં રાખવામાં આવી છે. જેને પરત લાવવા માટે માતા-પિતા છેલ્લા ૧૦ મહિનાથી મથામણ કરી રહ્યા છે. જેને લઈને આજે સવારે આરટીઓ સર્કલ પાસે બાળકીના નાના-નાનીના પરિવારે પોસ્ટર્સ સાથે દેખાવો કરી સરકાર પાસે મદદ માંગી છે અને દેશની નાગરિકતા ઉપર ચિંતા વ્યક્ત કરતા પરિવારે ભારત સરકાર મદદ કરી બાળકીને ભારત લાવવામાં આવે તેવી માંગણી કરી હતી. જર્મનીના બર્લિનમાં સ્થાયી થયેલા મુંબઇના ગુજરાતી પરિવારના ભાવશે શાહ અને ધારા શાહના ઘરે વર્ષ ૨૦૨૧ માં એક બાળકીનો જન્મ થયો હતો. જેનું નામ અરીહા છે. પૌત્રીની સારસંભાળ રાખવા માટે મુંબઇથી દાદા-દાદી જર્મની પહોંચ્યા હતા. બધુ જ બરોબર ચાલી રહ્યું હતું. પરંતુ એક દિવસ એવો આવ્યો કે શાહ પરિવારની દુનિયા બદલાઈ ગઈ અને અરીહાને પરિવારથી દૂર કરી દેવામાં આવી.અરીહાને કોઈ કારણોસર સમાન્ય ઇજા પહોંચી હતી. જોકે, ભાવેશ શાહ અને ધારા શાહ તેને લઈને ડોક્ટરી સારવાર માટે ગયા હતા. જ્યાં ડોક્ટરે કહ્યું કે, કોઈ ગંભીર મામલો નથી. પરંતુ જયારે ભાવેશ અને ધારા બીજી વખત અરીહાને તબીબ પાસે લઈ ગયા ત્યારે ત્યાં જર્મન સરકારના અધિકારીઓ આવી પહોંચ્યા હતા અને તેમણે અરીહાનો કબજો લઈ શાહ પરિવાર પર જાતીય શોષણનો આરોપ લગાવ્યો હતો.આ સાંભળતા જ શાહ પરિવારના પગ તળે જમીન સરકી ગઈ હતી. જો કે, ભાવેશ શાહ અને ધારા શાહે દલીલો કરી, આજીજી પણ કરી પરંતુ માનવાધિકારનો ઝંડો પકડીને ફરતા જર્મન અધિકારીઓએ દંપતીની એકપણ વાત સાંભળી ન હતી અને અરીહાને પરિવારથી દૂર કરી દેવામાં આવી. જોકે, શાહ પરિવાર પરથી જાતીય શોષણનો આરોપ તો રદ થઈ ગયો પરંતુ કાયદાની આંટીઘૂંટીમાં ફસાયેલો શાહ પરિવાર છેલ્લા ૧૦ મહિનાથી પોતાની માસૂમ બાળકીનો કબજો મેળવવા તરસી રહ્યું છે.

પેલેસ્ટીન અને મસ્જિદુલ અકસાના મુદ્દા પર કરબલામાં સંમેલન, મહાત્મા ગાંધી અને નેલ્સન મંડેલાના પૌત્ર પણ થયા સામેલ



(એજન્સી) તા.૧૦

કરબલામાં ઈમામ હુસેન અલેહિસ્સલામ રોઝાના એડમિનિસ્ટ્રેશનના પ્રમુખ હસન રશીદ અલ-અબાયજીએ કરબલામાં જારી અલ-અકસાની ફરિયાદ નામની કોન્ફરન્સમાં જણાવ્યું કે, વર્તમાન અઠવાડિયાઓમાં વેસ્ટ બેંકના વિસ્તારમાં પેલેસ્ટીનીઓએ ઈઝરાયેલી સૈનિકોની વિરૂદ્ધ પોતાનો પ્રતિરોધ ખૂબ જ ઝડપી કરી દીધો છે, જેના પરિણામમાં જાયોની અધિકારી વ્યાકૂળ થઈ ગયા છે. ગત અઠવાડિયે જાયોની સૈનિકોએ વેસ્ટ બેંક પર હુમલો કર્યો, જેમાં એક પેલેસ્ટીની શહીદ અને ૧૧ ઘાયલ થઈ ગયા. હસાન રશીદ અલ-અબાયજીએ જણાવ્યું કે, ઈસ્લામી જગતને દાવત આપવામાં આવે છે કે, મસ્જિદુલ અકસાની મદદ માટે આગળ આવે. તેમણે જણાવ્યું કે, અમે પેલેસ્ટીનીઓના પ્રતિરોધનું સમર્થન કરીએ છીએ. પવિત્ર નગર કરબલામાં આ સમયે ઈમામ હુસેન (ર.અ.)ના ચેહલુમનો કાર્યક્રમ જારી છે અને સંપૂર્ણ વિશ્વમાંથી શ્રદ્ધાળુ કરબલા પહોંચી રહ્યા છે. જ્યારે સાથે જ અલ-અકસાની ફરિયાદ નામથી એક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. સંમેલનમાં કુદ્સની આઝાદી અને પેલેસ્ટીની જનતાના ઈન્કલાબમાં હુસેની આંદોલનની ભૂમિકાની તપાસ કરવામાં આવી રહી છે. સંમેલનમાં તેની પણ તપાસ કરવામાં આવી રહી છે કે, ઈઝરાયેલ સાથે સંબંધ સ્થાપિત કરવાના કેટલાક મુસ્લિમ રાષ્ટ્રોની સરકારોના પ્રયાસો પર અંકુશ લગાવવાની શું પદ્ધતિ હોઈ શકે છે. સંમેલનમાં ૬૦ દેશોની ૨૫૦ જ્ઞાની હસ્તીઓ સામેલ છે. મહાત્મા ગાંધી અને નેલ્સન મંડેલાના પૌત્ર પણ આ સંમેલનમાં સામેલ થયા છે.

અકબરી ટુર્સ (અહેમદાબાદ)
ઉમરાહ ઉમરાહ સાથે ઝિયારત
(ઈદેમિલાદ ઉમરાહ-૧૫ દિવસ ૨૯/૯/૨૦૨૨)
(ઈરાન-ઈરાક ઝિયારત)
(સાથે ઉમરાહ- ૩૦ દિવસ ૨૯/૧૦/૨૦૨૨)
રમઝાન ઉમરાહનું બુકિંગ ચાલુ છે
સંપર્ક : અલ્હાજ ઈકબાલ શેખ
૯૮૯૮૩૧૬૩૬૩

અલ સહદ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
હજ, ઉમરાહ ઝિયારત ટુર ઓર્ગેનાઈઝર
ઉમરાહ રમઝાન-2023 એડવાન્સ બુકિંગ ચાલુ
ઈદેમિલાદ મદીના શરીફમાં રવાનગી તા.24/9/2022 દિવસ : 16 થી 17 રૂ.1,05,000
દિવાળી વેકેશન ઉમરાહ (ઓક્ટોબર) અમદાવાદથી જુદા-જુદા થી અમદાવાદ રવાનગી તા.26/10/2022, દિવસ :15થી16 રૂ.95,000 (ડાયરેક્ટ ફ્લાઈટ)ઈન્ડીગોફ્લાઈટ
નવેમ્બર-ડિસેમ્બર, જાન્યુ.-ફેબ્રુ. અમદાવાદથી જુદા-જુદાથી અમદાવાદ દિવસ : 15 થી 16 , રૂ.95,000 ડાયરેક્ટ ફ્લાઈટ
નવેમ્બર-ડિસેમ્બર, જાન્યુ.-ફેબ્રુ. અમદાવાદથી અમદાવાદ, દિવસ : 28 રૂ.1,10,000 (ડાયરેક્ટ ફ્લાઈટ)
હેડ ઓફિસ : લોખંડવાલા હોસ્પિટલ પાસે, લીંબડી ચોક, જોર્ડન રોડ, દરિયાપુર, અહમદાબાદ - 380 001
હાજી કાસમભાઈ (ચા વાળા) મો.શહદ 8347063437
8401226544, 9725058828 મો.બિલાલ 8154041646

નાઈજીરિયા : દાઈશના ૧૦૦ આતંકી ડૂબી ગયા

(એજન્સી) તા.૧૦

નાઈજીરિયા સેનાથી બચવાના પ્રયાસમાં ૧૦૦થી વધુ દાઈશના આતંકી જે પહેલા બોકો હરામના સભ્ય હતા એક નદીમાં ડૂબી ગયા. સમાચાર મુજબ નાઈજીરિયન સેના અને સ્થાનિક સૂત્રોએ જણાવ્યું કે, પાછલા ગુરૂવાર અને શુક્રવારની રાત્રે દેશના પૂર્વોત્તર વિસ્તારમાં સેનાના કબજામાંથી ૧૦૦થી વધુ આતંકી ભાગવાનો પ્રયાસ કરી રહ્યા હતા જેમાંથી ૧૦૦ નદીમાં ડૂબીને મરી ગયા. સમાચાર મુજબ નાઈજીરિયન સેનાએ પાછલા અઠવાડિયે જ આતંકવાદીઓના ગઢ યજારામ નદીની આસપાસના વિસ્તારોને ખાલી કરવાનું અભિયાન શરૂ કર્યું હતું. પાછલા ગુરૂવારે આતંકવાદીઓના મુખ્યાલય પર સૈન્ય હુમલા દરમ્યાન પોલીસથી બચવા માટે તેમણે નદીમાં કૂદકો માર્યો પરંતુ તેમાંથી અનેક ડૂબી ગયા. નાઈજીરિયન સૂત્રો મુજબ બન્ને રાજ્યમાં યજારામ નદીને જમાતે એહ્લે સુન્નત વલ દાવાના આતંકવાદીઓનું મુખ્ય મુખ્યાલય ગણવામાં આવે છે. જેને બોકો હશન નામથી ઓળખવામાં આવે છે. આ જુથે ૨૦૧૬માં આઈએસઆઈએસની

આજ્ઞાપાલનનું વચન આપ્યું અને પોતાના જૂથનું નામ 'પશ્ચિમ આફ્રિકાની સરકાર' રાખી દીધું. નાઈજીરિયન સેનાના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે ૧૦૦થી વધુ આતંકવાદી નદીમાં ડૂબી ગયા અને સેનાએ તેમના મુખ્યાલયને નિશાન બનાવ્યું.

ઈઝરાયેલે રામલ્લાહમાં સ્કૂલ બંધ કરવાની ધમકી આપી

(એજન્સી) તા.૧૦

ઈઝરાયેલના કબજાવાળા અધિકારીઓએ કાલે રામલ્લાહના ઉત્તર-પશ્ચિમમાં દીર નિજામ ગામમાં એક પેલેસ્ટીની સ્કૂલને બંધ કરવાની ધમકી આપી હતી. જેમાં વિદ્યાર્થીઓ પર ઈઝરાયેલના કબજાવાળા સૈનિકો પર પથ્થર ફેંકવાનો આરોપ લગાવ્યો હતો. સ્કૂલના પ્રિન્સિપાલ બ્રદ્રશ્રેતાહે જણાવ્યું કે ઈઝરાયેલી કબજાવાળા દળોએ દીર નિજામ માધ્યમિક સ્કૂલને ઘેરી લીધી અને વિદ્યાર્થીઓ દ્વારા પથ્થરમારો જારી રહેવા પર તેને એક મહિના માટે બંધ કરવાની ધમકી આપી. ઈઝરાયેલી કબજાવાળા દળોએ પાંચ દિવસ પહેલાં સ્કૂલ વર્ષની શરૂઆતમાં સ્કૂલ પર દરોડા પાડ્યા અને શિક્ષકો પર હુમલો કરતા બે વિદ્યાર્થીઓને પોતાની ક્લાસમાંથી કસ્ટડીમાં લીધા.

પેલેસ્ટીની શિક્ષણ મંત્રાલયનું કહેવું છે કે ઈઝરાયેલી સેનાએ પહેલા આંતરરાષ્ટ્રીય કાયદા અને વિદ્યાર્થીઓના સુરક્ષિત વાતાવરણમાં શિક્ષણ મેળવવાના અધિકારનું ઉલ્લંઘન કરતા વેસ્ટ બેંકમાં સ્કૂલો અને શૈક્ષણિક સુવિધાઓની વિરૂદ્ધ જાણ કરીને અને બેદરકાર ઉપયોગની સાથે અનેક હુમલા કર્યા.

કરબલાની એક હોટલમાં આગ, બે લોકોનાં મૃત્યુ

(એજન્સી) તા.૧૦

કરબલા શહેરની એક હોટલમાં આગ લાગતા એક ઈરાની મહિલા સહિત બે લોકોનાં મોત થયા છે. ઈરાકમાં રાહત પહોંચાડનારી એક સમિતિએ નિવેદન જારી કરી જણાવ્યું છે કે, હોટલમાં લાગેલી આગમાંથી ૪૨ લોકોને સુરક્ષિત રીતે બહાર નીકાળી લેવામાં આવ્યા છે. બુધવારે કરબલાની ૬ માળની હોટલમાં ભીષણ આગ લાગતા તેની પર નિયંત્રણ માટે ફાયરબ્રિગેડના જવાનોને ઘણી મહેનત કરવી પડી. આ હોટલ પવિત્ર શહેર કરબલાના અલ-તરબિયાહ સ્કવેર પર સ્થિત છે. શહેરી રાહત સમિતિનું કહેવું છે કે, આગ લાગવાના કારણોની તપાસ શરૂ કરવામાં આવી છે, પરંતુ પ્રથમ દૃષ્ટિએ એવું લાગે છે કે, આ

આગ સુરક્ષા ઉપાયોની અવગણના કરવાના કારણે લાગી છે. ઉલ્લેખનીય છે કે, ૧૭ સપ્ટેમ્બરે ઈમામ હુસેનનું ચેહલુમ છે અને આ અવસર પર ઈરાક અને સંપૂર્ણ વિશ્વમાંથી કરોડો શ્રદ્ધાળુઓ કરબલા પહોંચે છે.

ગુજરાતને સુરક્ષિત રાખતી ડબલ એન્જિન સરકાર

રાજ્યની દીકરીઓ રાત્રે ગરબા ઘૂમીને સુરક્ષિત ઘરે પહોંચે છે તે ગુજરાતની આગવી ઓળખ છે

કોઈ પણ રાજ્યની સમૃદ્ધિ અને વિકાસના પાયામાં સૌથી મહત્ત્વની વાત છે, રાજ્યમાં શાંતિ, સુરક્ષા અને નાગરિકોની સલામતી. ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન ગણાય છે. તેના પાયામાં રાજ્યમાં પ્રવર્તતી શાંતિ અને સુરક્ષા રહેલી છે. રાજ્યની દીકરીઓ રાત્રે ગરબા ઘૂમીને સુરક્ષિત ઘરે પહોંચે છે તે ગુજરાતની આગવી ઓળખ છે. ગુજરાત રાજ્યની ગણના દેશના શાંત અને સુરક્ષિત રાજ્યમાં થાય છે. આટલી મજબૂત રાજ્યની સુરક્ષાનો પાયો રાજ્યમાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાખ્યો હતો, જેને આજે જાળવી રાખ્યો છે આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે. કેન્દ્રની મોદી સરકારના સતત મળતા સહયોગથી, રાજ્યની ભૂપેન્દ્રભાઈ પટેલ સરકારે સરહદી એવા ગુજરાત રાજ્યમાં આંતરરાષ્ટ્રીય સ્તરથી ડ્રગ્સને ઘૂસતું અટકાવ્યું છે. રાજ્યની ડબલ એન્જિન સરકાર દ્વારા લોકોની સુવિધા માટે ઈ-એફ.આઈ.આર. શરૂ કરવામાં આવી છે. લોકોની સુરક્ષા વધારવા માટે રાજ્યમાં સીસીટીવીનું મોટું નેટવર્ક ઊભું કરવામાં આવ્યું છે. મહિલાઓની સુરક્ષા માટે ખાસ ''શી-ટીમ''ની રચના કરવામાં આવી છે. રાજ્યમાં બાળકો વિરૂદ્ધ થતા ગુનાઓ ડામવા માટે સરકારે પોક્સો હેઠળ ઝડપથી કેસીસ ચલાવ્યા છે.

શી-ટીમ દ્વારા મહિલાઓ અને બાળકીઓની સુરક્ષા માટે ખાસ પ્રાધાન્ય આપવામાં આવે છે

શી-ટીમ

★ મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા રાજ્યમાં તમામ શહેર/જિલ્લામાં SHE-TEAM 24×7 કાર્યરત છે.

★ મહિલાઓ અને બાળકીઓની છેડતી અને પજવણી જેવા ગુના બનતા અટકાવવા માટે સ્કૂલ, કોલેજ, બાગ-બગીચા વગેરે જાહેર સ્થળો પર જઈ શી-ટીમની કામગીરીથી વાકેફ કરવામાં આવે છે.

★ શી-ટીમમાં ફરજ પરના અધિકારી/કર્મચારી મહિલાને લગતી ગુનાની માહિતી મળતા તુરંત જ ગુનાવાળી જગ્યાએ પહોંચી જાય છે.

★ શી-ટીમ દ્વારા મહિલાઓ અને બાળકીઓની સુરક્ષા માટે ખાસ પ્રાધાન્ય આપવામાં આવે છે.

★ ભોગ બનનાર મહિલાનુ નામ ગુપ્ત રાખવામાં આવે છે અને તેની સાથે સહાનુભૂતિ/સંવેદનશીલ વર્તન કરવામાં આવે છે.

★ પીક-અપ અવર્સ, બાગ-બગીચા, સ્કૂલ-કોલેજ શરૂ થવાના તથા છૂટવાના સમયને ધ્યાને લઈ

DIAL SHE Team For Any Reason

તેને અનુરૂપ ખાતે પેટ્રોલિંગ રાખવામાં આવે છે તેમજ ખાનગી કપડામાં હાજર રહી સામાજિક તત્ત્વો ઉપર જરૂરી વોચ રાખી જો વિદ્યાર્થિનીઓને હેરાન પરેશાન કરતા જાણાઈ આવે તો તેના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

★ બસ સ્ટેન્ડ, સ્કૂલ, કોલેજ, ટ્યુશન ક્લાસીસ, મોલ્સ, સીનેમાઘર, બાગ-બગીચા, શાક માર્કેટ, ખરીદી બઝાર, ધાર્મિક સ્થળો, મહિલા પી.જી હાઉસ-હોસ્ટેલ જેવી જગ્યાઓ તેમજ તહેવારો અને મેળાઓના સમયે સમયાંતરે ડ્રીલ્સનું આયોજન કરવામાં આવે છે.

★ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એકલા રહેતા સિનિયર સિટીઝન્સની નિયમિતપણે મુલાકાત લઈ તેઓની સગવડ, સુરક્ષા અને આરોગ્ય વગેરે બાબતોની કાળજી પણ શી-ટીમ દ્વારા રાખવામાં આવે છે.

★ મહિલા પોલીસ સ્ટેશન, ડાયલ ૧૦૦ નંબર, ૧૮૧ મહિલા અભયમ તરફથી મળતી મહિલા અંગેની ટેલિફોન વર્ધી અને ફરિયાદની ત્વરિત કામગીરી શી-ટીમ દ્વારા કરવામાં આવે છે.

★ રાજ્યમાં તમામ જિલ્લા અને શહેરોના કુલ ૪૮૦ પોલીસ સ્ટેશનમાં ૫૮૫ શી-ટીમ કાર્યરત છે, જેમાં ૩૦૮૭ પોલીસ કર્મચારી અને અધિકારીઓ કાર્યરત છે.

બાળકો વિરૂદ્ધ થતાં ગુના રોકવા માટે પોક્સો

★ રાજ્યમાં બાળકોના ગુનામાં પોક્સો હેઠળ કામગીરી કરવામાં આવે છે. મહિલાઓ અને બાળકો વિરૂદ્ધના અત્યાચારના અને બળાત્કારના બનતા બનાવોમાં તપાસની કામગીરી સમયસર થાય તથા ઝડપથી ચુકાદો આવે તે માટે અસરકારક મોનિટરિંગ કમિટીની રચના કરવામાં આવેલ છે.

★ આ કમિટી દ્વારા સગીર બાળાઓ ઉપર બળાત્કારના બનાવોમાં યોગ્ય રીતે ફરિયાદ નોંધાય અને ઝડપી તપાસ થાય તે સુનિશ્ચિત કરે છે. સાથે જ ચાર્જશીટ સમયસર ફાઈલ થાય, તપાસ દરમિયાન એફ.એસ.એલ.ના રિપોર્ટ તુરંત જ મળી રહે તેનું ધ્યાન રાખે છે.

★ સરકાર દ્વારા સગીર બાળા ઉપર બનતા અત્યાચારના ગુનાઓની તપાસમાં યોગ્ય સુપરવિઝન થાય અને પોલીસ કમિશનર તથા રેન્જ કક્ષાએ ગુનાદીઠ સમીક્ષા કરવા આદેશ કરવામાં આવ્યો છે. તેમજ સગીર બાળાઓ ઉપર તથા બળાત્કાર ગુનાની તપાસ ૬૦ દિવસમાં પૂરી કરવા અને ૪૫ દિવસમાં તપાસ પૂર્ણ કરી કોર્ટમાં ચાર્જશીટ સબમિટ થાય કરી તાત્કાલિક સંબધિત જિલ્લા/શહેરના પોલીસ અધિક્ષક/નાયબ પોલીસ કમિશનર કક્ષાના અધિકારીએ સંભાળવાની રહેશે.

ડબલ એન્જિન સરકાર — સપના સાકાર

★ તમામ કેસોમાં ઝડપી ચાર્જશીટ થાય છે. તેમજ ભોગ બનનારને વળતર મળી રહે તે માટે વળતર રિપોર્ટ પોલીસ દ્વારા સમયસર કરવામાં આવે છે.

વાહન ચોરી તેમજ મોબાઇલ ચોરી અંગેની ફરિયાદમાં સરળતા રહે તે હેતુથી ગુજરાત પોલીસનો નવો અભિગમ

ઈ-એફ.આઇ.આર

★ નાગરિકોને વાહન ચોરી તેમજ મોબાઈલ ચોરી અંગેની ફરિયાદમાં સરળતા રહે તે હેતુથી ગુજરાત પોલીસનો નવો અભિગમ છે ઈ-એફ.આઈ.આર

★ તારીખ.૨૩/૦૭/૨૦૨૨ના રોજ ગાંધીનગર ખાતે માન. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં વાહન ચોરી અને મોબાઈલ ચોરી માટે e - FIR સેવાનો શુભારંભ કરવામાં આવેલ છે.

★ ગુજરાત રાજ્ય પોલીસના સિટીઝન પોર્ટલ અને સિટીઝન ફર્સ્ટ મોબાઈલ એપ્લિકેશનની ઈ-એફ.આઈ.આર સેવા થકી નાગરિકો ઘરે બેઠા વાહન ચોરી તેમજ મોબાઈલ ચોરી અંગેની ફરિયાદ કરી શકશે.

★ ઈ-એફ.આઈ.આર અંતર્ગત નાગરિકને વાહન ચોરી

તેમજ મોબાઈલ ચોરી અંગેની ફરિયાદ કરવા માટે પોલીસ સ્ટેશન જવાની જરૂરિયાત રહેતી નથી. નાગરિક ગુજરાત પોલીસની સિટીઝન પોર્ટલ અથવા સિટીઝન ફર્સ્ટ મોબાઈલ એપ્લિકેશન એપના માધ્યમથી ગમે ત્યાંથી ઓનલાઈન ફરિયાદ નોંધાવી શકે છે.

★ નાગરિકે નોંધાવેલ ઈ-એફ.આઈ.આર.ની તપાસ અંગેની સ્થિતિ તેઓના પોતાના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપર એસ.એમ.એસથી મોકલવામાં આવશે.

★ ૪૮ કલાકમાં પોલીસ ફરિયાદીનો સંપર્ક કરી બનાવની જગ્યાની મુલાકાત લેશે. વાહન ચોરીના કિસ્સામાં ચોરાયેલ વાહન અંગેની જાણ વીમા કંપનીને પણ કરવામાં આવશે.

★ નાગરિકની ફરિયાદની તપાસ ૨૧ દિવસમાં પૂર્ણ કરી કોર્ટમાં રિપોર્ટ મોકલવામાં આવશે. જેથી નાગરિકોના ચોરાયેલ વાહનના વીમાની રકમ ઝડપથી મેળવી શકશે.

★ ઈ-એફ.આઈ.આર અંતર્ગત તા.૨૩/૭/૨૦૨૨થી ૨૫/૮/૨૦૨૨ સુધીમાં કુલ ૪૫૪ એફ.આઈ.આર. નોંધવામાં આવેલ છે.

VISWAS પ્રોજેક્ટ દ્વારા લોકોમાં બિહેવિયરલ ચેન્જ પણ જોવા મળી રહ્યો છે

VISWAS PROJECT

★ ગૃહ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા VISWAS Project અંતર્ગત રાજ્યના ૩૩-જિલ્લા મુખ્ય મથકો, ૬-યાત્રાધામો અને Statue of Unity, કેવડિયા કોલોની ખાતે ૭૦૦૦ જેટલા CCTV Camera લગાડી, CCTV Camera આધારિત સુરક્ષા અને સમન્વિત પરિવહન નિયંત્રણ વ્યવસ્થા (Integrated Traffic Management System) સ્થાપિત કરવામાં આવેલ છે.

★ આ ઉપરાંત ગુજરાતના નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રાજ્ય પોલીસ દળમાં ૧૦,૦૦૦ Body Worn Camera અને 15 Drone based Cameraનો ઉમેરો થયેલ છે.

★ જાહેર માર્ગ પર લગાવવામાં આવેલ CCTV Camera, પોલીસના ગણવેશ પર લગાડેલ Body Worn Camera અને આકાશમાં

ઊડતા Drone based Camera એમ ત્રણેય પ્રકારના કેમેરાની આંખથી 'ત્રિનેત્ર' સ્વરૂપે ગુજરાતના નાગરિકોની સુરક્ષા અને સલામતી માટેની ત્રિસ્તરીય વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

★ VISWAS Project દ્વારા હિટ એન્ડ રન અને માર્ગ અકસ્માતના ૯૫૯ કેસ, અપહરણ, ગુમ થયેલ વ્યક્તિ કે ચીજવસ્તુઓના ૬૭૨ કેસ, ચોરી, લૂંટ, ધાડ, ચીલ ઝડપના ૧૫૦૧ કેસો તેમજ અન્ય ગુના બાદની તપાસના ૫૩૬ કેસો મળીને કુલ ૩૬૦૦થી વધુ કેસો શોધવામાં મદદરૂપ થયેલ છે.

★ VISWAS પ્રોજેક્ટના પરિણામે રાજ્યમાં વર્ષ ૨૦૧૮ની તુલનામાં વર્ષ ૨૦૨૧માં તમામ ચોરીઓના કેસો શોધવાના દરમાં અંદાજે ૧૩ %નો વધારો, લૂંટના કેસો શોધવાના દરમાં અંદાજે ૧૩%નો વધારો, ધાડના કેસો શોધવાના દરમાં અંદાજે ૪%નો વધારો, ઘરફોડના કેસો શોધવામાં અંદાજે ૭%નો અને રમખાણો/તોફાનોના આરોપીઓને પકડવામાં અંદાજે ૩%નો વધારો થયેલ છે.

★ આ પ્રોજેક્ટ અંતર્ગત લગાવવામાં આવેલા CCTV Cameraનો ઉપયોગ તેમજ કોઈ અનિચ્છનીય બનાવો ન બને તે માટે ચોક્સાઈપૂર્વક મોનિટરિંગ કરવા માટે થાય છે. રાજ્યમાં દરેક જિલ્લાની પોલીસ દ્વારા આ પ્રકારના કુલ ૩૨૦૦થી વધુ ધાર્મિક પ્રસંગો, તહેવાર, સરઘસ, મેળા વખતે અસરકારક ટ્રાફિક નિયમન માટે પ્રસંગો દરમિયાન CCTV Cameraનો અસરકારક ઉપયોગ કરવામાં આવેલ છે.

★ VISWAS પ્રોજેક્ટ અંતર્ગત લગાવવામાં આવેલ CCTV Cameraની Traffic Management System તેમજ માર્ગ સલામતીના અન્ય અસરકારક પગલાઓના પરિણામે, રાજ્યમાં માર્ગ અકસ્માતોના કેસોમાં વર્ષ ૨૦૧૮ની તુલનામાં વર્ષ ૨૦૨૧માં અંદાજે ૧૯% જેટલો ઘટાડો થયેલ છે. આ સમયગાળા દરમિયાન માર્ગ અકસ્માતના કારણે થતી ઈજાઓમાં અંદાજે ૨૧%તેમજ મૃત્યુમાં અંદાજે ૭% જેટલો ઘટાડો થયેલ છે.

★ જાહેર જગ્યાએ CCTV Camera હોવાથી ગુનેગારો વિરૂદ્ધ deterrence ઊભા કરવામાં અને જાહેર જનતામાં સુરક્ષા અને સલામતીની ભાવના જગાવવામાં મદદરૂપ થયેલ છે.

★ VISWAS પ્રોજેક્ટ દ્વારા લોકોમાં બિહેવિયરલ ચેન્જ પણ જોવા મળી રહ્યો છે.

• માર્ગ સલામતી અંગે લોકો જાગૃત થયેલ છે, વાહનચાલકો હવે ચાલુ વાહને મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાનું ટાળે છે, યોગ્ય નિયમ મુજબની સ્પીડમાં કાળજીપૂર્વક વાહન ચલાવે છે તેમજ પોતાના વાહનને પાર્ક કરવામાં પણ ધ્યાન રાખે છે અને યોગ્ય જગ્યાએ જ વાહન પાર્ક કરે છે.

• દ્વિચક્રી વાહનના ચાલકો હવે નિયમિત હેલ્મેટ પહેરે છે તેમજ કારચાલકો સીટ બેલ્ટ બાંધીને જ વાહન ચલાવવાનું પસંદ કરે છે.

• લોકોના રોડ વપરાશના વ્યવહારમાં સુધારો થયેલ છે. ટ્રાફિક જંકશન પર CCTV Camera લગાવવાથી હવે લોકો red signalનો ભંગ કરવાનું ટાળે છે અને ટ્રાફિકના નિયમોનું ગંભીરતાથી પાલન કરે છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

બિલ્કીસ બાનોના બળાત્કારીઓને આપવામાં આવેલી માફી વિશે આંતરરાષ્ટ્રીય કાયદો શું કહે છે ?

૨૦૦૨ પછીના ગોધરા રમખાણોના બિલ્કીસ બાનો કેસમાં બળાત્કાર અને હત્યા માટે દોષિત ઠરેલા લોકો, ગુજરાત સરકારે તેમની માફીની નીતિ હેઠળ તેમની મુક્તિની મંજૂરી આપ્યા પછી, ગોધરા સબ-જેલમાંથી બહાર આવતાં તેઓનું સ્વાગત કરવામાં આવી રહ્યું છે, ગોધરામાં, સોમવારે, ઓગસ્ટ ૧૫, ૨૦૨૨.

હેગમાં ઇન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટનું હેડક્વાર્ટર

૨૦૦૨ના ગુજરાત રમખાણો દરમિયાન ગેંગરેપનો ભોગ બનેલી બિલ્કીસ બાનો ૨૪ એપ્રિલે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધિત કરી રહી છે.

ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટના કાનૂનમાં પીડિતોને ન્યાયના કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે. ભારતમાં, દોષિતને માફી આપતા પહેલા પીડિતોના મંતવ્યો સાંભળવા માટે કોઈ સમાન કાનૂન ફરજિયાત નથી

પ્રશ્નાર્થ
- સૌમ્યા ઉમા

બિલ્કીસ બાનો અને તેના પરિવારના સભ્યો સામે આચરવામાં આવેલ ફોજદારી ગુના કોઈ સામાન્ય ગુના ન હતા. તેઓ બળાત્કાર અને હત્યાના બહુવિધ ગુનાઓ હતા, જેમાં બાળકોની હત્યાનો સમાવેશ થાય છે. તેઓ એક મુસ્લિમ વિરોધી પ્રોગ્રામના સંદર્ભમાં આયોજિત, સંગઠિત અને સંકલિત રીતે ગુજરાતના ઘણા ભાગોમાં વ્યવસ્થિત હુમલા દ્વારા આચરવામાં આવેલા સામૂહિક અપરાધો હતા. ભારતીય કાયદા અને પ્રક્રિયાની ટીકા કરીને ગયા મહિને બિલ્કિસ બાનોના કેસમાં અગિયાર દોષિતોને આપવામાં આવેલા માફીના આદેશની કાયદેસરતા વિશે ઘણું લખવામાં અને બોલવામાં આવ્યું છે. આ લેખ આંતરરાષ્ટ્રીય કાયદાના પરિપ્રેક્ષ્ય દ્વારા જાહેર પ્રવચનમાં ઉમેરવાનો પ્રયાસ કરે છે.

૧૯૪૫થી 'માનવતા વિરુદ્ધના ગુનાઓ'ની વ્યાખ્યામાં વિવિધ ફેરફારો થયા છે, જ્યારે તે ન્યુરેમબર્ગ ખાતેના આંતરરાષ્ટ્રીય લશ્કરી ટ્રિબ્યુનલના ચાર્ટર હેઠળ પ્રથમવાર કોડીફાઇડ કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે, યુદ્ધ સાથે તેની સાંઠગાંઠ દૂર કરવામાં આવી હતી, તેથી તેને યુદ્ધના સમયે અથવા શાંતિના સમયમાં આચરવામાં આવેલ ફોજદારી ગુનો બનાવે છે. દાયકાઓ પછી, ભૂતપૂર્વ યુગોસ્લાવિયા (ICTY) માટે ઈન્ટરનેશનલ ક્રિમિનલ ટ્રિબ્યુનલના કાનૂન અને રવાન્ડા માટે ઈન્ટરનેશનલ ક્રિમિનલ ટ્રિબ્યુનલ (ICTR)ના કાનૂન, 'માનવતા વિરુદ્ધના ગુના ઓ'ને વ્યાખ્યાયિત કરે છે અને સ્પષ્ટપણે 'બળાત્કાર'ને માનવતા વિરુદ્ધના અપરાધ તરીકે સમાવે છે.

૧૯૯૮માં, વૈશ્વિક સમુદાયે ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC)ની સ્થાપના કરતા રોમ કાનૂન અપનાવ્યો, જેણે આંતરરાષ્ટ્રીય કાયદા (નરસંહાર, યુદ્ધ અપરાધો અને આક્રમણ સાથે) હેઠળના ચાર સૌથી જઘન્ય અપરાધો પૈકીના એક તરીકે 'માનવતા વિરુદ્ધના અપરાધો'ની જોડણી કરી. જે વ્યક્તિઓ પર કાયમી કોર્ટમાં કાર્યવાહી કરવામાં આવે છે. કાનૂન કલમ ૭માં માનવતા વિરુદ્ધના ગુનાઓને જોગવાઈમાં સૂચિબદ્ધ કોઈપણ કૃત્યો તરીકે વ્યાખ્યાયિત કરે છે, જ્યારે હુમલાની જાણકારી ધરાવતી નાગરિક વસ્તી સામે ''વ્યાપક અથવા વ્યવસ્થિત હુમલા''ના ભાગ રૂપે કરવામાં આવે છે. આ યાદીમાં હત્યા, બળાત્કાર અને અન્ય જાતીય અને લિંગ આધારિત હિંસાનો સમાવેશ થાય છે. ગુજરાતમાં સાંપ્રદાયિક પ્રોગ્રામ - અને બિલ્કીસના પરિવાર પર થયેલા બહુવિધ બળાત્કાર અને હત્યાઓ - 'માનવતા વિરુદ્ધના અપરાધો'ના દાયરામાં આવે છે.

જઘન્ય ગુનાઓમાં સુધારણા

આંતરરાષ્ટ્રીય ફોજદારી કાયદામાં, એક્ઝિક્યુટિવ વિવેકબુદ્ધિ તરીકે માફીની કોઈ જોગવાઈ નથી. એકવાર ICCએ વ્યક્તિને દોષિત ઠરાવી અને સજા સંભળાવ્યા પછી, સજાની વિરુદ્ધ, સમીક્ષાની જોગવાઈ છે (જેમાં સજા ઘટાડવાનો સમાવેશ થાય છે). કાર્યવાહી અને પુરાવાના નિયમોનો નિયમ ૨૨૩ અપીલ ચેમ્બરના ત્રણ ન્યાયાધીશોને જો સજા ઘટાડવી જોઈએ કે કેમ તેની સમીક્ષા કરવાની સત્તા આપે છે, જેમાં નીચેના માપદંડોના નિર્ધારિત સમૂહના આધારેઃ

(a) અટકાયતમાં હોય ત્યારે સજા પામેલી વ્યક્તિનું વર્તન, જે તેના ગુનાથી સાચા અર્થમાં અલગતા દર્શાવે છે;

(b) સજા પામેલા વ્યક્તિના પુનર્વસન અને સફળ પુનઃસ્થાપનની સંભાવના;

(c) શું સજા પામેલ વ્યક્તિની વહેલી મુક્તિ નોંધપાત્ર સામાજિક અસ્થિરતાને જન્મ આપશે;

(d) સજા પામેલા વ્યક્તિ દ્વારા પીડિતોના લાભ માટે તેમજ વહેલી મુક્તિના પરિણામે પીડિતો અને તેમના પરિવારો પર કોઈ અસર પડે તે માટે કરવામાં આવેલ કોઈપણ નોંધપાત્ર પગલાં;

(e) સજા પામેલા વ્યક્તિના વ્યક્તિગત સંજોગો, જેમાં શારીરિક અથવા માનસિક સ્વાસ્થ્યની બગડતી સ્થિતિ અથવા મોટી ઉંમરનો સમાવેશ થાય છે. (અહીં ભાર અપાયો છે)

સ્પષ્ટ માપદંડ સજાને ઘટાડવામાં સત્તાના મનસ્વી ઉપયોગને અટકાવે છે. ICC કાનૂનમાં, સજામાં ઘટાડો એ ન્યાયિક આદેશ રહે છે અને વહીવટી વિવેકબુદ્ધિ નથી.

કોઈ પૂછી શકે છે - શું જઘન્ય અપરાધોના દોષિતોમાં સુધારો થઈ શકે છે ? ભારતે મૃત્યુદંડની જાળવણીમાં પોતાને નિશ્ચિતપણે સામેલ કર્યું છે - એક અહેવાલ મુજબ ૨૦૨૧માં છેલ્લા ૧૭ વર્ષમાં મૃત્યુદંડની સજા પામેલા કેદીઓની સૌથી વધુ સંખ્યા (૪૮૮) છે. આંતરરાષ્ટ્રીય સમુદાય, તે દરમિયાન, સજાના સુધારાત્મક સિદ્ધાંતના સમર્થનમાં, સૌથી ગંભીર ગુનાઓ માટે પણ, મૃત્યુદંડની નાબૂદી તરફ નિશ્ચિતપણે આગળ વધ્યો છે.

દાખલા તરીકે, ICC કાનૂનની કલમ ૭૭ વધુમાં વધુ ત્રીસ વર્ષની કેદ અથવા ''જ્યારે ગુનાની આત્યંતિક ગંભીરતા અને દોષિત વ્યક્તિના વ્યક્તિગત સંજોગો દ્વારા ન્યાયી ઠેરવવામાં આવે ત્યારે આજીવન કેદની સજા''ની જોગવાઈ કરે છે.

ICC કાનૂનનો મુસદ્દો બનાવનારાઓએ મૃત્યુદંડ લાદવા માટે ICCના ન્યાયાધીશો માટે ખુલ્લું છોડ્યું ન હતું (ભલે ગુનો કેટલો જઘન્ય હોય). ICC કાનૂન માટેની વાટાઘાટોમાં, દંડ પરના કાર્યકારી જૂથે વિવાદાસ્પદ ચર્ચા કરી હતી, જેમાં કેટલાક પ્રતિનિધિમંડળોએ ગુનાઓના ઘૃણાસ્પદ સ્વભાવને કારણે મૃત્યુદંડનો સમાવેશ કરવા પર ભાર મૂક્યો હતો, જ્યારે અન્ય પ્રતિનિધિમંડળોએ દોષિતો સાથે માનવીય વ્યવહાર અને તેમના સુધારણા અને પુનર્વસનની શક્યતાની હિમાયત કરી હતી.

કલમ ૭૭ ધ્રુવીકરણ દ્રષ્ટિકોણ વચ્ચે સમાધાન તરીકે ઘડવામાં આવી હતી. આમ, ICC કાનૂન આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ સૌથી ગંભીર ગુનાઓ માટે દોષિત ઠેરવવામાં આવે ત્યારે પણ વ્યક્તિ દ્વારા સુધારણાની શક્યતા પર વિચાર કરે છે. જો કે, તે નિયમ ૨૨૩ (ઉપર ચર્ચા કરેલ)માં નિર્ધારિત સ્પષ્ટ, બુદ્ધિગમ્ય અને પારદર્શક માપદંડોના આધારે છે કે સજામાં ઘટાડો અપીલ ચેમ્બરના ન્યાયાધીશો દ્વારા નક્કી કરવામાં આવશે.

પીડિતોનો ભાગીદારીનો અધિકાર

આંતરરાષ્ટ્રીય કાયદામાં, 'પીડિતો'ની ખૂબ ચોક્કસ વ્યાખ્યા અને અધિકારોનો વ્યાપક સમૂહ છે. ICC કાનૂનમાં, પીડિતોને આંતરરાષ્ટ્રીય ફોજદારી ન્યાયના કેન્દ્રમાં મૂકવામાં આવ્યા છે, અને તેમના અધિકારો ત્રણ મુખ્ય શ્રેણીઓમાં આવે છેઃ રક્ષણનો અધિકાર (ધમકી, ધાકધમકી, બળજબરી અને દબાણથી), ભાગીદારી (ન્યાય માટેની કાર્યવાહીમાં) અને વળતર (નુકસાનને સુધારવા માટે). ICCમાં પીડિતોના અધિકારોની અન્યત્ર વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

ICC કાનૂન દ્વારા પીડિતોને ફોજદારી ન્યાયના વિતરણમાં મહત્વપૂર્ણ હિસ્સેદારો તરીકે માન્યતા આપીને કાર્યવાહીમાં પીડિતોની સહભાગિતાને અત્યંત મહત્વ આપવામાં આવ્યું છે. ICCમાં પ્રેક્ટિસનું અવલોકન કરીને, તમે અનુમાન લગાવી શકો છો કે પીડિતાની ભાગીદારી નીચેના તબક્કામાં સ્પષ્ટ છેઃ જ્યારે ફરિયાદી તપાસ શરૂ કરવા માટે અધિકૃત કરવા માટે પ્રી-ટ્રાયલ ચેમ્બરને વિનંતી કરે છે; જ્યારે કોર્ટ ICCના અધિકારક્ષેત્ર સામેના પડકારો અને કેસની સ્વીકાર્યતા સાથે કામ કરે છે; જ્યારે શંકાસ્પદના આરોપોની પુષ્ટિ કરવા માટે સુનાવણી હાથ ધરવામાં આવે છે; જ્યારે શંકાસ્પદની ધરપકડ કરવામાં આવે છે અને ટ્રાયલ માટે ICC સમક્ષ રજૂ કરવામાં આવે છે; ટ્રાયલ દરમિયાન; સજા દરમિયાન અને વળતર માટે સુનાવણી દરમિયાન.

ભારતમાં, માફી સંબંધિત નિયમોમાં જણાવેલ પીડિતોના મંતવ્યો સાંભળવા માટે એકસરખી કાનૂની ફરજ નથી. સંબંધિત કાયદો (કોડ ઑફ ક્રિમિનલ પ્રોસિજરની કલમ ૪૩૨, ૪૩૩ અને ૪૩૩છ) જણાવે છે કે જેલ એડવાઇઝરી બોર્ડે ફરજિયાતપણે ટ્રાયલ કોર્ટનો અભિપ્રાય સાંભળવો જોઈએ. ટ્રાયલ કોર્ટનો અભિપ્રાય અનિવાર્ય હોવા છતાં, આ પૂરતું ન હોઈ શકે કારણ કે ટ્રાયલ કોર્ટ પોતાને પીડિતોના પગરખાંમાં મૂકવાની સ્થિતિમાં ન હોઈ શકે અને દોષિત ઠરાવ્યા અને સજા પૂરી થયાના ઘણા વર્ષો પછી તેમની ચિંતાઓની કલ્પના કરી શકે.

આથી, માફીનો આદેશ જારી કરતા પહેલા પીડિતોના અથવા તેમના પ્રતિનિધિઓના મંતવ્યો સાંભળવા એ પીડિતોના સહભાગિતાના અધિકારનું એક મહત્વપૂર્ણ પાસું છે. જો પીડિતોના મંતવ્યો અપ્રમાણિત, અતિશયોક્તિપૂર્ણ, ખોટા, વેર ભર્યા, વ્યર્થ અથવા ભાવનાત્મક લાગે, તો બોર્ડ લેખિતમાં આપેલા કારણો સાથે તેમના દૃષ્ટિકોણને અવગણી શકે છે. જો કે, માફી જારી કરવાનું નક્કી કરતી વખતે તેમને તેમના મંતવ્યો રજૂ કરવાની તકનો ઇનકાર કરવો પીડિતોના સહભાગિતાના અધિકારને નબળો પાડે છે.

સુધારાત્મક ન્યાય

ઘણીવાર એવી ગેરસમજ છે કે ક્ષતિપૂર્તિ અને વળતર સમાનાર્થી છે. આંતરરાષ્ટ્રીય કાયદામાં, ક્ષતિપૂર્તિમાં વળતર કરતાં ઘણું બધું વધુ સામેલ છે અને તેમાં પાંચ મુખ્ય ઘટકોનો સમાવેશ થાય છે જે પીડિતને થયેલા નુકસાનને 'ભરપાઈ' કરવામાં મદદ કરશે. આમાં પુનઃપ્રાપ્તિ (પીડિતને ગુના પહેલાની પરિસ્થિતિમાં પુનઃસ્થાપિત કરવા), વળતર (આર્થિક રીતે આકારણી કરી શકાય તેવા નુકસાન માટે), પુનર્વસન (તબીબી અને મનોવૈજ્ઞાનિક સંભાળ, કાનૂની સહાય અને સામાજિક સહાય સેવાઓ સહિત), સંતોષ (ઘણી વખત સત્યના ખુલાસા માટે જરૂરી) અને પુનરાવર્તન ન થવાની બાંયધરી સામેલ છે.

આ તત્વોને ૨૦૦૬માં યુએન જનરલ એસેમ્બલી દ્વારા અપનાવવામાં આવેલા પીડિતો માટેના ઉપાય અને વળતરના અધિકાર અંગેના મૂળભૂત સિદ્ધાંતો અને માર્ગદર્શિકામાં વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે. બિલ્કીસ બાનોના કિસ્સામાં, રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવેલા વળતર સિવાય, અન્ય ક્ષતિપૂર્તિ ભાગ્યે જ કરવામાં આવી છે. પુનરાવર્તિત ન થવાની બાંયધરી અમૂર્ત છે પરંતુ પીડિતો માટે સાંકેતિક મહત્વ ધરાવે છે. જ્યાં દોષિતોએ કરેલા ભયાનક અપરાધો માટે કોઈ પસ્તાવો નથી, અને તેના બદલે, તેમનું સેલિબ્રિટી તરીકે પરાક્રમી સ્વાગત કરવામાં આવે છે, ત્યાં પીડિતો અથવા તેમના સમુદાયના અન્ય સભ્યો માટે, ગુનાઓનું પુનરાવર્તન ન થાય તેની કોઈ સંભવિત ગેરેંટી હોઈ શકે નહીં.

રાજ્યની જવાબદારીઓ અને યોગ્ય કર્તવ્યપરાયણતા

ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ડ્રગ્સ માફિયાઓ વિરૂદ્ધ કડકમાં કડક પગલા લેવા કટીબધ્ધ છે અને હજુ પણ કડક હાથે કામગીરી કરવામાં આવશે. ગુજરાત એટીએસ અને સુરત ક્રાંઈમ બ્રાંચને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, એટીએસ અને ક્રાઈમ બ્રાંચના અધિકારીઓએ સાથે મળીને ગઈકાલે કલકત્તામાં ડી.આઈ.આર. સાથે મળીને ૨૮૦ કરોડનું ૩૯ કિલો ડ્રગ્સ પકડ્યું છે. આ ડ્રગ્સ કલકત્તાના પોર્ટ પરથી ગુજરાતની એટીએસની મદદથી મળ્યું છે. રાજયની પોલીસે ગુજરાત નહી પણ દેશની અનેક રાજયની સીમાઓ પર જઈને કેન્દ્ર સરકારની એજન્સીઓ સાથે મળીને ડ્રગ્સ નેટવર્કને તોડવામાં મોટી ભૂમિકા અદા કરી છે. ભારત-પાકિસ્તાની બોર્ડર પર ગોળીઓનો સામનો કરીને જાંબાઝ જવાનોએ કાર્યવાહી કરી છે.

સુરત જિલ્લા કલેકટર કચેરી ખાતેથી પત્રકારોને વિગતો આપતા મંત્રીએ જણાવ્યું કે, ગુજરાતની પોલીસે છેલ્લા એક વર્ષમાં ૪૫૦ સ્થળોએ રેડ પાડીને અંદાજિત ૬૫૦૦ કરોડની કિંમતનો ડ્રગ્સનો જથ્થો પકડ્યો છે. સાથે ૬૫૦થી વધુ ડ્રગ્સ માફિયાઓને પણ જેલ ભેગા કરવામાં આવ્યા છે. તેમાંથી આજદિન સુધી કોઈને પણ જામીન ન મળ્યા હોવાનું મંત્રીએ કહ્યું હતું.

ગુજરાત સરકારની ડ્રગ્સ રિવોર્ડ પોલીસી ડ્રગ્સ પકડવામાં સૌથી અગત્યની ભૂમિકા રહી હોવાનું જણાવતા મંત્રીએ જણાવ્યું કે, આ પોલીસીના કારણે અલગ-અલગ રાજયની વિગતો આપણને મળી રહી છે. બાતમીદારોને ડ્રગ્સ વિશેની માહિતી માટે મોટી ઈનામી રકમ આપવામાં આવે છે જેથી ગુજરાત પોલીસને ડ્રગ્સ વિશેની મહત્ત્વની માહિતી મળે છે. અન્ય રાજયોની પોલીસ પણ આ ડ્રગ્સ પોલીસીની વિગતો આપણી પાસેથી મંગાવે છે. સૌએ સાથે મળીને ડ્રગ્સની લડાઈમાં કાર્ય કરવાનો અનુરોધ કર્યો હતો. ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, દેશના યુવાધનને ખોખલુ કરતા ડ્રગ્સ માફિયાઓને પકડવા માટે પોલીસ સઘન કામગીરી કરી રહી છે ત્યારે કેટલાક લોકો દ્વારા ગુજરાતની પોલીસને ખોટી રીતે બદનામ કરવામાં આવી રહી છે. ડ્રગ્સના નેટવર્ક તુટવાથી પાકિસ્તાન-અફઘાનિસ્તાનના ડ્રગ્સ માફિયાઓને મોટું નુકશાન પહોચ્યું છે. રાજયની પોલીસ કોઈ પણ રીતે પીછેહઠ કરશે નહીં. મહારાષ્ટ્ર, પંજાબ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, દિલ્હી, કલકત્તા જેવા અનેક રાજયના યુવાનોનું જીવન બરબાદ થતા અટકાવવાનું કાર્ય કરી રહ્યા છીએ. રાજયની પોલીસ દ્વારા ડ્રગ્સ સામેની લડાઈની વિગતો આપતા કહ્યું કે, તાજેતરમાં નવી દિલ્હીમાં પકડવામાં આવેલું ડ્રગ્સ અને મુઝફ્ફરમાં પકડાયેલા ડ્રગ્સ અંગેની વિગતો પણ આપણી પોલીસે આપી હોવાનું તેમણે જણાવ્યું હતું. ગુજરાતએ દેશભરમાં સૌથી વધુ રોજગારી આપીને યુવાનોના સ્વપ્નાઓને સાકારિત કરનારૂં રાજય છે. ડ્રગ્સ પર રાજનીતિ ન થવી જોઈએ. ડ્રગ્સ સામેની લડાઈ વધુ મક્કતાથી આગળ વધારવાની પ્રતિબદ્ધતા તેમણે વ્યકત કરી હતી.

આણંદ જિલ્લામાં કોંગ્રેસ દ્વારા અપાયેલ સાંકેતિક ગુજરાત બંધના એલાનનો મિશ્ર પ્રતિસાદ

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૦

(તસવીર :- બુરહાન પઠાણ, આણંદ)

આણંદ શહેર સહિત જિલ્લા ભરમાં મોંઘવારીના વિરોધમાં કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા સાંકેતિક ગુજરાત બંધની નહીવત અસર જોવા મળી હતી જો કે આંકલાવ પેટલાદમાં કેટલાક વિસ્તારો બંધ રહ્યા હતા જયારે આણંદમાં અને આંકલાવમાં મોંઘવારીની વિરૂદ્ધમાં રેલી કાઢતા કોંગ્રેસનાં દિગ્ગજ નેતાઓ ભરતસિંહ સોલંકી અને અમિત ચાવડાની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

આણંદ શહેરમાં કોંગ્રેસ સમિતી ખાતેથી કોગ્રેસનાં પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીનાં નેતૃત્વમાં કોંગ્રેસનાં ધારાસભ્ય કાંતીભાઈ સોઢા પરમાર સહીત કાર્યકરોએ રેલી કાઢી હતી અને સુત્રોચ્ચાર કરી મોંઘવારીનો વિરોધ કરતા ગ્રીડ ચોકડીથી નવા બસસ્ટેન્ડ તરફ રેલી આગળ વધતા પોલીસ દ્વારા પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, ધારાસભ્ય કાંતીભાઈ સોઢાપરમાર, કાઉન્સિલર ઈલ્યાસ આઝાદ, વિપક્ષના નેતા સલીમશા દિવાન, શહેર પ્રમુખ મહેસભાઈ સોલંકી સહિત કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી અને તેઓને ટાઉન પોલીસ મથકમાં લઈ જઈ સમય વિત્યા બાદ મુક્ત કરવામાં આવ્યા હતા.

જ્યારે આંકલાવ તાલુકાના આસોદર ચોકડી પર આજે બંધની અસર જોવા મળી હતી. આસોદરનું માર્કેટ યાર્ડ શાકમાર્કેટ અને અન્ય બજારો બંધ રહ્યા હતા જયારે આંકલાવમાં બંધની નહિવત અસર જોવા મળી હતી, જયારે આંકલાવ તાલુકા કોંગ્રેસ દ્વારા આસોદર ચોકડી પાસે હાઈવે પર ટાયરો સળગાવી ચક્કાજામ કરી રેલી કાઢી પ્લેકાર્ડ પ્રદર્સિત કરી મોંધવારીની વિરૂદ્ધમાં સુત્રોચ્ચાર કર્યો હતો.જેને લઈને પોલીસ દ્વારા પૂર્વ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સહિત કોંગેસના કાર્યકરોની અટકાયત કરી હતી જયારે પેટલાદ શહેરમાં શાકમાર્કેટ, ચાવડી બજાર, સ્ટેશન રોડ પર બજારો અને દુકાનો બંધ રહી હતી જયારે સરદાર ચોકમાં પણ દુકાનો બંધ રહી હતી જયારે રણછોડ મંદિર, ચાવડી બજાર અને ઝંડાબજાર વિસ્તારમાં બંધની નહિવત અસર થઈ હતી.

તારાપુરમાં પણ બજારો બંધ રહ્યા હતા જેને લઈને તારાપુરમાં બંધને મિશ્ર પ્રતિસાદ સાંપડયો હતો, જયારે ખંભાત અને બોરસદમાં પણ બંધને મિશ્ર પ્રતિસાદ સાંપડ્યો હતો જયારે ગ્રામ્ય વિસ્તારોમાં બંધની કોઈ અસર જોવા મળી ન હતી.

ડાકોર ઉમરેઠ રોડ પર ત્રીપલ અકસ્માત સર્જતા બેને ઈજા

નડિયાદ, તા.૧૦

ડાકોર નજીક ઉમરેઠ રોડ પર આજરોજ સવારના ૧૧:૩૦ વાગ્યાના અરસામાં ત્રીપલ અકસ્માત સર્જાયો હતો આ અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓને ઈજા થતાં તેમને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. ડાકોર નજીક ઉમરેઠ રોડ પર ડાકોર તરફથી ઉમરેઠ તરફ જતા ડમ્પર ગાડી નંબર GJ-11-Z-8800નો ચાલક ઓવરટેક કરતા ઉમરેઠથી ડાકોર તરફ જતી આઈસર ગાડી નંબર (GJ-06-TT-6284) સાથે ધડાકા ભેર અથડાયો હતો તે વખતે આઈસરની પાછળ આવતી ઈકો ગાડી નંબર (GJ-23-BL-7671) આઈસર સાથે અથડાતા તે પણ આ અકસ્માતનો ભોગ બની હતી. અકસ્માતમાં આઈસર ચાલક વિનોદ ઘટુભાઈ વણઝારા (ઉંમર વર્ષ ૩૨ રહેઠાણ અમદાવાદ)ને પગમાં ફ્રેક્ચર તથા શરીરમાં ગંભીર ઈજા થતા ડાકોર રેફરલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે ૧૦૮ના માધ્યમ નડિયાદ રીફર કરવામાં આવ્યા છે. જયારે અન્ય વ્યક્તિઓ જેમાં આઈસર ચાલકના ક્લીનર દશરથભાઈ પરમાર (રહેઠાણ અમદાવાદ)ને સામાન્ય ઈજા તથા ઈકો ગાડીના ચાલકના પત્ની સાવિત્રીબેન સુખદેવભાઈ સોલંકી (ઉંમર વર્ષ ૫૨ ગામ કઠાણા)ને ઘટનાસ્થળેથી ૧૦૮ના માધ્યમથી ડાકોર રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ગફલત ભરી રીતે ડમ્પર ચલાવતા અકસ્માત સર્જાયો હતો ત્યારબાદ ડમ્પરચાલક અકસ્માત સર્જી સ્થળ પરથી ભાગી છૂટેલો હતો.

વડોદરા પોલીસે માનવતાનું ઉદાહરણ પૂરૂં પાડ્યું

પોલીસ સાથે ઘર્ષણ બાદ અધવચ્ચે રસ્તામાં ગણેશ પ્રતિમાને મૂકી દેતાં પોલીસે વિસર્જન કર્યું

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

ગઈકાલે ગણપતિનું ઠેર-ઠેર વિસર્જન કરવામાં આવી રહ્યું હતું. ગઈકાલે ગરમી અને બફારાના કારણે વડોદરામાં ગણપતિ વિસર્જનનું શિડ્યુલ બદલાઈ ગયું હતું. દરમિયાન ગતરાત્રે માંજલપુર વિસ્તારમાં પોલીસ અને મંડળના યુવકો વચ્ચે ભારે ઘર્ષણ સર્જાયું હતું. જેમાં ગણેશ મંડળના સભ્યોએ ગણેશ પ્રતિમાને રસ્તા પર અધવચ્ચે જ મુકી દીધા હતા. જો કે પ્રતિમાનું વિસર્જન કરવું જરૂરી હોવાથી વડોદરા પોલીસે અન્યની મદદથી જાતે ટ્રોલી ખેંચી નવલખી મેદાન સુધી લઈ જઈ કૃત્રિમ તળાવમાં વિધીવત રીતે ગણપતિની પ્રતિમાનું વિસર્જન કર્યું હતું.

માંજલપુર અલવાનાકા પવનદુતનગર ગણપતિ મંડળના સભ્યો મોટી સંખ્યામાં ડીજેના તાલે નિકળ્યા હતા. તેવામાં મોડી રાતે અંદાજીત સાડા બાર વાગ્યાની આસપાસ માંજલપુર સ્થિત તુલસીધામ ચાર રસ્તા પાસે પહોંચેલી સવારીને પોલીસે આગળ વધવા માટે જણાવ્યું હતું.

આ બાબતને લઈ મંડળના સભ્યો અને પોલીસ કર્મીઓ વચ્ચે તું તું મેં મે ...બાબત મામલો ગરમાયો હતો. જોત જોતામાં મોટી સંખ્યામાં લોકો એકઠા થતાં પોલીસને બળપ્રયોગ કરવાની નોબત આવી પડી હતી. શાંતિપૂર્ણ માહોલ વચ્ચે વણસી ઉઠેલી પરિસ્થિતિની જાણ ડીસીપી ઝોન-૩ યશપાલ જગાણીયા અને એ.સી.પી એસ.બી. કુંપાવતને થતાં મોટી સંખ્યામાં પોલીસ કાફલો તુલસીધામ ચાર રસ્તા ખાતે પહોંચ્યો હતો.

જ્યાં પોલીસ દ્વારા અગાઉ કરવામાં આવેલા બળપ્રયોગને લઈ લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો. જેથી ઉચ્ચે પોલીસ અધિકારીઓ દ્વારા મામલો શાંત પાડી ગણેશના વિસર્જન માટે આગળ વધવા જણાવ્યું હતું. પરંતુ મંડળના સભ્યોએ મૂર્તિ રસ્તા પર અધવચ્ચે મૂકી પોલીસનો વિરોધ કર્યો અને મૂર્તિ નહીં હટાવવાની જીદ પકડી રાખી હતી. જેથી વડોદરા પોલીસે જ વિસર્જનની જવાબદારી માથે લીધી અને તુલસીધામ ચાર રસ્તાથી નવલખી મેદાન ખાતે વાજતે ગાજતે પ્રતિમાને લઈ જવામાં આવી હતી. પરોઢે નવલખી મેદાન ખાતે પહોંચેલી આ પ્રતિમાની ડીસીપી-૨ અભય સોની, ડીસીપી-૩ યશપાલ જગાણીયા, એ.સી.પી એફ ડીવીઝન એસ.બી કુંપાવત સહિતના સ્ટાફે આરતી ઉતારી ત્યારબાદ વિસર્જન કરવામાં આવ્યું હતું.

આજે અમરેલી આવતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ : નિયત વિસ્તાર "નો-ફ્લાય" ઝોન જાહેર

અમરેલી, તા.૧૦

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આવતીકાલે તા.૧૧ના રોજ અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અમર ડેરી, ધારી રોડ ખાતે સહકારી સમિતિઓની વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત રહેવાના હોઈ જેથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, BSFના હેલિકોપ્ટર મારફતે અમરેલી એરપોર્ટ ખાતે આવશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ 'Z+CRPF' કક્ષાની સુરક્ષા ધરાવતા હોય, તેમની સુરક્ષાને ધ્યાને લઈ અમરેલી એરપોર્ટ, અમર ડેરી તથા કેન્દ્રીય મંત્રી જે માર્ગ પર પસાર થવાના છે તે વિસ્તારને અમરેલી જિલ્લા કલેકટર અને મેજિસ્ટ્રેટ દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ -૧૪૪ અન્વયે 'નો-ફ્લાય ઝોન' જાહેર કરવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના રૂટ પરના ત્રણ કિ.મી. ત્રિજયાનો વિસ્તાર સહિતના વિસ્તારોમાં, પરવાનગી સિવાય તમામ ફ્લાઈટ, હેલિકોપ્ટર, ડ્રોન કે અન્ય તમામ પ્રકારના ઉતરણ કે ઉડ્ડયન કરવા પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

વડોદરા તરફ લવાઈ રહેલો દારૂનો જથ્થો ઝડપાયો ૧૩.૪૦ લાખના મુદ્દામાલ સાથે ૪ની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

એસઓજીની ટીમને માહિતી મળી હતી કે, એક બોલેરો પીકઅપ ગાડી નં GJ06 BT6318માં ડુંગળી અને લસણની બોરીઓ ભરેલી છે. જેની આડમાં વિદેશી દારૂ ભરીને પોર તરફથી વડોદરા શહેર તરફ જવાની છે તેમજ આ ગાડીને પોલીસ પકડી ન શકે તે માટે એક હ્યુન્ડાઈ ક્રેટા પાયલોટિંગ કરતી હોવાનં પણ જાણવા મળ્યું હતું.

એસઓજીને માહિતી મળતા એલસીબી દ્વારા પોર બ્રિજ નીચેથી બોલેરો ગાડીને પકડી પાડવા ટીમ વોચમાં ગોઠવાઈ ગઈ હતી. ત્યારે સૌથી પહેલા હ્યુન્ડાઈ ક્રેટા ગાડી નજરે પડતા જ પોલીસ દ્વારા તેને કોર્ડન કરી લેવામાં આવી હતી. ગાડી આવ્યાની થોડીકવાર પછી એક બોલેરો પીકઅપ ગાડી આવતા પોલીસ દ્વારા તેને પણ ઝડપી પાડવામાં આવી હતી.

પોલીસ દ્વારા પહેલા પકડાયેલી કારમાં ૨ લોકો સવાર હતા. જેથી પોલીસે કારમાં હાજર ૩ વ્યક્તિ સહિત આઈસર ચાલકની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા તેમની પૂછપરછ કરતા ડ્રાઈવરે તેનું નામ શરીફખાન સીકંદરખાન પઠાણ (રહે.મહેમદાવાદ, વાવ ફળીયું, તા.મહેમદાવાદ, જી.ખેડા) હોવાનું જણાવ્યું હતું. વધુમાં પોલીસે હ્યુન્ડાઈ ક્રેટા ગાડીના ઈસમોના નામ પૂછતા (૧) ચીમનભાઈ જંગલભાઈ ખરાડ, (૨) દિનેશભાઈ ગોટિયાભાઈ ખરાડ, (૩) જોરસીંગભાઈ વરસીંગભાઈ ખરાડ (રહેવાસી-સીમલીયા, ખુર્દ ફળીયું, રાતીગાર, તા.જિ.દાહોદ) હોવાનું જણાવ્યું હતું.

પોલીસ દ્વારા કોર્ડન કરેલી બોલેરો પીકઅપ ગાડીમાં તપાસ કરતા લસણ અને ડુંગળીઓની બોરીઓ જોવા મળી હતી. જયારે પોલીસે તેને હટાવીને તપાસ કરી તો, લસણ અને ડુંગળીની બોરીઓ નીચે વિદેશી દારૂ મળી આવ્યો હતો. ડુંગળી અને લસણની બોરીઓ નીચેથી પોલીસને વિદેશી દારૂના બિયરના ટીન મળી આવ્યા હતા. જેથી પોલીસ દ્વારા કુલ રૂ.૧૩,૪૦,૭૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરી તમામ ઈસમો વિરૂદ્ધ વરણામાં પોલીસ સ્ટેશનામાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

વધી રહેલી મોંઘવારી અને બેરોજગારી સામે

ડીસામાં કોંગ્રેસના બંધના એલાનને વેપારીઓએ સમર્થન આપી સફળ બનાવ્યો

ડીસા, તા.૧૦

મોંઘવારી, બેરોજગારીની વિરોધમાં આજે ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં સવારે ૯થી ૧૨ વાગ્યા સુધી બંધનું એલાન આપવામાં આવ્યું હતું. ડીસામાં વહેલી સવારથી જ કોંગ્રેસ આગેવાનોએ બંધના એલાને સફળ બનાવવા માટે નીકળી પડ્યા હતા તો વેપારીઓએ પણ કોંગ્રેસ આગેવાનોને સમર્થન આપી તેઓ પણ મોંઘવારીથી પીડાતા હોવાની વાત કરી હતી. આ અંગે પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ અને પૂર્વ નગરપાલિકા પ્રમુખ વિપુલભાઈ શાહે જણાવ્યું હતું કે, સતત વધી રહેલી મોંઘવારી બેરોજગારી અને ભ્રષ્ટાચારમાં સામાન્ય લોકો પીસાઈ રહ્યા છે અને સરકાર પણ લોકોની પીડાને સમજતી નથી. ત્યારે જનતાના અવાજને સરકાર સુધી પહોંચાડવા માટે આજે આપેલા બંધના એલાને લોકોએ સમર્થન આપીને સફળ બનાવ્યું છે. બપોર બાદ બજાર ખુલી જતા જનજીવન રાબેતા મુજબ ધમધમવા લાગ્યું હતું.

ભાવનગરમાં બંધના એલાનને આંશિક પ્રતિસાદ

ભાવનગર, તા.૧૦

કોંગ્રેસ દ્વારા આજે મોંઘવારીના વિરોધમાં બંધનુ એલાન આપવામાં આવ્યું હતું જેના ભાગ રૂપે શહેરમાં કોંગ્રેસના આગેવાનો બજારમાં બંધ કરાવવા નિકળયા હતા.

ભાવનગર શહેર અને જિલ્લામાં કોંગ્રેસ દ્વારા મોંઘવારીના વિરોધમાં સવારે ૮થી ૧૨ વાગ્યા સુધી બંધનું એલાન આપવામાં આવ્યું હતું. જેના પગલે સવારે શહેર કોંગ્રેસના આગેવાનો ઘોઘાગેટ ચોક ખાતે એકઠા થયા હતા અને સરકાર તથા મોંઘવારીના વિરોધમાં સૂત્રોચ્ચાર કર્યા હતા અને આગેવાનો તથા કાર્યકરો એમ.જી.રોડ, હાઈકોર્ટ રોડ સહિત વિસ્તારોમાં દુકાનો બંધ કરાવવા ભરતભાઈ બુધેલિયની આગેવાનીમાં કમેલશભાઈ ચંદાની, જીતુભાઈ ઉપાધ્યાય, મહિલા પ્રમુખ પ્રિયંકાબેન ચંદાની, સાજીદ કાઝી, ઈકબાલ આરબ સહિતના આગેવાનો બજારમાં પદયાત્રા કરી હતી અને વેપારીઓ પણ પૂરતો સહયોગ આપી સંકેતિક બંધને સમર્થન આપેલ નિકળયા હતા અને વેપારીઓએ દુકાનો બંધ પણ કરી દીધી હતી પરંતુ કોંગ્રેસના કાર્યકરો જતાની સાથે જ વેપારીઓએ દુકાનોના શટર ખોલી નાખ્યા હતા.

સુરત અને તાપી જિલ્લામાં મુશળધાર વરસાદ : ઉમરપાડા તાલુકામાં ૩ ઈંચ ખાબક્યો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી વચ્ચે છેલ્લા ૨૪ કલાક દરમિયાન સુરત જિલ્લા અને તાપી જિલ્લામાં જોરદાર વરસાદ નોંધાયો છે. સર્વાધિક વરસાદ ઉમરપાડા તાલુકામાં ૭૬ મીમી એટલે કે ત્રણ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. જયારે નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લામાં માત્ર વરસાદના ઝાપટા પડ્યા હોવાનું જાણવા મળે છે.

અરબી સમુદ્રમાં વધુ એક વરસાદની સિસ્ટમ સક્રિય બનતા આજે શનિવારે તથા કાલે રવિવારે નવસારી, વલસાડ અને દમણ સંઘ પ્રદેશમાં ભારે વરસાદ પડવાની આગાહી જારી કરવામાં આવી હતી. આ દરમિયાન ગઈકાલે શુક્રવારે સવારથી આજે શનિવાર સવાર સુધીમાં સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં ૭૬ મીમી, પલસાણામાં ૧૬, બારડોલીમાં ૨૯, મહુવામાં ૪૮, માંગરોળમાં ૭ મીમી વરસાદ નોંધાયો છે. આજ રીતે નવસારી જિલ્લાના વાંસદામાં ૧૭ મીમી વરસાદ નોંધાયો છે જ્યારે તાપી જિલ્લાના ડોલવણમાં ૪૬, વ્યારામાં ૬૦, વાલોડમાં ૨૬ અને સોનગઢમાં ૨૭ મીમી વરસાદ પડ્યો છે. આ સિવાય વલસાડા ઉમરગામમાં ૬, ધરમપુરમાં ૫ અને કપરાડામાં ૭ મીમી વરસાદ પડ્યો છે. જ્યારે નવસારી તથા ડાંગ જિલ્લાના જુદા જુદા તાલુકાઓમાં સામાન્ય વરસાદના ઝાપટા પડ્યા હોવાનું માહિતગાર સૂત્રો દ્વારા જણાવાયું છે.

નાનાપોઢા-સેલવાસ રોડ પર

કન્ટેનરમાંથી ૧૫૦૦ કિલો અફીણના સૂકા પોષ ડોડાનો જથ્થો ઝડપાયો

સુરત, તા.૧૦

વલસાડમાં એસઓજીની ટીમને મધ્યપ્રદેશ તરફથી આવતી એક કન્ટેનરમાં વિપુલ પ્રમાણમાં નશાયુક્ત અફિણના સૂકા પોષ ડોડા લઈને સેલવાસ તરફ જવાનો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. વલસાડ એસઓજીની ટીમે નાનાપોઢા સેલવાસ રોડ ઉપર બાતમીવાળા કન્ટેનરની વોચ ગોઠવી હતી. બાતમીવાળું કન્ટેનર આવતા તેને અટકાવી ચેક કરતા કન્ટેનરમાંથી અંદાજે ૧૫૦૦ કિલો અફિણના સૂકા પોષ ડોડાનો જથ્થો મળી આવ્યો હતો. કન્ટેનરમાં અંદાજે ૧૫૦૦ કિલો જેટલો અફિણના સૂકા પોષ ડોડાનો જથ્થો મળતા કબ્જે કરી ૨ આરોપીઓની ધરપકડ કરીને નાનાપોઢા પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ઉકાઈ ડેમની સપાટી ૩૩૮.૮૫ ફૂટ નોંધાઈ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

ઉકાઈના ઉપરવાસમાં વરસાદ પડતા ડેમમાં નવા પાણીની આવક વધીને આજે શનિવારે સવારે ૩૮ હજાર ક્યુસેક નોંધાઈ છે. ઉકાઈ ડેમની સપાટી આજે ૩૩૮.૮૫ ફૂટ નોંધાવા સાથે ડેમમાંથી ૬ હજાર ક્યુસેક પાણી સિંચાઈ તથા હાઈડ્રો યુનિટ માટે છોડવામાં આવી રહ્યું છે. ઉકાઈની પૂર્ણ ક્ષમતા ૩૪૫ ફૂટ હોવાના કારણે આજની તારીખે ડેમની જળસપાટી ભયજનક લેવલ કરતા માત્ર ૬ ફૂટ દૂર છે. ઉકાઈ ડેમના સૂત્રોએ જણાવ્યા મુજબ, આજે શનિવારે સવારે ડેમની જળસપાટી વધીને ૩૩૮.૮૫ ફૂટે પહોંચી ગઈ છે. ઉપરવાસમાં વરસાદ પડતા ડેમમાં નવા પાણીની આવક ૩૮૧૩૪ ક્યુસેક નોંધાઈ છે અને ડેમમાંથી ૬૪૪૯ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ઉકાઈના વિવિધ ગેજમથકોમાં વરસાદ પડતા ડેમમાં ધીમી ધારે સતત નવા પાણીની આવક થઈ રહી છે અને આવક સામે ડેમમાંથી ૬ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ઉકાઈમાંથી છોડાતા પાણીની માત્રામાં ઘટાડો કરી દેવાતા તાપી નદીના જળસ્તરમાં ઘટાડો થયો છે. આજે સવારે વિયર કમ કોઝવે ખાતે તાપી નદીની સપાટી ૫.૯૯ મીટર નોંધાઈ છે. જે કોઝવેના ભયજનક લેવલની લગોલગ છે અને આજની તારીખે ઉકાઈ ડેમ ભયજનક લેવલની લગોલગ છે અને આજની તારીખે ઉકાઈ ડેમ ભયજનક ૩૪૫ ફૂટ કરતા માત્ર છ ફૂટ ખાલી હોવાનું જાણવા મળે છે.

સરકારી પુસ્તકો છાપતા રાજ્યના ટોચના પ્રિન્ટરો સામે ઈજારાશાહીની તપાસમાં રાહત આપવાનો HCનો ઈનકાર

અમદાવાદ, તા.૧૦

ગુજરાત હાઈકોર્ટે ગુજરાત સ્ટેટ બોર્ડ ઓફ સ્કૂલ ટેક્સ્ટ બુક્સ (GSBSTB) અને અન્ય સરકારી એજન્સીઓ દ્વારા જારી કરાયેલા ટેન્ડર આદેશો અનુસાર શાળાના પાઠ્ય પુસ્તકોના પ્રિન્ટિંગ અને બાઈન્ડિંગના વ્યવસાય સાથે સંકળાયેલા રાજયના ટોચના પ્રિન્ટરોને કોઈ રાહત આપવાનો ઈનકાર કર્યો છે. આ પ્રિન્ટરો પર બિડ રિગિંગ અને કાર્ટેલાઈઝેશનનો આરોપ છે જેથી અન્ય નાના ખેલાડીઓ ટેન્ડર પ્રક્રિયા જીતી શકતા નથી અને રાજ્ય સરકારની તિજોરીને કરોડો રૂપિયાનું નુકસાન જાય છે તેવો આક્ષેપ છે. આમ તેઓ ઈજારાશાહી કરતા હોવાથી અન્ય કોઈને લાભ મળતો નથી અને તેમને નક્કી કરેલા ભાવ પ્રમાણે ટેન્ડર કાર્યવાહી થતી હોવાથી રાજયની તિજોરીને નુકસાન થાય છે તેવો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ બાબતે થયેલી અરજીની સુનાવણી બાદ વર્ષ ૨૦૧૯માં એક અરજદારની અરજીના આધારે કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (CCI) દ્વારા જારી કરાયેલ તપાસના આદેશને પડકારતાં અડધા ડઝનથી વધુ ટોચના પ્રિન્ટરોએ ગુજરાત હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે.

તેમાં સાહિત્ય મુદ્રાનાલય, મારૂતિ પ્રિન્ટર્સ, પ્રિન્ટ વિઝન પ્રાઈવેટ લિમિટેડ, મિરર ઈમેજ પ્રાઈવેટ લિમિટેડ, ગુજરાત ઑફસેટ પ્રાઈવેટ લિમિટેડ, શ્રી આરકે પ્રિન્ટર્સ એન્ડ બાઈન્ડર, ગર્જર ઑફસેટ, જગદીશ ઑફસેટ, શ્રીધર પ્રાઈવેટ પ્રાઈવેટ લિમિટેડ, શ્રી આરકે પ્રિન્ટર્સ અને બાઈન્ડર્સનો અને ભાવિક પબ્લિકેશન જેવા મોટાગજાના પ્રિન્ટરોનો સમાવેશ થાય છે.

જો કે, હાઈકોર્ટે એ આધાર પર અરજી ફગાવી દીધી હતી કે પ્રિન્ટરોએ સીસીઆઈના મહાનિર્દેશક સમક્ષ હાજર થવું પડશે અને તપાસમાં સહકાર આપવો પડશે. જો તેઓની સામે પ્રતિકૂળ આદેશ થાય તો તેઓ ફરી વખત હાઈકોર્ટ આવી શકે છે. જો કે ડાયરેક્ટર જનરલ દ્વારા કરાયેલા પેનલ્ટી કાર્યવાહી સામે હાઈકોર્ટે સ્ટે ઓર્ડર આપ્યો હતો. વર્ષ ૨૦૧૯માં CCI એ GSBSTB અને ટેક્સ્ટ બુક વિતરણ સાથે સંકળાયેલી અન્ય એજન્સીઓ દ્વારા હાથ ધરવામાં આવનારી ટેન્ડર પ્રક્રિયામાં કાર્ટેલાઈઝેશન અને બિડ રીગીંગનો આક્ષેપ કરતી વિરાંગ મહેતા નામના એક વ્યક્ત દ્વારા કરવામાં આવેલી અરજી પર પ્રાથમિક દ્રષ્ટિએ યોગ્ય હોવાનું ઠરાવીને તપાસનો આદેશ જારી કર્યો હતો. તેથી પ્રિન્ટરોએ આદેશને હાઈકોર્ટ સમક્ષ પડકાર્યો હતો. રાજયમાં સરકારી ગ્રાંટ મેળવતી પ્રાથમિક શાળાઓના પુસ્તકો છાપવા માટે ગુજરાત કાઉન્સીલ એન્ડ એલીમેન્ટ્રી એજ્યુકેશન(જીસીઈઈ) દ્વારા સર્વ શિક્ષા અભિયાનના પ્રજ્ઞા પ્રોજેક્ટ હેઠળ કામગીરી હાથ ધરવાની હોય છે. આવા લાખો પુસ્તકો છાપવાના કામ માટે વિવિધ મુદ્રકો દ્વારા કાર્ટેલ રચી ૨૦૧૬-૧૭થી ૨૦૧૮-૧૯ સુધી ઉંચા ભાવે છપામણીના ટેન્ડરો મેળવી સરકારની તિજોરીને કરોડો રૂપિયાનું નુકસાન પહોંચાડી મુદ્રકોએ આ કરોડો રૂપિયા ચાંઉ કર્યા હતા. આથી તેમની વિરૂદ્ધ અરજદાર દ્વારા કેન્દ્રના કોમ્પીટીશન કમીશન ઓફ ઈન્ડિયા(સીસીઆઈ)માં વિગતવાર માહિતી રજૂ કરાઈ હતી, જેના આધારે સીસીઆઈ દ્વારા કંપનીઝ એકટની કલમ-૨૬(૧) હેઠળ તપાસ હાથ ધરવા ડાયરેકટર જનરલને હુકમ કરાયો હતો અને તા.૧૩-૧-૨૦૨૦થી આ સમગ્ર પ્રકરણમાં તપાસ શરૂ કરાઈ હતી. અયોગ્ય સ્પર્ધા અને ઈજારાશાહી કરનાર કંપની સામે સીસીઆઈ સમક્ષ અરજી થતી હોય છે અને ઈજારાશાહી નાબુદ કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડીયાની રચના કરવામાં આવી છે.

સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલના સ્પોર્ટ્સ શિક્ષકને આખરે સસ્પેન્ડ કરાયો

સ્કૂલ દ્વારા સમગ્ર ઘટનાની તપાસ માટે ઈન્ટરનલ કમિટીની રચના પણ કરાઈ

કમિટી ૧૫મીએ રિપોર્ટ આપશે ત્યારબાદ શિક્ષક સામે આગળ શું પગલાં લેવા તે નક્કી કરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલમાં સ્પોર્ટસ શિક્ષક દ્વારા વિદ્યાર્થીનીઓને મેસેજ મોકલવાની ઘટનામાં મેનેજમેન્ટ દ્વારા શિક્ષકને સસ્પેન્ડ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. હાલ શિક્ષકને સસ્પેન્ડ કરી ઈન્ટરનલ કમિટી બનાવી છે. આ કમિટી દ્વારા સમગ્ર ઘટનાની તપાસ કરી ૧૫મીએ પોતાનો રિપોર્ટ સબમીટ કરશે અને ત્યારબાદ મેનેજમેન્ટ દ્વારા શિક્ષક સામે આગળની કાર્યવાહી કરવામાં આવશે. શનિવારે વાલીઓ પણ ઘટનાને લઈને સ્કૂલ મેનેજમેન્ટ સમક્ષ રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં ફરજ બજાવતા સ્પોર્ટસ શિક્ષક દ્વારા હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી ૩ વિદ્યાર્થીનીઓને સોશિયલ મિડીયામાં મેસેજ કર્યા હતા. મેસેજમાં શિક્ષકે વિદ્યાર્થીનીઓને એકલી મળવા માટે બોલાવી હતી ઉપરાંત તેમની પાસેથી ફોટો માંગ્યા હતા. આ ઘટનાને લઈને વિદ્યાર્થીનીઓ દ્વારા સ્કૂલના આચાર્યને રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆત બાદ સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા યોગ્ય તપાસ કરી કાર્યવાહીની ખાતરી આપવામાં આવી હતી. દરમિયાન શનિવારના રોજ કેટલાક વાલીઓ આ ઘટનાને લઈને સ્કૂલ મેનેજમેન્ટ સમક્ષ રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા. જ્યાં વાલીઓએ સ્પોર્ટસ શિક્ષક સામે કાર્યવાહી કરવાની માંગણી કરી હતી. વાલીઓ સ્કૂલ પર ગયા ત્યારે હોબાળો પણ થયો હતો. જોકે, ત્યારબાદ સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા તાકીદે સ્પોર્ટસ શિક્ષકને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો હતો અને તે અંગેનો લેટર પણ શિક્ષકને આપી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. હાલ રજૂઆતોના પગલે શિક્ષકને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે. જોકે, સમગ્ર ઘટનાને લઈને મેનેજમેન્ટ દ્વારા તપાસ માટે એક ઈન્ટરનલ કમિટીની રચના કરવામાં આવી હોવાનું પણ જાણવા મળે છે. આ કમિટી દ્વારા શિક્ષક અને વિદ્યાર્થીનીઓને સાંભળ્યા બાદ પોતાનો અહેવાલ તૈયાર કરશે. સુત્રોના જણાવ્યા પ્રમાણે કમિટી ૧૫મી સુધીમાં પોતાનો રિપોર્ટ સ્કૂલ મેનેજમેન્ટને સુપરત કરશે. જેથી ત્યારબાદ શિક્ષક સામે આગળ શુ પગલા લેવા તે નક્કી કરવામાં આવશે તેમ મેનેજમેન્ટ દ્વારા જણાવાયું હતું.

શનિવારે વાલીઓ પણ ઘટનાને લઈને મેનેજમેન્ટને રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા

શનિવારના રોજ સ્કૂલમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતી જોવા મળી હતી. રજૂઆત કરવા માટે આવેલા વાલીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો હતો. ઉપરાંત હાઈસ્કૂલના વિદ્યાર્થીઓમાં પણ રોષે ભરાયલા હતા. જો સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા આ સમગ્ર ઘટનામાં શિક્ષક સામે કાર્યવાહી કરવામાં ન આવે તો સ્કૂલમાં સ્થિતી વણસે તેવી શક્યતા પણ હતી. વાલીઓ અને વિદ્યાર્થીઓ સ્પોર્ટસ શિક્ષકને ફટકારે તેવી પણ શક્યતાને જોતા મેનેજમેન્ટ દ્વારા તાકીદે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો હતો.

રાજસ્થાનમાં માર્ગ અકસ્માતમાં બનાસકાંઠા જિલ્લાના એક જ પરિવારના ૪નાં મોત

પૂરઝડપે આવતી ટ્રકે અડફેટે લેતા સર્જાયેલો ગોઝારો અકસ્માત, ૮ વર્ષના બાળકની ગંભીર હાલત

પાલનપુર, તા.૧૦

બનાસકાંઠાના પરિવારનો રાજસ્થાનના બાડમેર નજીક ગમખ્વાર અકસ્માત સર્જાતા ચારનાં મોત થયા છે. ૮ વર્ષના બાળકની હાલત ગંભીર છે. આ પરિવાર ગુજરાતથી જસોલ (બાડમેર) દર્શન કરવા ગયો હતો અને પરત ફરી રહ્યો હતો. ત્યારે સવારે આઠ વાગ્યાના અરસામાં પૂરઝડપે આવતી ટ્રકે હડફેટે લેતા કારનો કચ્ચરઘાણ થઈ ગયો હતો. આ અકસ્માત એટલો ખરાબ હતો કે મહિલાઓના મૃતદેહને બહાર કાઢવા માટે કટરનો ઉપયોગ કરવો પડ્યો હતો. ટ્રક ચાલક ટ્રક મૂકીને નાસી ગયો છે.

આ ઘટના સિણધરી ક્ષેત્રના હાઈવે પર ભાટલા ગામ નજીકની છે. પોલીસે ઘાયલોને ગુડામાલાની (બાડમેર) હોસ્પિટલમાં દાખલ કર્યા છે. બે મહિલા અને એક પુરૂષના સ્થળ પર જ મોત થયા હતા. જ્યારે એક મહિલા અને આઠ વર્ષના બાળકને પહેલાં સિણધરી ગામની હોસ્પિટલ અવને પછી ગુડામાલાની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં એક મહિલાનું મોત થયું હતું. બાળકની સારવાર ચાલી રહી છે પણ હાલત ગંભીર બતાવાઈ રહી છે. ગુડામાલાણીના ડીએસપી શુભકરણ ખીંચીએ જણાવ્યું કે મૃતકોમાં બનાસકાંઠાના ભીલડીના વતની કમલાદેવી (૭૦), ધાનેરાના રાજેશ કૈલાશ માહેશ્વરી (૨૨), ધાનેરાના દ્રૌપદીબેન (૬૫) અને મનિષાબેન (૩૨)નો સમાવેશ થાય છે. આ મૃતકો એક જ પરિવારના છે. મૃતક રાજેશ (રાજુભાઈ)ના ફઈ અને માસીના મૃત્યુ થયા છે. જ્યારે ૮ વર્ષીય મોન્ટૂની માતાનું પણ મોત થયું છે. રાજુને ચા સપ્લાય કરવાનો વેપાર હતો.

પોલીસ ગ્રેડ-પે મામલે ફરજિયાત એફિડેવિટના મુદ્દે મંત્રીનો ઈશારો!

પોલીસ કર્મીઓની એફિડેવિટ અંગે હવે નાણાં વિભાગ અભ્યાસ કરી નિર્ણય લેશે

આ મુદ્દો રિસર્ચ કરી લવાયો હતો, હવે નવો રસ્તો કઢાશે : ગૃહ રાજ્યમંત્રી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી પોલીસ બેડાની અંદર ગ્રેડ-પેનો મુદ્દો ચર્ચાનો વિષય બની રહ્યો છે ત્યારે ગુજરાત પોલીસના ગૃહ વિભાગ દ્વારા પોલીસ માટે એક પેકેજ જાહેર કરવામાં આવ્યું છે અને તે પેકેજને અનુસંધાને એક એફિડેવિટ કરવાની રહેશે તે જાહેરાત કરતા જ પોલીસ બેડાની અંદરો અંદર રોષ જોવા મળી રહ્યો છે આ એફિડેવિટને લઈને રાજ્યના ગૃહરાજ્ય મંત્રીને પ્રશ્નો પૂછાતા તેમના દ્વારા કહેવામાં આવ્યું કે પોલીસના એફિડેવિટનો જે વિષય છે રિસર્ચ કરીને લાવવામાં આવ્યો છે. આ નિર્ણય કોઈ ગૃહ વિભાગનો નથી પણ ફાઈનાન્સ વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે. જેના આધારે એફિડેવીટ મંગાવવામાં આવી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે એફિડેવિટ રાજ્યમાં જે પણ સંસ્થામાં પગાર વધારા દરમ્યાન કરાવવામાં આવતી હોય છે તે પ્રકારની છે. પરંતુ પોલીસ વિભાગમાં પ્રથમ વખત આ પેકેજ જાહેર કરાયુ છે.જેથી આ ગુજરાત પોલીસ કર્મીઓએ આ એફિડેવિટ કરવી જરૂરી બને છે.પોલીસના વધારામાં એફિડેવિટ કાઢી નાખવાનો નિર્ણય અમે કર્યો છે. ગુજરાતની અંદર સૌથી ચર્ચાનો વિષય બનેલ ગ્રેડ પેના મામલે પોલીસમાં વિરોધ પણ જોવા મળી રહ્યો છે તેને ધ્યાનમાં રાખીને ગૃહ વિભાગ દ્વારા આ બાબતે ગંભીરતાથી લઈ એફિડેવિટના કોઈ નવો રસ્તો કરવા માટે કામગીરી કરવામાં આવી રહી છે.પરંતુ તે હજુ નાણાં વિભાગને આ એફિડેવિટ કાઢી નાખવા માટે રજૂઆત કરવામાં આવી છે અને આ રજૂઆતને લઈને નાણા વિભાગ દ્વારા વિચાર-વિમર્શ તથા અન્ય અભ્યાસ કરવામાં આવી રહેલ છે. તે બાદ વિભાગ ફાઈનલ મંજૂરી અપાશે. તો આ અંગે પોલીસ કર્મીઓને જાણ કરવામાં આવશે. ગ્રેડ પે ના આધારે દર મહિને મળતી રકમ કઈ રીતે વધે તે મહત્વનું છે. સાથે દેશના અલગ અલગ રાજ્યમાં આટલા ટકાનો વધારો એક સાથે ક્યારેય નથી થયો. તેમ જણાવતા મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે રાજકીય લોકો પોલીસ સ્ટાફને અલગ દિશા માં લઈ જવાના પ્રયત્નો કરે છે.ગુજરાત સરકાર પોલીસની નાની સમસ્યા દૂર કરવા સરકાર કટિબદ્ધ છે.ગુજરાત પોલીસની દાદ ફરિયાદ કમિટી સાથે પણ ચર્ચા કરવામાં આવી છે.નાણાં વિભાગ અમને મંજૂરી આપશે તો અમે એફિડેવિટ હટાવી દઈશું.

બંધના એલાનના પગલે ૧૦ જેટલી કોલેજો બંધ કરાવવામાં આવી

NSUI-યુથ કોંગ્રેસના કાર્યકરોએ શહેરની કોલેજો પર જઈ શૈક્ષણિક કાર્ય બંધ કરાવ્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

બંધના એલાનના પગલે NSUI અને યુથ કોંગ્રેસ દ્વારા શનિવારે શહેરની અનેક કોલેજો બંધ કરાવી હતી. સેન્ટ ઝેવિયર્સ કોલેજ ખાતે કાર્યકરો બંધ કરાવવા માટે ગયા ત્યારે કોલેજમાં ઓનમની ઉજવણી ચાલતી હતી અને યુથ ફેસ્ટીવલની તૈયારી ચાલતી હોવાથી સામાન્ય ઘર્ષણ થયું હતું. જોકે, ત્યારબાદ કોલેજ બંધ કરી વિદ્યાર્થીઓને ઘરે મોકલી દેવાય હતા. આમ, શહેરની અંદાજે ૧૦ જેટલી કોલેજો બંધ કરાવવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા સાંકેતિક બંધના એલાનના પગલે સવારના ૮ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધી બંધ રાખવાનું નક્કી કરાયું હતું. જેના પગલે NSUI અને યુથ કોંગ્રેસના કાર્યકરો સવારથી જ રસ્તા પર ઉતરી ગયા હતા અને કોલેજો બંધ કરાવવા લાગ્યા હતા. બંધનું એલાન હોવા છતાં શહેરની મોટાભાગની કોલેજો રાબેતા મુજબ ચાલુ થઈ હતી. જેથી કાર્યકરો દ્વારા કોલેજ બંધ કરાવવામાં આવી હતી.

કાર્યકરો દ્વારા શહેરની જીએલએસ યુનિવર્સિટી, સેન્ટ ઝેવિયર્સ કોલેજ, સોમલલીત કોલેજ, એશિયા કોલેજ, એરોમા કોલેજ, એચ.એલ. કોલેજ અને સીયુ શાહ કોલેજ સહિત લગભગ ૧૦ જેટલી કોલેજો બંધ કરાવી હતી. કાર્યકરો દ્વારા કોલેજમાં જઈને વિદ્યાર્થીઓને મોંઘવારી અને ડ્રગ્સ અંગે માહિતી આપી બંધના એલાનમાં જોડાવવા માટે આહવાન કરતા હતા અને ત્યારબાદ કોલેજ બંધ કરાવી રહ્યા હોવાનું સામે આવ્યું હતું.

દરમિયાન સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં કાર્યકરો બંધ કરાવવા માટે ગયા ત્યારે સિક્યોરીટી ગાર્ડે કોલેજનો મેઈન ગેઈટ બંધ કરી દીધો હતો. જેથી કાર્યકરોએ ગેટ પછાડી ખોલી નાંખ્યા બાદ અંદર પ્રવેશ કર્યો હતો. બીજી બાજુ

સેન્ટ ઝેવિયર્સ કોલેજ ખાતે ફેસ્ટીવલની ઉજવણી વખતે કાર્યકરો પહોંચતા સામાન્ય ઘર્ષણ

કોલેજમાં ઓનલ ફેસ્ટીવલની ઉજવણી ચાલી રહી હતી અને યુથ ફેસ્ટીવલની તૈયારીઓ પણ ચાલતી હતી. જોકે, કાર્યકરો કોલેજ બંધ કરાવવા માટે આવ્યા ત્યારે સામાન્ય ઘર્ષણ થયું હતું. પરંતુ ત્યારબાદ કોલેજ બંધ કરી દેવામાં આવી હતી.

NSUI અને યુથ કોંગ્રેસના કાર્યકરો કોલેજ બંધ કરાવવા માટે ગયા ત્યારે અનેક જગ્યાએ પોલીસ દ્વારા તેમને અંદર જતા અટકાવ્યા હતા. ઉપરાંત ઘણા કાર્યકરો સવારે ઘરની બહાર નિકળે તે પહેલા જ તેમની અટકાયત કરી હતી. ઉપરાંત ઘણા કાર્યકરો કોલેજ બંધ કરાવવા માટે ગયા ત્યારે પણ તેમની અટકાયત કરી લેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

વિધાનસભાની ચૂંટણીમાં પાટીદાર સમાજના મતો અંકે કરવા બંને પક્ષોની રાજનીતિ

સૌરાષ્ટ્રમાં ચૂંટણી પૂર્વે પાટીદાર સમાજને લઈ શક્તિ પ્રદર્શન શરૂ

કોંગ્રેસના અગ્રણીઓની બેઠક બાદ હવે ભાજપના નેતાઓની આજે બેઠક !

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૦

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી પૂર્વે સૌરાષ્ટ્રમાં પાટીદાર આગેવાનો દ્વારા સામાજિક અને રાજકીય શક્તિ પ્રદર્શનનો દોર શરૂ કરી દેવામાં આવ્યો છે. રાજકોટ ના ગોંડલ ખાતે આજે 'યુદ્ધ એજ કલ્યાણ' ગ્રુપ દ્વારા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. ખોડલધામના ચેરમેન નરેશ પટેલના અધ્યક્ષસ્થાને આ સમારોહ યોજાશે. ત્યારે કહી શકાય કે કોંગ્રેસ બાદ હવે ભાજપના પાટીદાર નેતાઓની આજે બેઠક યોજાશે. જેમાં કોંગ્રેસના ધારાસભ્ય વીરજી ઠુમ્મર પણ હાજર રહે તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે. તદુપરાંત ભાજપના ધારાસભ્ય ગોવિંદ પટેલ પણ આ સંમેલનમાં જોડાશે. એ સિવાય PAAS નેતા અલ્પેશ કથીરિયા સહિત ક્ષત્રિય સમાજના અગ્રણીઓની પણ હાજરી જોવા મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વિધાનસભાની ચૂંટણી પૂર્વે ગુજરાતમાં તમામ રાજકીય પક્ષો સક્રિય થઈ ગયા છે. પક્ષો પોતપોતાની રીતે રણનીતિ ઘડી રહ્યાં છે. એવામાં કોંગ્રેસની ચૂંટણી રણનીતિ હવે વધારે તેજ બની છે. ત્યારે ગઈકાલે ખોડલધામ ખાતે પાટીદારો સાથે કોંગ્રેસની પણ બેઠક યોજાઈ હતી.ચૂંટણી નજીક આવતા કોંગ્રેસના પાટીદાર આગેવાનો મેદાનમાં ઉતર્યા છે. ત્યારે ગઈકાલે ખોડલધામ ખાતે નરેશ પટેલ સહિત પાટીદાર આગેવાનો સાથે કોંગ્રેસના પાટીદાર સમાજના આગેવાનોની બેઠક યોજાઈ હતી. જેમાં કોંગ્રેસ નેતા મનહર પટેલ સહિત પાટીદાર સમાજના આગેવાનો હાજર રહ્યાં હતા.બેઠક પૂર્ણ થયા બાદ કોંગ્રેસ નેતા મનહર પટેલે જણાવ્યું હતું કે, 'આજે ખોડલધામ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના આગેવાનોએ ખોડલધામ સંસ્થાના સ્થાપક અને પટેલ સમાજના મોભી નરેશ પટેલ સાથે શુભેચ્છા મુલાકાત લીધી. ગુજરાતમાં આવનારા દિવસોમાં એક પરિવર્તનનો માહોલ બને અને સરકારની અંદર અમારો હિસ્સો બને અને ગુજરાતની સેવા કરવાની મોકો મળે. તે ભાવના સાથે અમે નરેશભાઈની મુલાકાત લીધી હોવાનું તેમણે જણાવ્યું હતું.

લિસ્બનમાં ફિનિટેરા અરબિડા ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૨માં

ધ્રાંગધ્રાના કંકાવટી ગામના વૈજ્ઞાનિક ડૉ.મો.હુસેન માણેકિયાએ બનાવેલ ડોક્યુમેન્ટરી ફિલ્મ પોર્ટુગલમાં પ્રથમ નંબરે

વૈજ્ઞાનિકો તથા આબોહવા પર ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવી હતી : પ્રથમ નંબર મળતા પરિવારમાં ખુશીનો માહોલ

અમદાવાદ, તા.૧૦

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના કંકાવટી ગામના સાયન્ટિસ્ટ ડૉ.મોહમ્મદહુસેન હનીફભાઈ માણેકિયાને વૈજ્ઞાનિકો ઉપર બનાવેલી તેમજ આબોહવા ઉપર બનાવેલી ડોક્યુમેન્ટરી ફિલ્મને વર્લ્ડ ફિલ્મ ફેસ્ટિવલ-૨૦૨૨માં લિસ્બનમાં ફિનિટેરા અરબિડા ફિલ્મ ફેસ્ટિવલ-૨૦૨૨ પોર્ટુગલમાં પ્રથમ નંબરે આવી છે. પ્રથમ નંબર મેળવવા બદલ કુટુંબ તથા મિત્ર વર્તુળમાં ખુશીની લાગણી ફેલાઈ જવા પામી છે.

ગૌરવ પુરસ્કારથી સન્માનિત સુન્ની મુસ્લિમ ઝાલાવાડી ઘાંચી જમાત બાવનગામનું નામ રોશન કર્યું છે.

સાથે ગુજરાત તથા ભારતનું નામ વિદેશમાં રોશન કરતા ચોતરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. આ ફિલ્મ વિશ્વના અન્ય દેશોમાં પણ પ્રસારિત થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ મોહમ્મદહુસેન માણેકિયાની ઈટાલીની ટ્રેન્ટો યુનિવર્સિટી ઓફ ઈટાલીમાં વર્ષ ૨૦૧૭માં પીએચડી સ્કોલરશીપ માટે પસંદગી કરાઈ હતી. ૨૭ મે ૨૦૨૧ના રોજ મો.હુસેનને ઓનલાઈન કોન્વોકેશનમાં પીએચડીની ડિગ્રી એનાયત કરાઈ હતી.

રાજ્યના યુવાનોને તક આપવા સરકાર પ્રયત્નશીલ : સીએમ

જ્ઞાન આધારિત સાયન્સ-ટેક્નોલોજી ઈકોસિસ્ટમનું નિર્માણ કરાઈ રહ્યું છે

વિશ્વની સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં ભારતનો સમાવેશ : કેન્દ્રીયમંત્રી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૦

કોન્કલેવમાં સંબોધન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દેશના અમૃતકાળમાં વડાપ્રધાને ભારતને વિકસીત રાષ્ટ્ર બનાવવા જે લક્ષ્ય આપ્યું છે તેમાં સાયન્સ ટેકનોલોજી આધારિત હોલિસ્ટીક એપ્રોચ મહત્વપૂર્ણ બનશે. તેમણે કહ્યું કે યુવા પેઢીને સાયન્સ ટેકનોલોજી તથા ઈનોવેશન અંગે નવિન તક આપવા જ્ઞાન આધારિત સાયન્સ ટેકનોલોજી ઈકોસિસ્ટમનું નિર્માણ સરકાર કરી રહી છે. આ પ્રસંગે કેન્દ્રીય સાયન્સ અને ટેકનોલોજી મંત્રી જીતેન્દ્રસિંહે વિશ્વની સૌથી મોટી ત્રણ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં ભારતનો દબદબાભેર સમાવેશ થયાનું કહ્યું હતું. સરકાર દ્વારા અંતરિક્ષ વિભાગને પબ્લિક પ્રાઈવેટ પાર્ટીસિપેશન માટે ખોલવામાં આવ્યો. જેના ભાગરૂપે આજે આ વિભાગ ગગનયાનની તૈયારી કરી રહ્યો છે. આજે પરમાણુ ઉર્જા વિભાગ જોઈન્ટ વેંચરના માધ્યમથી નવા સંસ્થાનો સ્થાપી રહ્યું છે. બાયોટેકનોલોજી વિભાગે દુનિયાની સૌથી પહેલી ડીએનએ વેકિસન શોધીને દુનિયાભરમાં ઉપલબ્ધ કરાવી. પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયે ડીપ ઓશન મિશન શરૂ કરીને ભારતના ૭૫૦૦ કિલોમીટર લાંબા સમુદ્ર તટની સાથે વસેલા સમુદ્રની અંદરની અપાર સંપદાઓને શોધવાનું કામ કરી રહ્યું છે. રાજયના મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, ગુજરાતે હંમેશા નવા ઈનીશિયેટીવ લીધા છે જેનું અન્ય રાજયો અને દેશોમાં અનુકરણ થતું હોય છે. સાયન્સ સિટી એ વિશ્વનું મોટું સાયન્સ સેન્ટર છે. દેશના રાજયોમાં એસટીઆઈ માટે ભાવિ સમૃદ્ધિના માર્ગો તથા વિઝન, ડિજિટલ હેલ્થ કેર ઈન્ફ્રાસ્ટ્રકચર, ખેડૂતોને આવકમાં વૃદ્ધિ માટે ટેકનોલોજી વિનિયોગ, પાણી, ઉર્જા, ડીપ ઓશન મિશન જેવા વિષયો પર આ કોન્કલેવમાં ચર્ચાઓ હાથ ધરાશે.

પાકિસ્તાનની જેલમાં ગુજરાતના વધુ એક માછીમારનું મોત : એક ગંભીર

અમદાવાદ, તા.૧૦

પાકિસ્તાનની જેલમાં બંધ રહેલા વધુ એક ભારતીય માછીમારનું મોત થયું છે. તો ત્યા અન્ય એક માછીમારની હાલત ગંભીર છે અને તે ઓક્સિજન પર છે. પાકિસ્તાન જેલથી આવેલા ફોને આખા ગામ ગીર સોમનાથના કોટડા ગામના અનેક પરિવારોને હિબકે ચડાવ્યા છે. તાજેતરમા પાકિસ્તાનની જેલમાં બીજા માછીમારનું મોત થતા પરિવાર હવે તેમનો મૃતદેહ પાછો ક્યારે આવશે તેની રાહ જુએ છે.

પાકિસ્તાનથી આવેલા એક ફોનથી ગીર સોમનાથ જિલ્લાના કોડીનારના કોટડા ગામમાં માતમ છવાયો છે. જ્યાં બે દિવસ પહેલા પાકિસ્તાન જેલમાં કેદ આ ગામના એક યુવાને પોતાના ઘરે ફોન કરી જાણ આપી કે તેમના સાથી માછીમાર અને આ જ ગામના વતની જીતુ જીવા બારીયાનું નિધન થયું છે. એટલું જ નહિ અને બીજા અન્ય માછીમાર રામજી રાજા ચાવડા હોસ્પિટલમાં ઓક્સિજન પર છે. અને તે જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. હજુ થોડા દિવસો પહેલા જ ઉનાના માછીમારનો મૃતદેહ પોતાના વતન આવ્યો છે. અને તેના થોડા દિવસ બાદ પાકિસ્તાનની જેલમાં વધુ એક માછીમારનું મોત થયું છે. તો અન્ય એક માછીમાર બીમાર છે. કોટડા ગામના ૪૪ સહિત ગુજરાત સહિત દેશભરના ૬૪૧ ભારતીય માછીમારો પાક જેલમાં કેદ છે.

નેશનલ ગેમ્સના ભાગરૂપે તા.૧૨થી ૧૬ સપ્ટેમ્બર દરમિયાન

અમદાવાદ જિલ્લામાં રમત-સ્પર્ધા સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતમાં પ્રથમવાર સપ્ટેમ્બર માસમાં ૩૬મી નેશનલ ગેમ્સ-૨૦૨૨ યોજાનાર છે.૨૯ સપ્ટેમ્બરથી શરૂ થનાર ૩૬મી નેશનલ ગેમ્સમાં ૩૬ રાજ્યો અને કેંદ્ર શાસિત પ્રદેશોના રમતવીરો ૩૬ રમતોની સ્પર્ધામાં ભાગ લેનાર છે. રાજ્યના અમદાવાદ, સૂરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને ભાવનગરમાં આ નેશનલ ગેમ્સ યોજાનાર છે. આગામી તા.૧૨ થી ૧૬ સપ્ટેમ્બર દરમિયાન યુવાનો–વિદ્યાર્થીઓમાં રમતને વધુ પ્રોત્સાહન મળે તેમજ અન્ય નાગરિકો પણ તેમાં સહભાગી થાય તે હેતુથી નેશનલ ગેમ્સની થીમ "સેલિબ્રિટીંગ યુનિટી થ્રુ સ્પોર્ટ્સ" આધારિત રાજ્યની તમામ કોલેજ, યુનિવર્સિટી અને શાળા કક્ષાએ ભવ્ય કાર્યક્રમો યોજાનાર છે. અમદાવાદ જિલ્લામાં યોજનાર કાર્યક્રમોં અંગેની જાણકારી આપતા જિલ્લા કલેક્ટર સંદીપ સાગલેએ જણાવ્યું હતું કે, જી.ટી.યુ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ૧૨મી સપ્ટેમ્બરના રોજ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં અન્ય મહાનુભાવો, ૧૧માં ખેલ મહાકુંભની વિજેતા એવી તાલુકા કક્ષાની ૩ શ્રેષ્ઠ શાળાઓ, જિલ્લા કક્ષાની ૩ શ્રેષ્ઠ શાળાઓ અને રાજ્ય કક્ષાની ૪ શ્રેષ્ઠ ટીમો ઉપરાંત ઈન્ટરનેશનલ સોફ્ટ ટેનીસ ખેલાડી શ્રી અનિકેત પટેલ ઉપસ્થિત રહેશે. સમગ્ર જિલ્લામાં આ અભિયાન અંતર્ગત ૫ હજારથી વધુ ખેલાડીઓ સહભાગી થશે. અમદાવદ જિલ્લા વિકાસ અધિકારી અનિલ ધામેલીયાએ જણાવ્યું હતું કે, આ અભિયાન અંતર્ગત જિલ્લામં કબડ્ડી, રસ્સા ખેંચ, બાસ્કેટ બોલ, યોગા, ટેબલ ટેનિસ જેવી રમતોનું નિદર્શન-સ્પર્ધા યોજાશે. આ ઉપરાંત જિલ્લાના ધોળકા, માંડલ અને દસક્રોઈ એમ ૩ તાલુકાની કોલેજ ખાતે કાર્યક્રમો યોજાશે. જ્યારે ૧૪મી સપ્ટેમ્બરે જિલ્લાની તમામ કોલેજો ખાતે અને ૧૫ અને ૧૬ સપ્ટેમ્બરે જિલ્લાની તમામ શાળાઓમાં કાર્યક્રમોનું આયોજન કરાશે. આ કાર્યક્રમોમાં વિધ્યાર્થિઓ-વાલીઓ, રમતવીરો ઉપરાંત સ્થાનિક અગ્રણીઓ સહિત પ્રજાજનો ઉપસ્થિત રહેશે.

ગુજરાત એસટી કોર્પોરેશનને મળી નવી ૨૫૪ બસ

રાજ્યમાં બીએસ-૬ નોર્મ્સની ૨૫૧ તથા ત્રણ એલએનજી બસોનું લોકાર્પણ કરાયું

ટ્રેન-બસ-હવાઈ અને દરિયાઈ માર્ગે રોરો ફેરી પર મળતી સુવિધા બસ ડેપોમાં મળશે

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૦

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા BS ૬ નોર્મ્સ ધરાવતી ૨૫૧ નવી બસ અને ૩ LNG બસનું લોકાર્પણ કરવામાં આવ્યું. ગાંધીનગર ખાતે રાજ્યના કેબિનેટ મંત્રી પૂર્ણેશ મોદીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આજરોજ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ધ્વારા બી એસ ૦૬ નોર્મ્સ ધરાવતી ૨૫૧ નવી બસ અને ૩ એલ.એન.જી. બસનો લોકાર્પણ સમારોહ યોજાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ૩ LNG બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. ત્રણ ડિઝલ બસને LNGમાં કન્વર્ટ કરવામાં આવી છે. અંદાજીત ૭૫ કરોડના ખર્ચે ૨૫૧ બસો તૈયાર કરવામાં આવી છે. ૫૦૦ સુપર એક્સપ્રેસ સહિત તૈયાર થયેલી બસોનું લોકાર્પણ થશે. રાજ્ય સરકારે ૧ હજાર બસોની ખરીદી માટે રૂપિયા ૩૧૦ કરોડ ફાળવ્યા છે.વાહનવ્યવહાર મંત્રી પૂર્ણેશ મોદીએ આ અંગે જણાવ્યું કે, દર વર્ષે અમારી સરકાર ST નવી સુવિધા પુરી પાડે છે. ભાજપના શાસનમાં ગુજરાત સરકાર નવા સોપાન સર કરી રહ્યા છે. વાહન વ્યવહાર વિભાગ સોપાન સર કર્યુ છે. ૨૫૧ ડિલક્સ એક્સ્પ્રેસ અને એલએનજી બસનું લોકાર્પણ કરાયું છે. સામાન્ય નાગરિકોને સુવિધા મળે તે દિશામા પ્રયાસ થાય છે. જેમની પાસે ફોર વ્હીલ નથી તેવા લોકો માટે સુવિધા પુરી પાડી. વિવિધ ડેપોના માધ્યમથી ૮ હજાર જેટલી બસોની સુવિધા પુરી પાડવામાં આવી રહી છે. પૂર્ણેશ મોદીએ વધુમાં જણાવ્યું કે, ગુજરાતની કરોડરજ્જુ સમાન ST બસ છે. નવી બસોમાં લોકોને આરામદાયક મુસાફરી થાય તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ટ્રાન્સપોર્ટેશનમાં ૪ માર્ગે વાહન વ્યવહાર કરનાર ગુજરાત પ્રથમ છે. ટ્રેન, બસ, હવાઈ અને દરિયાઈ માર્ગે રોરો ફેરી. એરપોર્ટ પર મળનારી સુવિધા બસ ડેપોમાં નાગરીકોને મળશે. અકસ્માતોમાં ઘટાડો થાય તે માટે કામગીરી કરાશે. વળાંક જેવા વિસ્તારોમાં રોલર બેરીંગ જેવી વ્યાવસ્થા કરાશે. દરેક વ્યક્તિનો જીવ બચે અને સલામત રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.

વિવાદાસ્પદ ગોવા કાફે ફૂડ લાયસન્સ સ્મૃતિ ઈરાનીના પતિ દ્વારા નિયંત્રિત કંપનીને આપવામાં આવ્યું હતું : RTIમાં ખુલાસો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

માહિતીના અધિકારની એક વિનંતીમાં ખુલાસો થયો છે કે ગોવાના અસાગાઓ ખાતેના એક ખાનગી ઘરમાં સ્થિત વિવાદાસ્પદ ગોવા રેસ્ટોરન્ટ અને બાર, સિલી સોલ્સને રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન ડિરેક્ટોરેટ દ્વારા ભાજપના નેતા સ્મૃતિ ઈરાની અને વરિષ્ઠ મંત્રીના પતિ અને તેમના બાળકો દ્વારા નિયંત્રિત કંપનીને ફૂડ લાઈસન્સ આપવામાં આવ્યું છે. ભાજપના નેતા સ્મૃતિ ઈરાની દ્વારા કોંગ્રેસના નેતાઓ સામે તેના માટે બદનક્ષીનો દાવો કરવામાં આવ્યો છે. ઈરાનીએ ગયા મહિને દેહી હાઈકોર્ટને એક સોગંદનામું નિવેદનમાં જણાવ્યું હતું કે તેણી અને તેની પુત્રીનું હાઉસ ૪૫૨, બુટાવાડો, અસાગાઓ, ગોવા ખાતેના સિલી સોલ્સ કેફે એન્ડ બાર સાથે કોઈ જોડાણ નથી.

ગોવાના એક્સાઈઝ કમિશનરે જુલાઈમાં સિલી સોલ્સ કાફે અને બારના દારૂના લાયસન્સનું ગેરકાયદેસર રીતે નવીકરણ કરવામાં આવ્યું હોવાના આક્ષેપ સાથે નોટિસ જારી કરી ત્યારથી કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ પ્રધાનને ટીકાઓનો સામનો કરવો પડી રહ્યો છે. મીડિયા રિપોર્ટ્સમાં મંત્રીની સોશિયલ મીડિયા પોસ્ટ્સ અને ઈરાનીની પુત્રી, ઝોઈશના ઈન્ટરવ્યુને ટાંકવામાં આવ્યો હતો, જેમાં ટીકાકારે પૂછ્યું કે રેસ્ટોરન્ટ તેની છે કે કેમ તે અંગે તેણીએ સહમતિ દર્શાવી હતી પરંતુ ઈરાનીએ કોર્ટને જણાવ્યું હતું કે આ મિલકત તેમના પરિવારની માલિકીની નથી.

હવે, ગોવા સરકાર તરફથી એડવોકેટ એરેસ રોડ્રિગ્સ, જેમણે અગાઉ માહિતી મેળવી હતી કે આ બારનું એક્સાઈઝ લાયસન્સ ગેરકાયદેસર રીતે રિન્યુ કરવામાં આવ્યું હતું, તેમણે આરટીઆઈ કરી હતી જેના જવાબમાં સામે આવ્યું છે કે ડાયરેક્ટોરેટ ઑફ ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન દ્વારા સિલી સોલ્સને લાઈસન્સ Eightallના નામે જારી કરવામાં આવ્યું હતું. આ ફૂડ એન્ડ બેવરેજીસ લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપ કંપનીમાં સ્મૃતિ ઈરાનીના પતિ અને પરિવાર દ્વારા નિયંત્રિત બે કંપનીઓ ૭૫% હિસ્સો ધરાવે છે. આ કંપની બોર્ડના રિઝોલ્યુશન

સાઈટની મુલાકાત બાદ મંજૂર કરવામાં આવી હતી. ૨૩ જુલાઈ, ૨૦૨૧ના રોજ, ગોવા સરકારના FDA ડિરેક્ટોરેટે FSS એક્ટ હેઠળ ૧૦૬૨૧૦૦૧૦૦૦૧૯૫ નંબર ધરાવતા FSSA લાયસન્સ સાથે Eightall Food and Beverage લાઈસન્સ જારી કર્યા હતા. આ તે જ FSSA લાયસન્સ નંબર છે જેનો ઉપયોગ સિલી સોલ્સ કાફે અને બાર દ્વારા કરવામાં આવે છે જે ઑનલાઈન ફૂડ ઓર્ડરિંગ એપ્લિકેશન, Zomato પર રેસ્ટોરન્ટના પેજ પરથી જોઈ શકાય છે. ધ વાયર ગુરુવારે સાંજે વોટ્સએપ દ્વારા સ્મૃતિ ઈરાનીનો સંપર્ક કર્યો હતો અને તેણીને આરટીઆઈ દસ્તાવેજોની એક નકલ મોકલી છે અને સત્તાવાર રેકોર્ડમાં જે દર્શાવવામાં આવ્યું તેનો જવાબ આપવા માટે તેણીને આમંત્રણ આપ્યું છે. તેણીએ હજુ કોઈ જવાબ આપ્યો નથી. ધ વાયરે અગાઉ અહેવાલ આપ્યો હતો કે કેવી રીતે બાર અને રેસ્ટોરન્ટ પ્રાથમિક રીતે ઈરાની સાથે જોડાયેલ છે:

૧. તે એ જ સરનામે કાર્યરત છે કે જ્યાંથી ઝુબીન ઈરાની અને તેમના પરિવાર દ્વારા નિયંત્રિત કંપની, Eightall Food and Beverage તેનો વ્યવસાય કરે છે, જે કંપની ફાઈલિંગના રજિસ્ટ્રાર અનુસાર છે;

૨. રેસ્ટોરન્ટ એ જ GST નંબરનો ઉપયોગ કરે છે જે Eightallને તે જ સરનામે જારી કરવામાં આવ્યો હતો;

૩. બેલેન્સ શીટ્સ દર્શાવે છે કે ઝુબીન ઈરાનીની કંપની, Eightall, ખાદ્યપદાર્થો અને આલ્કોહોલ ખરીદે છે અને આલ્કોહોલની ઈન્વેન્ટરી જાળવી રાખે છે.

રોડ્રિગ્સે અગાઉના RTI જવાબો પ્રાપ્ત કર્યા હતા તેમાં નોંધ્યું હતું કે Assagaoના સર્વે નંબર ૨૩૬/૨૨ હેઠળની મિલકત જ્યાં સિલી સોલ્સ કેફે અને બાર સ્થિત છે તે એઈટલ ફૂડ એન્ડ બેવરેજીસ LLPને એન્થોની ડી'ગામા દ્વારા ૧ જાન્યુઆરી, ૨૦૨૧થી અમલમાં મૂકવામાં આવી હતી, અને ૫૦,૦૦૦ના માસિક ભાડા પર ૧૦ વર્ષના સમયગાળા માટે આપવામાં આવી હતી. આ કંપની માટે દારૂનું લાઈસન્સ જૂન ૨૦૨૨માં રિન્યુ કરવામાં આવ્યું હતું. જો કે, ડી'ગામાનું ૧૭ મે, ૨૦૨૧ના રોજ અવસાન થયું હતું, આમ તેનું નવીકરણ ગેરકાયદેસર હતું. માટે તેમણે કહ્યું હતું કે દારૂનું લાઈસન્સ મેળવવા માટે કપટ સાથે બનાવટી દસ્તાવેજો બનાવવામાં આવ્યા હતા.

૨૧મી જુલાઈના રોજ કારણદર્શક નોટિસમાં, આબકારી વિભાગે જણાવ્યું હતું કે, લાયસન્સ ધારકનું ૧૭/૦૫/૨૦૨૧ના રોજ અવસાન થયું હોવા છતાં, ગયા મહિને લાઈસન્સ રિન્યુ કરવામાં આવ્યું હતું. રોડ્રિગ્સ દ્વારા મેળવવામાં આવેલા નવા RTI દસ્તાવેજો પણ તેમના અગાઉના દાવાને સમર્થન આપતા જણાય છે કે સિલી સોલ્સને રેસ્ટોરન્ટનું સંચાલન કરવા માટેનું લાઈસન્સ હતું તે પહેલાં જ તેને એક્સાઈઝ લાઈસન્સ આપવામાં આવ્યું હતું, જે ફરીથી, અન્ય કાયદાનું ઉલ્લંઘન છે. અલબત્ત, એ શક્ય છે કે ડી'ગામા એ જગ્યા પર રેસ્ટોરન્ટ ચલાવતા હોય અને તેના માટે FSSA લાઈસન્સ ધરાવતા હતા. ગોવામાં આબકારી નિયમો માત્ર હાલની રેસ્ટોરાંને જ આબકારી લાઈસન્સ આપવાની મંજૂરી આપે છે. સિલી સોલ્સ કાફેને ફેબ્રુઆરી ૨૦૨૧માં વિદેશી દારૂ અને ભારતીય બનાવટના વિદેશી દારૂ અને દેશી દારૂ માટે લાઈસન્સ આપવામાં આવ્યું હતું. પરંતુ DFDA રેસ્ટોરન્ટ લાઈસન્સના નવીનતમ RTI દસ્તાવેજો દર્શાવે છે કે, જુલાઈ ૨૦૨૧માં તે મંજૂર કરવામાં આવ્યું હતું. એરેસ રોડ્રિગ્સ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ પર ગોવાના આબકારી કમિશનર નારાયણ ગાડ ૧૨ સપ્ટેમ્બરે સુનાવણી ચાલુ રાખશે.

કર્ણાટકમાં હિજાબ પર પ્રતિબંધથી હજારો મુસ્લિમ છોકરીઓ શિક્ષણથી વંચિત રહી ગઈ છે : PUCL રિપોર્ટ

(એજન્સી) તા.૧૦

પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝના અહેવાલમાં જણાવાયું છે કે, શૈક્ષણિક સંસ્થાઓમાં હિજાબ પર પ્રતિબંધ મૂકતા રાજ્ય સરકારના આદેશ અને આ નિર્દેશને સમર્થન આપતા હાઈકોર્ટના ચુકાદાના પરિણામે કર્ણાટકમાં હજારો મુસ્લિમ છોકરીઓ અને મહિલાઓ શિક્ષણ મેળવવાથી વંચિત રહી ગઈ છે. કર્ણાટક હિજાબ પ્રતિબંધ દ્વારા યુવા મુસ્લિમ વિદ્યાર્થીઓને શિક્ષણનો અધિકાર જોખમમાં મૂકવામાં આવ્યો છે. આ સંસ્થાના જણાવ્યા અનુસાર હાઈકોર્ટના નિર્ણયથી સંખ્યાબંધ અધિકારોનું ઉલ્લંઘન થયું છે.

પીયુસીએલના અહેવાલમાં જણાવાયું છે કે, જે અધિકારોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે તેમાં ભેદભાવ વિના શિક્ષણનો અધિકાર, સમાનતાનો અધિકાર, ગૌરવનો અધિકાર, ગોપનીયતાનો અધિકાર, અભિવ્યક્તિનો અધિકાર, બિન-ભેદભાવનો અધિકાર અને મનસ્વી રાજ્ય કાર્યવાહીથી સ્વતંત્રતાનો સમાવેશ થાય છે. સંસ્થાએ દાવો કર્યો હતો કે કર્ણાટક સરકારે કોલેજોમાં હિજાબ પર પ્રતિબંધ લાગુ કરવા માટે તેણે તેની બંધારણીય ફરજની સંપૂર્ણ અવગણના કરી છે. આ અહેવાલ મુજબ, આ સૂચનાએ અસંખ્ય વિદ્યાર્થીઓને તેમના શૈક્ષણિક કાર્યક્રમો છોડી દેવાની ફરજ પાડી હતી. PUCLએ મુખ્ય પ્રધાન બસવરાજ બોમાઈને શાળાઓ અને કોલેજોમાં હિજાબ પહેરવા પર

પ્રતિબંધ મૂકતું નોટિફિકેશન રદ કરવા પણ વિનંતી કરી હતી. સરકારે આવો અચાનક, મનસ્વી અને ગેરબંધારણીય નિર્ણય શા માટે લીધો તેની તપાસ કરવા માટે તેણે ન્યાયતંત્રને પણ વિનંતી કરી છે. માનવ અધિકાર આયોગ અને લઘુમતી આયોગે સંબંધિત વિદ્યાર્થીઓના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરવા બદલ આચાર્યો અને સીડીસી કોલેજ વિકાસ સમિતિઓ સામે સ્વ-મોટુ ફરિયાદો નોંધવી જોઈએ અને વહેલી તકે પગલાં લેવા જોઈએ. PUCLના અભ્યાસ મુજબ, કોર્ટ કેસના પરિણામે શૈક્ષણિક સંસ્થાઓમાં લાગુ કરાયેલા સુરક્ષા પગલાં વિદ્યાર્થીઓ શાળાઓ અને કોલેજોમાં જવાથી ડરતા હતા. તેણે એવી ઘટનાઓની પણ નોંધ લીધી હતી જેમાં હિન્દુ છોકરાઓએ કથિત રીતે વોટ્સએપ ગ્રુપ દ્વારા ધમકીભર્યા સંદેશાઓ મોકલ્યા હતા. તેઓએ કહ્યું છે કે તેઓ અમને સજા કરવા અને મારી નાખવા માગે છે, અને અન્ય ધમકીઓ આપે છે. વિદ્યાર્થીઓએ આ સંસ્થાને એ પણ જણાવ્યું કે કેટલાક છોકરાઓ તેમને જાહેરમાં હેરાન કરે છે અને તેમને "ઓ હિજાબ" અને "ઓ બુરખા" જેવા શબ્દો કહે છે. આ સર્વેમાં જાણવા મળ્યું છે કે ઘણી કોલેજોએ તેમના વિદ્યાર્થીઓનો બચાવ કરવાને બદલે આવા ઉત્પીડનને પ્રોત્સાહન આપ્યું હતું. અહેવાલમાં એક વિદ્યાર્થિનીએ કહ્યું હતું કે, જ્યારે પ્રિન્સિપાલ અમને જુએ છે, ત્યારે તે અમને સલાહ આપે છે, તેઓ અમને પૂછે છે કે શા માટે અમે અહીં ભણવાનું ચાલુ રાખીએ છીએ. અમે શા માટે હિજાબ પહેરવાનું ચાલુ રાખીએ છીએ, અને આવા કટાક્ષ સાથેના પ્રશ્નો અમને પૂછવામાં આવે છે.

ફેક્ટ-ચેક : શું માત્ર પાકિસ્તાની ટ્વિટર હેન્ડલ્સે જ અર્શદીપસિંહને 'ખાલિસ્તાની' કહ્યા હતા ?

૪ સપ્ટેમ્બરે, પાકિસ્તાને એશિયા કપ ૨૦૨૨ની સુપર ૪ મેચમાં ભારતને પાંચ વિકેટે હરાવ્યું હતું. રમતના ચોક્કસ તબક્કે, પાકિસ્તાનનો સ્કોર ૧૫૧ રન હતો જેમાં વિજય માટે ૧૮૨નો લક્ષ્યાંક હતો. પાકિસ્તાની ક્રિકેટર આસિફ અલી બેટિંગ કરી રહ્યો હતો, જેમાં ભારતને વિકેટની સખત જરૂર હતી. ભારતીય બોલર રવિ બિશ્નોઈ ૧૮મી ઓવર ફેંકી રહ્યો હતો. એ સમયે અર્શદીપે કેચ છોડતા તેને ટ્વિટર પર ટ્રોલ કરવામાં આવ્યો હતો અને તેને ખાલિસ્તાની કહેવામાં આવ્યો હતો અને એવો દાવો કરવામાં આવ્યો કે આ ટ્વિટ પાકિસ્તાનના દર્શકો દ્વારા કરવામાં આવી રહ્યા છે.

અમે શિવમની ટ્વિટર પ્રોફાઈલની તપાસ કરી, ત્યારે અમને જાણવા મળ્યું કે આ એક ભારતીય હેન્ડલ હતું જે ઘણીવાર બોલિવૂડના જેમ્સના સમર્થનમાં ટ્વિટ કરતું હતું; ભાજપના નેતાઓ કપિલ મિશ્રા અને તજિન્દરપાલ સિંહ બગ્ગા અને જમણેરી પ્રભાવક અંશુલ સક્સેના અને અન્ય જમણેરી ખાતાઓ પરથી સ્પષ્ટ થાય છે કે આ એકાઉન્ટ ભારતીય યુઝરનું છે. ટ્વિટનો સ્ક્રીનશોટ વાયરલ થયા બાદ શિવમે પોતાનું એકાઉન્ટ નિષ્ક્રિય કરી દીધું હતું. જો કે, શિવમની પ્રોફાઈલનું આર્કાઈવ વર્ઝન અહીં ઍક્સેસ કરી શકાય છે. જ્યારે અમે ક્લોકટાવરની ટ્વિટર પ્રોફાઈલ પર સર્ચ કર્યું, ત્યારે અમને જાણવા મળ્યું કે આ વપરાશકર્તાએ ભારતીય જનતા યુવા મોરચા, મુંબઈના અધ્યક્ષ, તજિન્દર તિવાનાને તેમના જન્મદિવસ પર શુભેચ્છા પાઠવી હતી. આ સાથે, યુઝરે મહારાષ્ટ્રમાં એકનાથ શિંદેની સરકાર બની ત્યારે હિન્દુ તહેવારની ઉજવણી વિશે ટ્વિટ કર્યું હતું. અર્શદીપ પર હરભજન સિંહના ટેકનો જવાબ આપતા આ યુઝરે લખ્યું હતું કે તેઓ ભારતીય ખેલાડી હોવાથી તેમની ટીકા કરવાનો તેમને અધિકાર છે. આ સિવાય પાકિસ્તાનની જીત અંગે ૨૯ ઓગસ્ટે પોસ્ટ કરવામાં આવેલ ટ્વિટ સ્પષ્ટ દર્શાવે છે કે આ એક ભારતીય એકાઉન્ટ છે. અમે પ્રદીપના ટ્વિટર એકાઉન્ટની તપાસ કરી અને જાણવા મળ્યું કે આ યુઝરે એવું પણ લખ્યું હતું કે ભારતીય ક્રિકેટર ઋષભ પંતને T20 મેચમાં રમવાની મંજૂરી ન આપવી જોઈએ. આ સિવાય આ યુઝરની પ્રોફાઈલ પર M.S.ધોનીના સમર્થનમાં ઘણી ટ્વિટ્સ છે. ૫ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ, આ વપરાશકર્તાએ ટ્વિટ કરતી વખતે Jio સિમ કાર્ડનો ઉપયોગ કરવાની વાત કરી હતી, જે પુષ્ટિ કરે છે કે તેઓ ભારતના છે. પ્રદીપની પ્રોફાઈલનું આર્કાઈવ વર્ઝન અહીં ઉપલબ્ધ છે. લક્ષ્મણના ટ્વિટ્સની તપાસ કર્યા પછી, અમને જાણવા મળ્યું કે તેણે ભૂતકાળમાં પણ ભારતીય રાજનીતિ સાથે સંબંધિત ઘણી ટ્વિટ્સ કરી હતી. તેમાંથી એકે કહ્યું કે કાશ્મીરમાં ત્યારે જ શાંતિ સ્થાપિત થશે જ્યારે એક જ ધાર્મિક સમુદાયના સભ્યો એટલે કે હિન્દુઓ ત્યાં રહેતા હશે. લક્ષ્મણની પ્રોફાઈલનું આર્કાઈવ વર્ઝન અહીં મળી શકે છે.

જ્યારે અમે રિષભનું ટ્વિટર એકાઉન્ટ તપાસ્યું, ત્યારે અમને જાણવા મળ્યું કે આ વપરાશકર્તાએ ઘણા જમણેરી પ્રભાવકો દ્વારા કરવામાં આવેલી પોસ્ટને રીટ્વિટ કરી હતી. વાસ્તવમાં, વપરાશકર્તાએ અગાઉ પ્રશ્નમાંના એક જેવી ઘણી ટ્વિટ પોસ્ટ કરી હતી. ભાજપ દ્વારા નૂપુર શર્માને સસ્પેન્ડ કર્યા બાદ ઉપાધ્યાયે તેમના સમર્થનમાં ટ્વિટ કર્યું હતું અને તે જ ટ્વિટમાં ભાજપનો વિરોધ કર્યો હતો. આનાથી સ્પષ્ટ થાય છે કે હેન્ડલ ભારતીય યુઝરનું છે. રિષભની પ્રોફાઈલનું આર્કાઈવ વર્ઝન અહીં મળી શકે છે. અર્શદીપે રાત્રે ૧૧.૦૫ વાગ્યાની આસપાસ કેચ છોડ્યો હતો. ટ્વિટર પર આ સમયનો ઉપયોગ કરીને, અમે ભારતીય માનક સમય અનુસાર રાત્રે ૧૧:૦૫ વાગ્યાથી ૧૧:૧૦ વાગ્યાની વચ્ચે પોસ્ટ કરાયેલા 'ખાલિસ્તાન' અને 'ખાલિસ્તાની' કીવર્ડ્સ ધરાવતી ટ્વિટ્સ તપાસી અને અમે ચોક્કસ પેટર્નનું અવલોકન કર્યું. આ સમયમર્યાદામાં, 'ખાલિસ્તાની' શબ્દનો ઉપયોગ કરનારા મોટાભાગના ખાતાઓ ભારતીય હોવાનું જણાય છે. તે જ સમયે, 'ખાલિસ્તાન' શબ્દનો ઉપયોગ કરતા મોટાભાગના એકાઉન્ટ્સ પાકિસ્તાની હોવાનું જણાયું હતું, તેમાંથી પાકિસ્તાની પત્રકાર વજાહત સઈદ ખાન પણ હતા. આ ટ્વિટ પણ તે જ સમયમર્યાદામાં પોસ્ટ કરવામાં આવી હતી. કેચ છોડ્યા પછી, પાકિસ્તાની એકાઉન્ટ્સ અર્શદીપને ખાલિસ્તાન સાથે જોડીને તેની મજાક ઉડાવી રહ્યા હતા, જ્યારે ભારતીય એકાઉન્ટ્સ અર્શદીપને 'ખાલિસ્તાની' કહીને અને અન્ય કટાક્ષ શબ્દોનો ઉપયોગ કરી રહ્યા હતા. અમે ઉપરના બંને કીવર્ડ્સ (ખાલિસ્તાન અને ખાલિસ્તાની) ના આર્કાઈવ કરેલા શોધ પરિણામોને હાઈપરલિંક કર્યા છે. બંને આર્કાઈવ્સમાં કેચ પછી તરત જ કરવામાં આવેલી ટ્વિટ્સ છે. તે સમયે કરવામાં આવેલી તમામ ટ્વિટ્સ જોવા માટે આર્કાઈવ લિંક પર ક્લિક કર્યા પછી વાચકો નીચે સ્ક્રોલ કરી શકે છે. આ ઓવરના ત્રીજા બોલ પર, આસિફ અલીએ શોર્ટ થર્ડ મેન પર તક આપતો શોટ રમતા ફિલ્ડર અર્શદીપ સિંહે કેચ છોડી દીધો. જે બાદ સોશિયલ મીડિયા યુઝર્સે અર્શદીપને ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું હતું. પંજાબ કિંગ્સે અર્શદીપના સમર્થનમાં ટ્વિટ કર્યું, "અમને તારા પર ગર્વ છે". આનો જવાબ આપતા, જમણેરી પ્રભાવક @MrSinha_એ લખ્યું કે પંજાબ કિંગ્સ ભારતીય ક્રિકેટ ટીમની હાર માટે જવાબદાર લોકો માટે ઉત્સાહ બતાવી રહ્યા હતા અને પ્રશ્ન કર્યો કે શું 'ખાલિસ્તાનીઓ' હેન્ડલ ચલાવી રહ્યા હતા. બાદમાં તેણે ટ્વિટ કાઢી નાખી હતી. નોંધનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ એકાઉન્ટને ફોલો કરે છે. આ સિવાય, તેના અનુયાયીઓની સૂચિમાં ઘણા જમણેરી પ્રભાવકોનો સમાવેશ થાય છે જેમ કે જમણેરી પ્રચાર વેબસાઈટ OpIndiaના CEO રાહુલ રોશન, જમણેરી પોર્ટલ Onlyfactના સ્થાપક વિજય પટેલ અને ભારતીય જનતા પાર્ટી (BJP) સમર્થકો અંકિત જૈન અને અમિત કુમાર છે. આ તમામ વિવાદો વચ્ચે અનેક સેલિબ્રિટીઓએ અર્શદીપના સમર્થનમાં ટ્વિટ કર્યા છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અને રાજ્યસભાના સાંસદ હરભજન સિંહે ટ્વિટમાં લખ્યું કે, અર્શદીપની ટીકા કરવાનું બંધ કરો, કોઈ પણ ખેલાડી જાણીજોઈને કેચ છોડતો નથી. અમને અમારા ખેલાડીઓ પર ગર્વ છે, પાકિસ્તાન સારૂં રમ્યું હતું આવા લોકો માટે શરમ આવે છે જેઓ આ પ્લેટફોર્મ પર આવી વાતો કહીને અર્શદીપ અને ભારતીય ટીમને અપમાનિત કરી રહ્યા છે. ભારતીય ક્રિકેટર ઈરફાન પઠાણે ટ્વિટ કરીને લખ્યું કે, અર્શદીપ મજબૂત છે. વિરાટ કોહલીએ કહ્યું કે દબાણમાં કોઈ પણ વ્યક્તિ ભૂલ કરી શકે છે અને તે મોટી મેચ હતી. તમે તેમની પાસેથી શીખો જેથી આગલી વખતે જ્યારે તક આવે, ત્યારે તમે આવા મહત્ત્વપૂર્ણ કેચ પકડી શકો.

(સૌ.: ધ વાયર.ઈન)

બિલ્કીસબાનો કેસ : મધ્ય પ્રદેશ સરકારે ૨૦૧૧માં માફી નીતિ હેઠળ મુક્ત કરાયેલા પાંચ SIMI કાર્યકરોની ફરીથી ધરપકડ કરી હતી

(એજન્સી) તા.૧૦

આજે બિલ્કીસબાનોના બળાત્કારીઓ આઝાદ ફરી રહ્યા છે. ત્યારે ૨૦૧૧માં પ્રજાસત્તાક દિવસના અવસરે સ્ટુડન્ટ્સ ઈસ્લામિક મૂવમેન્ટ ઓફ ઈન્ડિયા (SIMI)ના પાંચ કાર્યકરોને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. ત્યારે આ જ શાસક વર્ગને એ વાતનો બહુ ઓછો ખ્યાલ હતો કે અ સમાન માફીની નીતિ પાછી ખેંચી લેવામાં આવી હતી. VHP અને બજરંગ દળના વિરોધ પછી, તત્કાલીન શિવરાજસિંહ ચૌહાણ સરકારે ૨૦૧૧માં પાંચ સિમી કાર્યકરોની ફરીથી ધરપકડ કરવાનો આદેશ આપ્યો હતો. આ પાંચ SIMIના સભ્યો જાન્યુઆરી ૨૦૧૧માં રાજ્યભરની જેલોમાંથી મુક્ત થયેલા ૬૦૦થી વધુ લાભાર્થીઓમાં સામેલ હતા, જેમણે અડધાથી વધુ સજા પૂર્ણ કરી હતી અને જેલમાં તેમના રોકાણ દરમિયાન સારૂં વર્તન કર્યું હતું.

મીડિયા અહેવાલોમાં જણાવાયું છે કે, એમપી સરકારે સક્રિયપણે પ્રતિક્રિયા આપી હતી કારણ કે જમણેરી વિરોધીઓએ તત્કાલિન ગૃહ પ્રધાન અને જેલ અધિકારીઓના પૂતળા બાળ્યા હતા. આ કટ્ટર સંગઠનોએ 'રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ'માં સામેલ તત્વોની વહેલી મુક્તિ માટે જેલ અધિકારીઓ સામે ફોજદારી કેસ દાખલ કરવા માટે સહી ઝૂંબેશ શરૂ કરવાની ધમકી પણ આપી હતી. વિપક્ષ કોંગ્રેસે પણ જમણેરી હિંદુ સંગઠનોએ માફી નીતિને લઈને સરકારની ટીકા કરી હતી.

પ્રતિબંધિત સંગઠનના પાંચ સભ્યોને ૨૦૦૮માં ઉજ્જૈન જિલ્લાના ઉનહેલમાં તાલીમ શિબિર યોજવા બદલ પાંચ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. જો કે, તેઓ ૩૧ મહિનાથી વધુ જેલમાં વિતાવીને માફી માટે પાત્ર બન્યા હતા. જેલ વિભાગે એક સ્થાયી હુકમ પર કાર્યવાહી કરી હતી જે એક દાયકા પહેલા પ્રથમ વખત જારી કરવામાં આવી હતી અને કાનૂની વિભાગ દ્વારા દર વર્ષે ૨૬

જાન્યુઆરી અને ૧૫ ઓગસ્ટ પહેલા આ માફી નીતિ અમલમાં આવી હતી.

મીડિયા અહેવાલમાં જણાવાયું છે કે શિવરાજસિંહ ચૌહાણની સરકાર વિરોધથી શરમ અનુભવી હતી જેણે તેની હિંદુત્વની ઓળખ પર પ્રશ્ન ઊઠાવવાનો પ્રયાસ કર્યો હતો અને તે સાંપ્રદાયિક રીતે સંવેદનશીલ માલવા પ્રદેશમાં બહુમતી સમુદાયનો વિરોધ કરવા માંગતી ન હતી. આ વિરોધ ઈન્દોર અને ઉજ્જૈન સહિત અન્ય ઘણા શહેરોમાં ફેલાઈ ગયો હતો. અહેવાલોમાં જણાવાયું છે કે, સરકારે નિયમોના સ્પષ્ટ ઉલ્લંઘન કરીને આ પાંચ કાર્યકરોની મુક્તિના નવ દિવસ પછી ફરીથી ધરપકડ કરવાનો આદેશ આપ્યો હતો. વિરોધ શરૂ થયા બાદ તરત જ સ્થાનિક પોલીસને એલર્ટ પર રાખવામાં આવી હતી અને સિમીના સભ્યોને પરવાનગી વિના તેમના ઘરોમાંથી બહાર ન નીકળવા માટે કહેવામાં આવ્યું હતું.

આગામી નવ દિવસ સુધી, વિરોધ શમ્યો ન હતો, ત્યારે પોલીસે પરિવારના સભ્યોને અમારા પર વિશ્વાસ કરો, અમે તેમને ટૂંક સમયમાં પાછા લાવીશું એમ કહીને પાંચેયને તેમના ઘરેથી ધરપકડ કરી હતી અને પરિવારજનોએ વિચાર્યું કે તેઓ રાત સુધીમાં પાછા આવી જશે, પરંતુ તેવું થયું નહીં. એમપી સરકાર એટલી સક્રિય હતી કે તેણે બાકીની જેલની મુદત પૂરી કરવા માટે સિમીના સભ્યોને જેલમાં પાછા મોકલ્યા હતા. એટલું જ નહીં, પરંતુ તેણે વરિષ્ઠ પોલીસ અને જેલના અધિકારીઓ તેમજ એક અમલદારની બદલી કરી હતી અને આ ઉપરાંત, એક જુનિયર જેલ અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. આ પાંચ સિવાય, માફી યોજનાના અન્ય લાભાર્થીઓને મુક્ત રાખવામાં આવ્યા હતા. આ નિયમો પાછલી અસરથી બદલવામાં આવ્યા હતા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ હેઠળ દોષિત ઠેરવવામાં આવેલા લોકોને વાર્ષિક માફી માટે અયોગ્ય ગણવામાં આવ્યા હતા. અધિકારીઓ એટલા ડરી ગયા હતા કે નાના ગુના માટે દોષિત ઠરેલા અને વૃદ્ધાવસ્થામાં પહોંચી ગયેલા લોકોને પણ આ વિવાદ પછી લાંબા સમય સુધી માફી આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો.

જોકે, સરકારની મૂંઝવણનો અંત આવ્યો ન હતો કારણ કે છ મહિના પછી, હાઈકોર્ટે સિમીના સભ્યોની પુનઃ ધરપકડને કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવ્યું હતું અને તેમને મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. આકસ્મિક રીતે, છિંદવાડા જેલમાં બંધ એક પાકિસ્તાની નાગરિક પણ ક્રોસ ફાયરમાં પકડાયો હતો. તે જ નીતિ હેઠળ તેને મુક્ત કરવામાં આવ્યો હતો અને તે પાકિસ્તાન પરત મોકલવાની રાહ જોઈ રહ્યો હતો. જો કે, તેની પણ ફરીથી ધરપકડ કરવામાં આવી હતી અને તેની ૧૮ મહિનાની જેલની મુદત પૂરી કરવા માટે ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે તે મુક્ત થયો ત્યારે તેણે ૧૬ મહિના જેલમાં વિતાવ્યા હતા. કુઆલાલંપુરમાં રહેતા આ પાકિસ્તાની નાગરિકે દાવો કર્યો હતો કે તે ભારત પ્રત્યે પ્રેમ ધરાવે છે. તેની કથિત લવ સ્ટોરી છિંદવાડાની એક નૃત્યાંગના ડાન્સ ટ્રુપ સાથે મલેશિયાની રાજધાની ગઈ હતી. ત્યારે શરૂ થઈ હતી. પોલીસે એવું વિચાર્યું કે તે જાસૂસ હતો, પરંતુ તે આ કેસ સાબિત કરી શક્યો ન હતો અને તેને બનાવટી પાસપોર્ટ રાખવા બદલ દોષી ઠેરવવામાં આવ્યો હતો. તેનાથી વિપરીત, દોષિતોને જેલમાં પાછા મોકલવાની માંગનો જવાબ આપવાને બદલે, ગુજરાત સરકારે ચૂંટણીના વર્ષમાં વિરોધના અવાજોની લગભગ અવગણના કરી હતી અને ઊલટાનું ભાજપના એક નેતાએ આ બળાત્કારીઓને "સંસ્કારી" પુરૂષો ગણાવ્યા હતા. ત્યારબાદ સરકારે માફીને ન્યાયી ઠેરવતા કહ્યું કે આ કાયદા અનુસાર કરવામાં આવ્યું છે.

પશ્ચિમ બંગાળ : તૃણમૂલ નેતા અનુબ્રતા મંડલ મંગલકોટ હિંસા કેસમાં મુક્ત, કહ્યું : તેમને ફસાવાયા હતા

(એજન્સી) તા.૧૦

તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અનુબ્રતા મંડલ અને અન્ય ૧૩ને શુક્રવારે અહીંની અદાલતે બીરભૂમ જિલ્લાના મંગલકોટ ખાતે ૨૦૧૦ની હિંસા સંબંધિત કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા. કોર્ટમાંથી નિર્દોષ છૂટ્યા બાદ મંડલે દાવો કર્યો હતો કે તેમને આ કેસમાં ફસાવવામાં આવ્યા હતા. વિધાનનગરમાં સાંસદો/ધારાસભ્યો સામેના કેસની સુનાવણી માટે રચાયેલી વિશેષ અદાલતના ન્યાયાધીશે પુરાવાના અભાવે મંડલ અને અન્ય ૧૩ને નિર્દોષ જાહેર કર્યા હતા. કોર્ટે કહ્યું કે ફરિયાદ પક્ષ સાક્ષીઓના નિવેદનો પરથી સાબિત કરી શક્યું નથી કે હિંસા સમયે આરોપીઓ હાજર હતા. મંડલ અને અન્ય ૧૩ લોકોને માર્ચ ૨૦૧૦માં રાજકીય હિંસાના કેસમાં આરોપી બનાવવામાં આવ્યા હતા. આ ઘટનામાં કેટલાક લોકો ઘાયલ થયા હતા. તે સમયે પશ્ચિમ બંગાળમાં સીપીઆઈ(એમ)ની આગેવાની હેઠળની ડાબેરી મોરચાની સરકાર હતી. એવો આરોપ છે કે મંગલકોટમાં તૃણમૂલ કોંગ્રેસના સમર્થકો સાથેની અથડામણમાં તત્કાલીન શાસક કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા-માર્કસિસ્ટ (સીપીઆઈ-એમ)ના કેટલાક કાર્યકરો ઘાયલ

થયા હતા અને તેમાંથી એક દેશી બોમ્બ વિસ્ફોટમાં એક હાથ ગુમાવ્યો હતો. તૃણમૂલ કોંગ્રેસના નેતા મંડલ હાલમાં ૧૧ ઓગસ્ટે એક પશુ તસ્કરી કેસમાં સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા ધરપકડ કરવામાં આવ્યા બાદ ન્યાયિક કસ્ટડીમાં છે. તૃણમૂલ કોંગ્રેસના બીરભૂમ જિલ્લા એકમના અધ્યક્ષ અનુબ્રત મંડલે પત્રકારોને જણાવ્યું હતું કે તેઓ ખુશ છે કે 'દીદી' (મમતા બેનર્જી) કટોકટી દરમિયાન તેમની સાથે ઊભા હતા.

લિસ્બનમાં ફિનિટેરા અરબિડા ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૨માં

ધ્રાંગધ્રાના કંકાવટી ગામના વૈજ્ઞાનિક ડૉ.મો.હુસેન માણેકિયાએ બનાવેલ ડોક્યુમેન્ટરી ફિલ્મ પોર્ટુગલમાં પ્રથમ નંબરે

વૈજ્ઞાનિકો તથા આબોહવા પર ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવી હતી : પ્રથમ નંબર મળતા પરિવારમાં ખુશીનો માહોલ

અમદાવાદ, તા.૧૦

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના કંકાવટી ગામના સાયન્ટિસ્ટ ડૉ.મોહમ્મદહુસેન હનીફભાઈ માણેકિયાને વૈજ્ઞાનિકો ઉપર બનાવેલી તેમજ આબોહવા ઉપર બનાવેલી ડોક્યુમેન્ટરી ફિલ્મને વર્લ્ડ ફિલ્મ ફેસ્ટિવલ-૨૦૨૨માં લિસ્બનમાં ફિનિટેરા અરબિડા ફિલ્મ ફેસ્ટિવલ-૨૦૨૨ પોર્ટુગલમાં પ્રથમ નંબરે આવી છે. પ્રથમ નંબર મેળવવા બદલ કુટુંબ તથા મિત્ર વર્તુળમાં ખુશીની લાગણી ફેલાઈ જવા પામી છે.

ગૌરવ પુરસ્કારથી સન્માનિત સુન્ની મુસ્લિમ ઝાલાવાડી ઘાંચી જમાત બાવનગામનું નામ રોશન કર્યું છે.

સાથે ગુજરાત તથા ભારતનું નામ વિદેશમાં રોશન કરતા ચોતરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. આ ફિલ્મ વિશ્વના અન્ય દેશોમાં પણ પ્રસારિત થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ મોહમ્મદહુસેન માણેકિયાની ઈટાલીની ટ્રેન્ટો યુનિવર્સિટી ઓફ ઈટાલીમાં વર્ષ ૨૦૧૭માં પીએચડી સ્કોલરશીપ માટે પસંદગી કરાઈ હતી. ૨૭ મે ૨૦૨૧ના રોજ મો.હુસેનને ઓનલાઈન કોન્વોકેશનમાં પીએચડીની ડિગ્રી એનાયત કરાઈ હતી.

કોંગ્રેસના બંધના એલાનને સજ્જડ પ્રતિસાદ સાંપડયો

પાટણમાં વેપારી એસોસિએશને બંધના એલાનને સમર્થન આપી બજારો સ્વૈચ્છિક બંધ રાખ્યા

પાટણ,તા.૧૦

જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ, ગેસ સીલિન્ડર, પેટ્રોલ-ડીઝલ અને મોંઘવારી સહિતના મુદ્દે સરકાર સામે આક્રમક બનેલી ગુજરાત પ્રદેશ કોંગ્રેસે સરકારની નિષ્ક્રિયતા સામે શનિવારે ગુજરાત બંધનું સાંકેતીક એલાન આપ્યું હતું. ત્યારે પાટણમાં મોટા ભાગના વેપારી એસોસિએશને કોંગ્રેસના બંધના એલાનને સમર્થન આપી બજારો સ્વૈચ્છિક બંધ રાખતા કોંગ્રેસ બંધના ચાર કલાકના આંદોલનને સારો પ્રતિસાદ સાંપડયો હતો. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા મોંઘવારી સહિત વિવિધ મુદ્દાઓને લઈ ગુજરાત બંધનું એલાન જાહેર કર્યું હતું જે અનુસંધાને પાટણ જિલ્લા કોંગ્રેસ દ્વારા ધારાસભ્ય ડો. કિરીટ પટેલની આગેવાની હેઠળ કોંગ્રેસના કાર્યકરો આજે સવારે ૮ કલાકથી

સ્વૈચ્છિક રીતે બજારો બંધ કરાવવા નિકળ્યા જ હતા. ત્યારે પાટણના મોટા ભાગના વેપારી એસોસિએશને મોંઘવારી વિરૂદ્ધ આપવામાં આવેલ બંધના એલાનને સમર્થન આપતા તમામ બજારો જડબેસલાક ચાર કલાક સુધી બંધ રહ્યા હતા. જો કે હિંગળાચાચર ચોક વિસ્તારમાં એક વેપારીને કોંગ્રેસના કાર્યકરોએ દુકાન બંધ કરાવવા સમજાવતા વેપારી ઉશ્કેરાઈ જતા મામલો બીચકયો હતો. તો બીજી તરફ શહેરના કાપડ બજાર, વાસણ બજાર, ઝવેરી બજાર, કરિયાણા બજાર, સીટીપોઈન્ટ, બગવાડા ચોક વિસ્તાર, પાલિકા બજાર સહિતના તમામ વેપારી એસોસિએશને બજારો બંધ રાખતા સવારથી ધમધમતા બજારના અનેક વિસ્તારો સુમસામ બની ગયા હતા.

અંકલેશ્વરમાં કોંગ્રેસના બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ

અંકલેશ્વર, તા.૧૦

ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિએ ગુજરાત પ્રદેશમાંથી મળેલા આદેશ મુજબ રાજ્યમાં વધી રહેલી મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચારના મુદ્દે બીજેપી સામે બાયો ચઢાવી ૧૦મી સપ્ટેમ્બરના રોજ સવારે ૮થી ૧૨ વાગ્યા સુધી ગુજરાત બંધનું એલાન આપ્યું હતું. જોકે અંકલેશ્વર શહેરમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો.

અંકલેશ્વરમાં બંધનો મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો. કોંગ્રેસે સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, રાજ્યમાં મોંઘવારી સહિત લોકોના અનેક પ્રશ્નો છે, જેમાં સરકાર દ્વારા કોઈ પગલાં ભરવામાં આવતા નથી. સરકારી કર્મચારીઓ ત્રાહિમામ્ પોકારી ગયા છે. ઉપરાંત બેરોજગારી અને ભ્રષ્ટાચારે ભરડો લીધો છે. સરકાર દ્વારા માત્રને માત્ર મોટા મોટા વાયદાઓ આપવામાં આવે છે, પરંતુ કોઈ પણ પ્રકારનું કામ થતું નથી. તેવામાં હવે

(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

ગુજરાત કોંગ્રેસે ૧૦ સપ્ટેમ્બરે ગુજરાત બંધનું એલાનની જાહેરાત કરી હતી. આ બંધના એલાનમાં લોકોને જોડાવા માટે અપીલ કરવામાં આવી હતી. ત્યારે અંકલેશ્વરમાં શહેર અને જીઆઈડીસી વિસ્તારમાં મોંઘવારી બેરોજગારીના મુદ્દે કોંગ્રેસે આપેલા બંધના એલાનને લઈને મિશ્ર પ્રતિસાદ જોવા મળવા હતો શહેરના ત્રણ રસ્તા વિસ્તારના શોપીંગોમાં આવેલ દુકાનો વેપારીઓએ બંધ રાખી બંધના એલાનને સમર્થન આપ્યું હતું તો કેટલાક વિસ્તારોમાં દુકાનો ખુલ્લી જોવા મળી હતી. કોંગ્રેસ દ્વારા અપાયેલ બંધના એલાનના પગલે શહેર પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. અંકલેશ્વર શહેર તાલુકાના આગેવાનો અને કાર્યકરો અંકલેશ્વર શહેર કોંગ્રેસ પ્રમુખ જગતસિંહ વાસદીય, અંકલેશ્વર હાંસોટ તાલુકા યુવા કોંગ્રેસ પ્રમુખ શરીફ કાનુગા, તાલુકા પ્રમુખ દેવેન્દ ઉપાધ્યાય, કામદાર નેતા અને જિલ્લા આગેવાન ડી.સી. સોલંકી, મગનભાઈ માસ્તર, ચેતન પટેલ, પ્રકાશ પટેલ, નુરભાઇ કુરેશી, અતુલ પટેલ, મનુભાઇ સોલંકી, ઉત્તમ પરમાર, મનસુખ રાખસીયા વિગેરે ઉપસ્થિત રહી બંધને સફળ બનાવ્યો હતો.

જન શિક્ષણ સંસ્થાન ભરૂચ દ્વારા શિક્ષક દિન ઉજવણીનું સમાપન કરાયું

ભરૂચ,તા.૧૦

ભારત સરકારના કૌશલ્ય વિકાસ મંત્રાલય દ્વારા મળેલ સૂચના મુજબ ચાર દિવસના શિક્ષક દિન ઉજવણીનો કાર્યક્રમ જનશિક્ષણ સંસ્થાન ભરૂચના નિયામક ઝયનુલ આબેદીન સૈયદના માર્ગદર્શન હેઠળ આયોજીત કરાયા હતા. આ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓને એક દિવસના ટીચર્સ બનાવી પ્રોત્સાહિત કર્યા હતા. તો બીજા દિવસે વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા ટીચર મેરા હીરો વિષય ઉપર જૂથ ચર્ચાઓનું આયોજન કરાયું હતું. અને સેલ્ફી તેમજ રિલ્સ બનાવી હતી. જયારે ત્રીજા દિવસે તમામ તાલીમ વર્ગોમાં તેમના કૌશલ્ય અનુસાર હરિફાઈઓનું આયોજન કરાયું હતું. જેમાં વેસ્ટમાંથી બેસ્ટ આર્ટિકલ મેકિંગ સ્પર્ધામાં વિલાસબેન સોલંકી પ્રથમ વિજેતા બન્યા હતા અને પ્રવિણાબેન ખુમાન દ્વિતીય વિજેતા બન્યા હતા. કોંઢ તાલીમ કેન્દ્રમાં ચેતનાબેન વસાવા પ્રથમ વિજેતા બન્યા હતા અને સાહિસ્તાબેન મોલવી દ્વિતીય વિજેતા બન્યા હતા. તથા અન્ય હરિફાઈ મહેંદી સ્પર્ધામાં કોંઢ તાલીમ કેન્દ્રના સના આફરીન ભટ્ટી તાલીમાર્થી પ્રથમ વિજેતા બન્યા હતા. તેમજ રોજમીનબેન મન્સુરી દ્વિતીય વિજેતા બન્યા હતા. આ ઉપરાંત જેએસએસ ભરૂચ દ્વારા કોંઢ તાલુકો વાલિયા કેન્દ્ર ખાતે અંકલેશ્વરના બ્યુટી એકસપર્ટ શ્રીમતી રશ્મીબેન જોષીનો વાર્તાલાપ આયોજીત કર્યો

હતો. જયારે ભરૂચ શહેરમાં પાંચબત્તી કેન્દ્ર ખાતે ફેશન ડિઝાઈન એકસપર્ટ શ્રીમતી નેહલબેન શાહના વાર્તાલાપનું આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં બહેનોએ લાભ લીધો હતો. કાર્યક્રમના અંતભાગમાં જનશિક્ષણ સંસ્થાન ભરૂચના રિસોર્સ પર્સન/ટીચર્સ ઝેડ.એમ.શેખ, શ્રીમતી મીનાબેન પુરોહિત, શ્રીમતી અર્પિતાબેન રાણા, શ્રીમતી ઈલાબેન પટેલને બેસટ કામગીરી અંતર્ગત એવોર્ડ એનાયત કરાયા હતા અને તેમની સંતોષપૂર્વક કામગીરીની નોંધ લઈ ચેરમેન ફિરદોશબેન મન્સુરીએ અભિનંદન પાઠવ્યા હતા.

ભાવનગરમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ : અનેક વિસ્તારોમાં વીજળી ડૂલ

ભાવનગર, તા.૧૦

ગઈકાલે શુક્રવારે દિવસ ભર અસહ્ય ગરમી અને બફારા બાદ મોડી રાત્રીના ભાવનગર શહેરમાં ગાજ વીજ સાથે તોફાની વરસાદ ત્રાટક્યો હતો અને માત્ર અડધા કલાકના સમયમાં જ સવા ઈંચ જેટલો વરસાદ પડી જતા શહેરના રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. ભારે પવન અને તોફાની વરસાદના પગલે શહેરના મોટા ભાગના વિસ્તારોમાં વિજળી ગુલ થઈ જવા પામી હતી અને ગગનભેદી કડાકા-ભડાકાથી લોકો ભર નિદરમાથી જાગી ગયા હતા. રાત્રીના ૧૨-૩૦ વાગ્યા આસપાસ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને વિજળીના કડાકા અને વાદળોના બિહામણા અવાજો સાથે રૌદ્ર સ્વરૂપે મેઘરાજા ત્રાટકયા હતા અને તુરંત જ શહેરના મોટા ભાગના વિસ્તારમાં વિજ પુરવઠો ખોરવાઈ ગયો અને માત્ર વિસેક મિનિટના સમય ગાળામાં ધોધમાર સવા ઈંચ વરસાદ પડી ગયો હતો જેના કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યાં હતા. ભાવનગર ઉપરાંત ઘોઘા, પાલીતાણા અને વલભીપુરમા પણ વરસાદ પડ્યો હતો. મોડી રાત્રીના શહેરમાં પડેલા વરસાદના કારણે શહેરના મહીલા કોલેજ સહિત કેટલાક વિસ્તારમાં વૃક્ષો ધરાશાયી થયા હતા.

ભાવનગરમાં શિક્ષણમંત્રી વાઘાણીના ઘરે ૨૦૦થી વધુ ખેડૂતો પહોંચતા પોલીસની દોડધામ

ભારતીય કિસાન સંઘના નેજા તળે રાજ્ય સરકારના કેબિનેટ મંત્રીને ઘેરવાનો કાર્યક્રમ

ભાવનગર, તા.૧૦

ભાવનગરમાં શિક્ષણ કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીના ઈસ્કોન નિવાસસ્થાને આજે ૨૦૦થી વધુ ખેડૂતો દોડી ગયા હતાં. જો કે, પોલીસે તેઓને ગેટ પર જ રોકી લીધા હતાં. ભારતીય કિસાન સંઘ દ્વારા અપાયેલા કાર્યક્રમ અંતર્ગત કેબિનેટ મંત્રી વાઘાણીના ઘરે ખેડૂતો પહોંચ્યા હતાં. ભાવનગર ઉપરાંત અમરેલી અને બોટાદ જિલ્લામાંથી પણ ખેડૂતો મંત્રી વાઘાણીના ઘરે પહોંચી રહ્યા છે. આ બનાવના પગલે ભારે ગરમાવો આવી ગયો છે.

એક તરફ રાજ્ય સરકાર સામે જુદા જુદા સરકારી કર્મચારીઓ પોતાની માંગ અને પ્રશ્નો લઈને આંદોલન સહિતના કાર્યક્રમો આપી રહ્યા છે ત્યાં બીજી બાજુ આજે જગતના તાત એવા ખેડૂતો પોતાની વિવિધ માંગણીઓ અને પ્રશ્નો લઈને રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીના ઘરે દોડી ગયા છે. ભારતીય કિસાન સંઘ દ્વારા આ કાર્યક્રમ જાહેર કરાયો હોવાનું જાણવા મળ્યું છે જેમાં રાજ્ય સરકારના કેબિનેટ કક્ષાના મંત્રીઓના નિવાસે હલ્લાબોલ કરવાનું નક્કી કરાયું છે જે અંતર્ગત ભાવનગરમાં પણ આજે ૨૦૦થી વધુ ખેડૂતો મંત્રી જીતુ વાઘાણીના નિવાસ સ્થાને પહોંચ્યા છે. વિજળી, પશુપાલક, ખેતી, સિંચાઈ, મહેસુલ સહિતના વિવિધ પ્રશ્નોથી ત્રસ્ત ખેડૂતોએ શિક્ષણ કેબિનેટ મંત્રી વાઘાણીના ઘરે હલ્લાબોલ કરી ધરણા પર બેસવાનું નક્કી કર્યું છે. આ કાર્યક્રમના પગલે પોલીસનો કાફલો પણ ખડકાઈ ગયો છે અને મંત્રીના ઘર સુધી ખેડૂતોને અટકાવાયા હોવાની હાલ વિગતો મળી રહી છે. બીજી તરફ અન્ય જિલ્લામાંથી પણ ખેડૂતો ભાવનગર આવી રહ્યા હોવાના અહેવાલ મળી રહ્યા છે.

અમરેલીના ધારાસભ્ય ધાનાણી અને બાબરાના ધારાસભ્ય ઠુમરની અટકાયત

અમરેલી, તા.૧૦

અમરેલીમાં મોંઘવારી અને બેરોજગારી મામલે કોંગ્રેસ આક્રમક મૂડમાં જોવા મળી હતી. અમરેલી જિલ્લામાં અમરેલી શહેર બાબરા અને સાવરકુંડલામાં જ કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન જોવા મળ્યું હતું. જેમાં બંધ કરાવવા નીકળેલા લાઠી-બાબરાના ધારાસભ્ય વિરજી ઠુમરની પોલીસે ટીંગાટોળી કરીને અટકાયત કરી હતી. જયારે અમરેલી શહેરમાં કોંગ્રેસના ધારાસભ્ય પરેશ ધાનાણી સહિત જિલા કોંગ્રેસ પ્રમુખ સહિત કોંગી કાર્યકરો બંધની અપીલ કરવા નીકળ્યા હતા, ત્યારે પોલીસ સાથે માથાકૂટ થતાં પોલીસે અટકાયત કરી હતી. જયારે સાવરકુંડલાના ધારાસભ્ય પ્રતાપ દુધાતે રોડ વચ્ચે બેસી ચક્કાજામ કર્યો હતો.

ખંભાળિયાના ધારાસભ્ય વિક્રમ માડમ અને શહેર કોંગ્રેસ પ્રમુખ સહિતના કાર્યકરો દુકાનો બંધ કરાવવા જતા પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. જેને લઈને પોલીસ આક્રમક બની હતી અને તમામની અટકાયત કરી હતી.

અમરેલી જિલ્લામાં અમરેલી, લાઠી, સાવરકુંડલા ત્રણ વિધાનસભા સીટ ઉપર કોંગ્રેસના કાર્યકરો દ્વારા સૂત્રોચ્ચાર વિરોધ પ્રદર્શન કરાયું હતું, જેના કારણે પોલીસ દ્વારા અટકાયત કરાઈ હતી.

જૂનાગઢમાં વેપારીઓ અને આમ પ્રજાએ બંધના એલાનને ટેકો આપ્યો

જૂનાગઢ, તા.૧૦

ગુજરાત બંધનાં એલાનને લઇ જૂનાગઢ શહેર કોંગ્રેસ દ્વારા શહેર કોંગ્રેસ પ્રમુખ અમીત પટેલ ધારાસભ્ય ભીખાભાઈ જોશીએ જૂનાગઢ બંધના એલાનને લઇ તમામ વેપારી ઓને બંધમાં જોડાવા અપીલ કરાઇ હતી ત્યારે આજે જૂનાગઢના તમામ વેપારી ભાઈઓએ અને આમ જનતાએ બંધને સંપૂર્ણ ટેકો આપ્યો હતો અને જૂનાગઢ શહેર બંધ રાખી મોંઘવારી, રોડ રસ્તા ભ્રષ્ટાચારનાં વિરોધમાં બંધ પાળ્યો હતો. જૂનાગઢ શહેરમાં બસ સ્ટેન્ડ, કાઢવા ચોક મોતીબાગ ઝાંઝરડા રોડ ગીરીરાજ રોડ, ઢાલ રોડ, આઝાદ ચોક સહિતના મુખ્ય તમામ એરીયાઓમાં વેપારીઓએ બંધ પાળી સમર્થન આપ્યું હતું. ફક્ત ઈમરજન્સી હોસ્પિટલાઈઝેશન દવાની દુકાનો અને જીવન જરૂરી દૂધની ડેરીની દુકાનો, સ્કૂલો સિવાય તમામ લોકોએ વેપારીઓએ બંધમાં જોડાણા હતા.

નડિયાદમાં ઢળતી સાંજે વાવાઝોડા અને ગાજવીજ સાથે વરસાદ પડ્યો

નડિયાદ, તા.૧૦

નડિયાદ તેમજ તાલુકામાં આજે સમી સાંજે ભારે વાવાઝોડા સાથે એકાએક વરસાદ તૂટી પડ્યો હતો બાફ અને ઉકળાટથી ત્રાહિમામ પોકારી ઉઠેલા શહેરીજનોને વરસાદથી રાહત મળી છે. વરસાદની ધમાકેદાર એન્ટ્રીથી નડિયાદ તરબોળ બન્યું છે અને વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

શનિવારે ઢળતી સાંજે વાવાઝોડા અને ગાજવીજ સાથે વરસાદ વરસ્યો છે. લાંબા વિરામ બાદ વરસાદે જમાવટ કરતા ગરમીથી ત્રસ્ત લોકો વરસાદમાં નાહવા નીકળી પડ્યા હતા. નડિયાદ શહેર ઉપરાંત અન્ય તાલુકાઓમાં પણ સમી સાંજે વરસાદ વરસ્યો છે. માતર સહિતના ગામડાઓમાં ગાજવીજ સાથે વરસાદ ખાબક્યો છે. પવનના સૂસવાટા સાથે વરસાદી માહોલે જમાવટ કરી દીધી છે. આ ઉપરાંત વીજળીના કડાકા ભડાકા સાથે જિલ્લામાં મોટાભાગના તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે.

નડિયાદમાં ધોધમાર વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. ઉપરાંત ગરનાળાઓમાં પણ વરસાદી પાણીથી છલોછલ થઈ ગયા હતા. આ પાણી ભરાતાં ખાસ કરીને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. તો વળી કેટલાક વાહનો પાણીમાથી પસાર થતા તેઓના વાહનો બંધ થઈ ગયા હતા. આ વરસાદના ડાંગર સહિતનો પાકોને ફાયદો થવાનો હોય ધરતીપુત્રમાં આનંદ છવાઈ ગયો છે.

રાજસ્થાનમાં માર્ગ અકસ્માતમાં બનાસકાંઠા જિલ્લાના એક જ પરિવારના ૪નાં મોત

પૂરઝડપે આવતી ટ્રકે અડફેટે લેતા સર્જાયેલો ગોઝારો અકસ્માત, ૮ વર્ષના બાળકની ગંભીર હાલત

પાલનપુર, તા.૧૦

બનાસકાંઠાના પરિવારનો રાજસ્થાનના બાડમેર નજીક ગમખ્વાર અકસ્માત સર્જાતા ચારનાં મોત થયા છે. ૮ વર્ષના બાળકની હાલત ગંભીર છે. આ પરિવાર ગુજરાતથી જસોલ (બાડમેર) દર્શન કરવા ગયો હતો અને પરત ફરી રહ્યો હતો. ત્યારે સવારે આઠ વાગ્યાના અરસામાં પૂરઝડપે આવતી ટ્રકે હડફેટે લેતા કારનો કચ્ચરઘાણ થઈ ગયો હતો. આ અકસ્માત એટલો ખરાબ હતો કે મહિલાઓના મૃતદેહને બહાર કાઢવા માટે કટરનો ઉપયોગ કરવો પડ્યો હતો. ટ્રક ચાલક ટ્રક મૂકીને નાસી ગયો છે.

આ ઘટના સિણધરી ક્ષેત્રના હાઈવે પર ભાટલા ગામ નજીકની છે. પોલીસે ઘાયલોને ગુડામાલાની (બાડમેર) હોસ્પિટલમાં દાખલ કર્યા છે. બે મહિલા અને એક પુરૂષના સ્થળ પર જ મોત થયા હતા. જ્યારે એક મહિલા અને આઠ વર્ષના બાળકને પહેલાં સિણધરી ગામની હોસ્પિટલ અવને પછી ગુડામાલાની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં એક મહિલાનું મોત થયું હતું. બાળકની સારવાર ચાલી રહી છે પણ હાલત ગંભીર બતાવાઈ રહી છે.

ગુડામાલાણીના ડીએસપી શુભકરણ ખીંચીએ જણાવ્યું કે મૃતકોમાં બનાસકાંઠાના ભીલડીના વતની કમલાદેવી (૭૦), ધાનેરાના રાજેશ કૈલાશ માહેશ્વરી (૨૨), ધાનેરાના દ્રૌપદીબેન (૬૫) અને મનિષાબેન (૩૨)નો સમાવેશ થાય છે. આ મૃતકો એક જ પરિવારના છે.

મૃતક રાજેશ (રાજુભાઈ)ના ફઈ અને માસીના મૃત્યુ થયા છે. જ્યારે ૮ વર્ષીય મોન્ટૂની માતાનું પણ મોત થયું છે. રાજુને ચા સપ્લાય કરવાનો વેપાર હતો.

નડિયાદમાં બંધના એલાનના મુદ્દે ભાજપ-કોંગ્રેસ સામ-સામે

નડિયાદ, તા.૧૦

નડિયાદમાં શહેર કોંગ્રેસ દ્વારા અપાયેલા બંધના એલાન ના મુદ્દે ભાજપ કોંગ્રેસ આમ ને સામે આવી જઈ એકબીજા પર આક્ષેપોનો મારો ચલાવ્યો હતો. કોંગ્રેસ દ્વારા નગરજનોને સવારે ૪ કલાક વેપાર ધંધા બંધ રાખવા અપીલ કરાઈ હતી. જો કે શહેર કોંગ્રેસના લોકો આજે બંધ કરાવવા નીકળ્યા તો ટાઉન પોલીસે વેપારીઓને દુકાન ખોલાવી નાખી હતી અને બંધ કરવા નીકળેલા કોંગ્રેસી કાર્યકરોની ધરપકડ કરી હતી.

ખેડા જિલ્લામાં કોંગ્રેસ પક્ષ સતત છેલ્લા કેટલાય સમયથી અસહ્ય મોંઘવારી બેરોજગારી અને પ્રજા વિરોધી નીતિઓ સામે આંદોલન ચલાવી રહ્યો છે. મોંઘવારી સામેની આ લડાઈ આગળ વધારવા માટે કોંગ્રેસ પક્ષ

દ્વારા દેશભરમાં તમામ મુખ્ય બજારો તેમજ અન્ય જાહેર સ્થળોએ મોંઘવારી પર હલ્લાબોલ કાર્યક્રમનું આયોજન કરેલું છે. જેના અનુસંધાનમાં નડિયાદમાં પણ આજે સવારે ૮થી બપોરના ૧૨ કલાક સુધી એટલે કે ચાર કલાક બજાર બંધનું એલાન આપવામાં આવ્યું હતું.

શહેરના સંતરામ રોડ સહિતના વિસ્તારોના બજારો ખુલ્લા રહ્યા હતા. આથી સવારે શહેર કોંગ્રેસ પ્રમુખ સહિતના કોંગ્રેસી કાર્યકરો બે હાથ જોડી ગાંધીગીરી કરીને લોકોને વિનંતી કરી હતી. જો કે એટલામા પોલીસ આવી જતાં પોલીસે તમામ બંધ કરાવેલી દુકાનો ખુલ્લી કરવી દીધી હતી. જેથી શહેર કોંગ્રેસ પ્રમુખ સહિતના કોંગી કાર્યકરોએ 'ભાજપ હમસે ડરતી હૈ, પોલીસ કો આગે કરતી હૈ'ના સૂત્રોચ્ચાર કર્યા હતા અને બાદમા પોલીસે કોગ્રેસ પ્રમુખ સહિતના કાર્યકરોની અટકાયત કરી હતી.

દેવગઢબારિયામાં અન્ય યુવાન સાથે આડા સંબંધની શંકાએ

પ્રેમિકાનું કાસળ કાઢનાર કૌટુંબિક માસાએ પોલીસ કસ્ટડીમાં આપઘાત કરતા ચકચાર

દાહોદ, તા.૧૦

દાહોદ જિલ્લાના દે.બારિયામાં ચાર દિવસ અગાઉ યુવાન પ્રેમિકાનું અન્ય સાથે આડા સંબંધની શંકાએ કાસળ કાઢી નાખનાર માસાએ પણ પોલીસ કસ્ટડીમાં પોતાની જીવન લીલા સંકેલી લેતા ચકચાર મચી જવા પામી છે.

તાજેતરમાં બામરોલી ગામના જંગલ વિસ્તારમાંથી યુવતીની લાશ મળી આવી હતી જેમાં પોલીસે ગણતરીના કલાકોમાં સમગ્ર હત્યાકાંડનો ભેદ ઉકેલી દીધો હતો. જેમાં ચાર સંતાનોના પિતા તેમજ યુવતીના કુટુંબી માસા એ જ અન્ય યુવક જોડે યુવતિના પ્રેમ સંબંધને લઈને હત્યાં કરી હોવાનું ઘસ્ફોટક કર્યું હતું. ત્યારે પોલીસે વધુ પૂછપરછ મામલે આરોપી માસાને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે આરોપીના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કરતા આરોપી માસાને દેવગઢબારિયા પોલીસ મથક ખાતે મોકલી દેવામાં આવ્યો હતો. જ્યાં રાત્રીના સમયે આરોપીએ ઓઢવાની ચાદરની કિનારી વડે લોકઅપમાં આવેલા ખીલા જોડે લટકી આત્મહત્યા કરી જીવન લીલા સંકેલી લેતા પોલીસબેડા સહીત પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. ત્યારબાદ ફરજ પર હાજર પોલીસે હત્યારાની લાશ ઉતારી સરકારી દવાખાને લઈ જવાયો હતો. ત્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો હતો. હાલ પોલીસે ઘટના સંબંધી આરોપીની લાશનું પીએમ કરી અને પરિવારને સોંપી દેવામાં આવી છે. તેમજ ઘટના સંદર્ભે લીમખેડા ડિવિઝનના ડીવાયએસપીના માર્ગદર્શનમાં સીસીટીવી ફૂટેજોની તપાસવામાં આવી રહી છે. જેમાં ઘટના સમયે શું બન્યું હતું કે બહાર આવશે.

રાજ્યના યુવાનોને તક આપવા સરકાર પ્રયત્નશીલ : સીએમ

જ્ઞાન આધારિત સાયન્સ-ટેક્નોલોજી ઈકોસિસ્ટમનું નિર્માણ કરાઈ રહ્યું છે

વિશ્વની સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં ભારતનો સમાવેશ : કેન્દ્રીયમંત્રી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૦

કોન્કલેવમાં સંબોધન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દેશના અમૃતકાળમાં વડાપ્રધાને ભારતને વિકસીત રાષ્ટ્ર બનાવવા જે લક્ષ્ય આપ્યું છે તેમાં સાયન્સ ટેકનોલોજી આધારિત હોલિસ્ટીક એપ્રોચ મહત્વપૂર્ણ બનશે. તેમણે કહ્યું કે યુવા પેઢીને સાયન્સ ટેકનોલોજી તથા ઈનોવેશન અંગે નવિન તક આપવા જ્ઞાન આધારિત સાયન્સ ટેકનોલોજી ઈકોસિસ્ટમનું નિર્માણ સરકાર કરી રહી છે. આ પ્રસંગે કેન્દ્રીય સાયન્સ અને ટેકનોલોજી મંત્રી જીતેન્દ્રસિંહે વિશ્વની સૌથી મોટી ત્રણ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં ભારતનો દબદબાભેર સમાવેશ થયાનું કહ્યું હતું. સરકાર દ્વારા અંતરિક્ષ વિભાગને પબ્લિક પ્રાઈવેટ પાર્ટીસિપેશન માટે ખોલવામાં આવ્યો. જેના ભાગરૂપે આજે આ વિભાગ ગગનયાનની તૈયારી કરી રહ્યો છે. આજે પરમાણુ ઉર્જા વિભાગ જોઈન્ટ વેંચરના માધ્યમથી નવા સંસ્થાનો સ્થાપી રહ્યું છે. બાયોટેકનોલોજી વિભાગે દુનિયાની સૌથી પહેલી ડીએનએ વેકિસન શોધીને દુનિયાભરમાં ઉપલબ્ધ કરાવી. પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયે ડીપ ઓશન મિશન શરૂ કરીને ભારતના ૭૫૦૦ કિલોમીટર લાંબા સમુદ્ર તટની સાથે વસેલા સમુદ્રની અંદરની અપાર સંપદાઓને શોધવાનું કામ કરી રહ્યું છે. રાજયના મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, ગુજરાતે હંમેશા નવા ઈનીશિયેટીવ લીધા છે જેનું અન્ય રાજયો અને દેશોમાં અનુકરણ થતું હોય છે. સાયન્સ સિટી એ વિશ્વનું મોટું સાયન્સ સેન્ટર છે. દેશના રાજયોમાં એસટીઆઈ માટે ભાવિ સમૃદ્ધિના માર્ગો તથા વિઝન, ડિજિટલ હેલ્થ કેર ઈન્ફ્રાસ્ટ્રકચર, ખેડૂતોને આવકમાં વૃદ્ધિ માટે ટેકનોલોજી વિનિયોગ, પાણી, ઉર્જા, ડીપ ઓશન મિશન જેવા વિષયો પર આ કોન્કલેવમાં ચર્ચાઓ હાથ ધરાશે.

સુરેન્દ્રનગર જિલ્લામાં દુકાન બંધ કરાવવા નીકળેલ કોંગ્રેસ કાર્યકરોની અટકાયત

સુરેન્દ્રનગર, તા.૧૦। સમગ્ર ભારતમાં બેરોજગારી મોંઘવારી વધતી જઈ રહી છ. જે અંગે કોંગ્રેસ દ્વારા આજે ભારત બંધનું એલાન આપવામાં આવ્યું હતું. વહેલી સવારથી કોંગ્રેસના કાર્યકર્તાઓ બંધ કરાવવા નીકળ્યા હતા.

તે સમયે સુરેન્દ્રનગર સીટી પોલીસ બી ડિવિઝન પોલીસ તથા ગ્રામીણ વિસ્તારમાં આવેલા પોલીસ સ્ટેશનમાં કોંગ્રેસના કાર્યકરોને નજરકેદ કરી દેવામાં આવ્યા છે અટકાયત કરી અને બપોરે ૨:૦૦ વાગ્યે તેમને છોડવામાં આવ્યા છે. કોંગ્રેસ જિલ્લા પ્રમુખ રૈયા ભાઈ રાઠોડ સહિતના કાર્યકર્તાઓ અટકાયત કરવામાં આવી હતી. સુરેન્દ્રનગર જિલ્લામાં ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

હારિજ પાલિકાના ભાજપના કોર્પોરેટર વીજચોરી કરતા ઝડપાયા : ૬૫૯૧૧નો દંડ

પાટણ,તા.૧૦। હારિજની સિદ્ધેશ્વરી સોસાયટીમાં રહેતા પાલિકાના ભાજપના કોર્પોરેટરના ત્યાં યુજીવીસીએલની ટીમે ઓચિંતી રેડ કરતા પોતાના ઘર મીટરમાં આવતા સર્વિસ વાયરમાં ટેપિંગ કરી અલગથી સ્વીચ મુકી અને વીજ મીટરને ફરતું અટકાવી ગેરકાયદેસર રીતે ચોરી કરતા પકડાતા હારીજ યુજીવીસીએલની ટીમે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હારીજ યુજીસીવીએલના નાયબ ઈજનેર, એલએમ નિનામા અને સ્ટાફે ભાજપના કોર્પોરેટર અમરત ધર્માભાઈ પ્રજાપતિના સોમનાથ નગર ૨ નજીક આવેલ સિદ્ધેશ્વરી સોસાયટીમાં વીજ ચોરી થવાની બાતમી મળતા ઓચિંતી રેડ પાડી હતી. જેમાં ઘર મીટરમાં આવતા સર્વિસ વાયરમાં ટેપિંગ કરી અલગથી સ્વીચ મુકી મીટરને ફરતું અટકાવતો હતો. સ્વીચ દ્વારા મીટર ચાલુ બંધ થવાનો પેતરો રચ્યો હતો. પણ વીજ કંપનીની ટીમની મહેનતથી વીજ ચોરી કરતા પકડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી રૂા.૬૫૯૧૧/-નો દંડ ફટકાર્યો હતો.

જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર શોકતઅલી રીયાસત અલી અન્સારીનાઓ જાહેર જનતાને જણાવીએ છીએ કે, અમારો પુત્ર નામે **નશીમ એહમદ ઉર્ફે છોટુ શોકતઅલી અન્સારી** અમારા કહ્યામાં નથી. તથા મારો પુત્ર મારી કે તેની માતાની સાર-સંભાળ કે દેખરેખ રાખતો ન હોય કે અમારો ખોરાકી દવા વિગેરેની કાળજી લેતો ન હોય તે કારણે અમોએ અમારા સદર પુત્રની સાથે બધા જ સુખ દુખના સંબંધો કાપી નાંખેલ છે અને અમારી સ્થાવર અને જંગમ બધી જ મિલકતોમાંથી બેદખલ કરેલ છે. તથા અમારા સદર પુત્ર નશીમ એહમદ ઉર્ફે છોટુ સાથે અમારા નામે કે મારા પરિવાર અન્ય સભ્યના નામે કોઈ વ્યવહાર કરવા કે કરાવવા નહી અને કરશો તો તે અંગે મારી કે મારા અન્ય કુટુંબીજનોની જવાબદારી રહેશે નહી. તથા સદર પુત્ર સાથેના બધા જ સુખ દુખના સંબંધો કાપી નાખેલ છે જેની સર્વે નોંધ લેવી.

શોકતઅલી રીયાસતઅલી અન્સારી

રહે. : અમીર નુર નગર વિભાગ-૨, અમન રેસિડેન્સીની સામે, બીબી તળાવ, વટવા, અમદાવાદ

સહી/- શોકતઅલી

જાહીદકામરાન એમ.અન્સારી

બી.કોમ., એલ.એલ.બી., એડવોકેટ, મો.૮૮૬૬૧૧૭૭૨૪

ઓફિસ : એહબાબનગર, મિલ્લતનગર, ભૈરવનાથ રોડ, અમદાવાદ

મેઘાલય પોલીસે એક નિષ્ફળ અભિયાનમાં પૂર્વ વિદ્રોહી નેતાને મારી નાખ્યા : રિપોર્ટ

(એજન્સી) ગુવાહાટી,તા.૧૦

મેઘાલય પોલીસે વધારાના બળનો ઉપયોગ કરીને બેદરકારીથી કરવામાં આવેલા એક ઓપરેશનમાં પૂર્વ વિદ્રોહી નેતા ચેરિસ્ટરફીલ્ડ થાંગખ્યુંને મારી નાખ્યો. એક સભ્ય તપાસ પંચે પોતાના રિપોર્ટમાં જણાવ્યું કે મુખ્યમંત્રી કોનરાડના સંગમાએ શુક્રવારે વિધાનસભામાં રજૂ કર્યો. ન્યાયમૂર્તિ ટીની રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, ઓપરેશન એક સારી રીતે તૈયાર કરવામાં આવેલી યોજના હતી, પરંતુ ખરાબ બેદરકારી, ઉતાવળ અને મગજના યોગ્ય ઉપયોગ વિના નિષ્પાદિત કરવામાં આવી. આ એક નિષ્ફળ ઓપરેશન હતું. જે મૃતકને જીવિત પકડવાના પોતાના ઉદ્દેશમાં નિષ્ફળ રહ્યું. વેફેઈની અધ્યક્ષતા વાળા પંચે જણાવ્યું કે તેમણે આગળ જણાવ્યું કે થાંગખ્યુંના શિલાંગ સ્થિત ઘર પર લગભગ ત્રણ વાગે અભિયાનને અંજામ આપનારી પોલીસની ટેકનિકલ ટીમ વિચાર હેઠળ અને વધુ પડતા બળ પ્રયોગના દોષી હતા. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે જો પોલીસ કર્મચારીઓએ થાંગખ્યુ અને તેના પરિવારના સભ્યોના કબજાવાળા રૂમમાં ટીયર ગેસના ગોળા દાગ્યા અને દિવસના અજવાળાની રાહ જોઈ હોત તો તેમને બહાર આવવા માટે વિવશ કરી શકાતા હતા અને આ પ્રક્રિયામાં તેમને પકડી શકાતા હતા. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે જો ઓપરેશનને અંજામ આપવાનો પ્રાથમિક ઉદ્દેશ મૃતકને જીવતો પકડવાનો હતો, તો જે રીતે બીનજરૂરી રીતે દરોડા પાડયા તેનાથી આ ધારણા બંને છે કે એવું નહતું. પાછલા વર્ષે ૧૩ ઓગસ્ટે પૂર્વ હનીટ્રેપ નેશનલ લિબરેશન કાઉન્સિલના નેતાની હત્યા પછી શિલોગમાં હિંસાની નાની મોટી ઘટના થઈ હતી. પ્રદર્શનકારીઓએ વાહનોમાં આગ ચાંપી દીધી અને કેટલાક પોલીસ કર્મચારીઓની સર્વિસ રાઈફલો છીનવી લીધી. પછી તેમણે વિસ્તારોમાં એક વાહનમાં ફરીને હથિયારોને જાહેરમાં દર્શાવ્યા. હાલમાં જ મૃત્યુ પામેલા વિદ્રોહી નેતાના ભાઈ ગ્રેનરી સ્ટારફીલ્ડ થાંગખ્યુએ જણાવ્યું કે પરિવારને ન્યાય મળવાની આશા છે. તેમણે જણાવ્યું કે પરિવારના સભ્ય ખાસ કરીને થાંગખ્યુના બે પુત્ર જેમણે આ ઘટનાને જોઈ અત્યાર સુધી આઘાતથી બહાર આવી શકયા નથી.

''ભાજપ ભ્રામક પ્રચાર કરી રહ્યો છે'' : પાદરી સાથે રાહુલ ગાંધીની મુલાકાત અંગે કોંગ્રેસની સ્પષ્ટતા

રાહુલ ગાંધી ભારત જોડો નહીં પરંતુ ભારત તોડો યાત્રાએ નીકળ્યા છે : ભાજપ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

કોંગ્રેસે શનિવારે ભાજપ પર ભ્રામક પ્રચારનો આક્ષેપ કરતાં કહ્યું હતું કે જ્યારથી 'ભારત જોડો યાત્રા' સફળતાપૂર્વક શરૂ થઈ છે ત્યારથી ભાજપ ભયભીત બની ગયો છે. એક ખ્રિસ્તી પાદરી સાથે રાહુલ ગાંધીની વાતચીત સાથે ભાજપે ઉઠાવેલા વાંધા સાથે પ્રતિક્રિયા આપતા કોંગ્રેસે આ ટિપ્પણી કરી હતી. AICCના કોમ્યુનિકેશન વિભાગના મહાસચિવ જયરામ રમેશે કહ્યું હતું કે, ''ભાજપની હેટ ફેક્ટરી એક હલ્કી કક્ષાનું ટ્વિટ વાયરલ કરવાનો પ્રયાસ કરી રહી છે. ઓડિયોમાં જે કંઈ પણ રેકોર્ડ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેનાથી આનો કોઈ સંબંધ નથી આ ભાજપની અનોખી તુચ્છ પદ્ધતિ છે. ભારત જોડો યાત્રાની સફળ શરૂઆત અને લોકો દ્વારા મળી રહેલા સમર્થનને જોઈ તેઓ હતાશ થઈ ગયા છે.'' ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધીએ શુક્રવારે પોતાની યાત્રા દરમિયાન કેથોલિક ચર્ચના કેટલાક પાદરીઓ સાથે એક બેઠક યોજી હતી. જેમાં વિવાદિત પાદરી જ્યોર્જ પોન્નૈયા પણ હાજર હતા. આ બેઠકની એક વીડિયો ક્લિપ વાયરલ થઈ રહી છે. જેમાં રાહુલ ગાંધી પાદરીને સવાલ કરી રહ્યા છે કે શું જિસસ ક્રાઈસ્ટ ઈશ્વરનું જ એક સ્વરૂપ છે? શું આ વાત સાચી છે ? ત્યારે જવાબમાં પાદરી જ્યોર્જ પોન્નૈયા કહે છે કે, હા તે અસલી ઈશ્વર છે અને શક્તિઓ(હિન્દુ દેવી) જેવા નથી. રાહુલના સવાલ અને મળેલા જવાબ બાદ હવે ભાજપે આ મુદ્દે પણ કોંગ્રેસ પ્રહારો શરૂ કર્યા છે. ભાજપે કહ્યું છે કે, રાહુલ ગાંધી ભારત જોડો નહીં પણ ભારત તોડો યાત્રાએ નીકળ્યા છે. ત્યારે ઉલ્લેખનીય છે કે, જયોર્જ પોન્નૈયાનો વિવાદિત નિવેદન આપવાનો ઈતિહાસ રહ્યો છે. ગયા વર્ષે જુલાઈ મહિનામાં તેમણે પીએમ મોદી તેમજ ગૃહ મંત્રી અમિત શાહ તથા ડીએમકે સરકારના મંત્રીઓ સામે અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હતો અને તેમની ધરપકડ પણ કરવામાં આવી હતી.

કોલકાતામાં ઈડીને ટ્રાન્સપોર્ટરના ઘરમાંથી રૂા.૧૭.૫ કરોડની ચલણી નોટો મળી આવી

(એજન્સી) કોલકાતા, તા.૧૦

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં ફરી મોટી માત્રામાં રોકડ મળી આવ્યા છે. ઘરમાંથી ૧૭.૫ કરોડ રૂપિયાની નોટોની થેલીઓ મળી આવી છે. સવારે ઈડીની ટીમે ગાર્ડનરિચમાં ટ્રાન્સપોર્ટેશનનો વ્યવસાય ધરાવતા નિસાર ખાનના ઘરે દરોડા પાડ્યા હતા. પ્રાપ્ત માહિતી પ્રમાણે ત્યાંથી મોટા પ્રમાણમાં રોકડ મળી આવ્યા છે. તેના ઘરમાંથી મળી આવેલી નોટોને ગણવા કાઉન્ટીંગ મશીનો મંગાવવા પડ્યા હતા. નોંધનીય વાત એ છે કે, ટ્રાન્સપોર્ટરના ઘરમાંથી મળેલા પૈસા કોઈ રીતે કોલસો કે ગાયની તસ્કરી સાથે સબંધિત છે કે, નહીં તેના પર ઈડીના અધિકારીઓએ મોં નથી ખુલ્યું. કોલકાતાના ગાર્ડનરિચના શાહી સ્ટેબલ લેનમાં નિસાર ખાનનું ઘર કેન્દ્રીય દળોએ ઘેરી રાખ્યું છે. સાલ્ટલેક સ્થિત સીજીઓ કોમ્પલેક્સમાંથી ઈડીના વધુ અધિકારીઓ વેપારીના ઘરે જવા માટે રવાના થઈ ગયા છે. ઈડીના અધિકારીઓએ ગાર્ડનરિચમાં એક ટ્રાન્સપોર્ટનો વ્યવસાય ધરાવતા નિસાર ખાનના ઘરેથી મોટા પ્રમાણમાં પૈસા મળી આવ્યા છે. સૂત્રોના જણાવ્યા પ્રમામે નિસારના બે માળના મકાનમાં પલંગની નીચેથી પ્લાસ્ટિકની થોકડીમાં લપેટેલા ૫૦૦ની નોટોના ઘણા બંડલ મળી આવ્યા હતા. ૨૦૦૦ રૂપિયાની નોટોનું એક બંડલ મળ્યું હતું. શનિવારે સવારે ઈડીના અધિકારીઓએ કોલકાતામાં ૩ સ્થળો પર સંયુક્ત અભિયાન શરૂ કર્યું હતું. પ્રાપ્ત માહિતી પ્રમાણે પાર્ક સ્ટ્રીટ નજીક મૈકલિયોડ સ્ટ્રીટ પર ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. બાકી બે દરોડા બંદરગાહથી અડેલા વિસ્તાર અને ગાર્ડનરિચના શાહી સ્થિર વિસ્તારમાં પાડવમાં આવ્યા છે.

PM મોદી દ્વારા ઉદ્ઘાટન કરાયેલા પ્રથમ વિજ્ઞાન સંમેલનમાં બિહાર-ઝારખંડ સરકારોની ગેરહાજરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

પોતાની રીતે પ્રથમ કેન્દ્ર-રાજ્ય વિજ્ઞાન સંમેલનમાં બિહાર અને ઝારખંડ સરકારોની ગેરહારી સામે પ્રશ્નો થયા છે. સરકારી સૂત્રો અનુસાર આ સંમેલનમાં આ બે રાજ્યોને બાદ કરતાં બાકીની તમામ રાજ્ય સરકારો ભાગ લઈ રહી છે. આ સંમેલનમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો, ટોચના ઉદ્યોગપતિઓ, યુવા વૈજ્ઞાનિકો અને નવાચારી ભાગ લઈ રહ્યા છે. આવા સમયે પ્રશ્નો ઊઠ્યા છે કે, શું વિજ્ઞાન અને નવાચાર બિહાર અને ઝારખંડ સરકારોની પ્રથમ પ્રાથમિકતામાં નથી? વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કેન્દ્ર-રાજ્ય વિજ્ઞાન સંમેલનનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમના કાર્યલયે જણાવ્યું કે, દેશમાં નવાચાર અને ઉદ્યમિતાને સુગમ બનાવવા માટે વડાપ્રધાનના પ્રયાસોને અનુરૂપ આ સંમેલનનું આયોજન અમદાવાદમાં કરાયું છે. આ પોતાની રીતે પ્રથમ સંમેલન છે. વડાપ્રધાનના કાર્યલયે જણાવ્યું હતું કે, સંમેલનનો ઉદ્દેશ્ય સહકારી સઘવાદ દ્વારા કેન્દ્ર અને રાજ્યની વચ્ચે સમન્વય તથા સહયોગને મજબૂત કરવા તથા સમગ્ર દેશમાં વિજ્ઞાન, ટેક્નોલોજી અને નવાચાર (એસઆઈટી) દ્વારા એક સશક્ત તંત્રનું નિર્માણ કરવાનું છે. આ બે દિવસીય સંમેલનનું આયોજન ૧૦-૧૧ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ સાયન્સ સિટી અમદાવાદમાં કરાયું હતું. આમાં એસઆઈટી દૃષ્ટિકોણ ૨૦૪૭; રાજ્યોમાં એસઆઈટી માટે ભવિષ્યના વિકાસના માર્ગો તથા વિચારો; સ્વાસ્થ્ય-તમામ માટે ડિજિટલ સ્વાસ્થ્ય દેખરેખ; ૨૦૩૦ સુધી અનુસંધાન તથા વિકાસમાં ખાનગી ક્ષેત્રના રોકાણને બમણું કરવું; કૃષિ-કિસાનોની આવકમાં સુધારા માટે ટેકનિકલ હસ્તક્ષેપ જેવા વિવિધ વિષયો પર સત્રો સામેલ હશે. વડાપ્રધાન કાર્યલયે જણાવ્યું કે, આ ઉપરાંત જળ-પીવા યોગ્ય પાણી માટે નવાચાર; ઊર્જા-હાઇડ્રોજન મિશનમાં વિજ્ઞાન તથા ટેક્નોલોજીની ભૂમિકા વગેરેની સાથે-સાથે તમામ માટે સ્વચ્છ ઊર્જા અને કિનારાના રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો તથા દેશની ભવિષ્યની અર્થવ્યવસ્થા માટે તેની પ્રાસંગિકતા જેવા વિવિધ વિષયો પર પણ સત્ર આયોજિત થશે.

રાહુલ ગાંધી પર ગૃહમંત્રી અમિત શાહ વરસ્યા

રાહુલ બાબા વિદેશી ટી-શર્ટ પહેરીને ભારત જોડવા નીકળ્યા છે : ગૃહમંત્રી

રાજસ્થાન સરકાર પર હુમલો કરતા ગૃહમંત્રીએ જણાવ્યું કે, ૧૦ દિવસમાં ખેડૂતોનું દેવું માફ કરવાનું શું થયું ? બેરોજગારી ભથ્થું આપવાનું શું થયું ?

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

ભારત જોડો યાત્રા પર નિકળેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર ભારતીય જનતા પાર્ટીએ જોરદાર હુમલો કર્યો છે. પાર્ટી એક બાજુ જ્યાં કોંગ્રેસની વિચારધારાને લઈને હુમલાવર બની છે, તો શુક્રવારે બીજેપીએ ટીશર્ટના ભાવને લઈને ફેસબુક પોસ્ટ કરી હતી. હવે રાહુલ ગાંધીના ટીશર્ટના મુદ્દા પર હવે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે પણ ટિપ્પણી કરી છે. રાજસ્થાનમાં એક કાર્યક્રમ દરમિયાન ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, હાલમાં રાહુલ બાબા, ભારત જોડો યાત્રા લઈને નિકળેલા છે. રાહુલ બાબા વિદેશી ટીશર્ટ પહેરીને ભારત જોડવા નીકળ્યા છે. અમિત શાહે જણાવ્યું હતું કે, હું રાહુલ બાબા અને કોંગ્રેસીઓને સંસદનું એક ભાષણ યાદ અપાવું છું. રાહુલ બાબાએ જણાવ્યું હતું કે ભારત રાષ્ટ્ર છે જ નહીં. અરે રાહુલ બાબા, કયા પુસ્તકમાં ભણેલો છો તમે ? આ તો એ રાષ્ટ્ર છે જેના માટે લાખો લાખ લોકોએ પ્રાણોની આહુતિ આપી છે. તેના સિવાય રાજસ્થાન સરકાર પર હુમલો કરતા ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, ૧૦ દિવસની અંદર ખેડૂતોનું દેવું માફ કરવાનું શું થયું? યુવાઓને ૩૫૦૦ રૂપિયા બેરોજગારી ભથ્થું આપવાનું શું થયું? ૨૦ લાખ યુવાઓને રોજગાર આપવાનું શું થયું? કોંગ્રેસ માત્ર ખોખલા વાયદા કરી શકે છે, વાયદાઓને પુરા કરવાની ક્ષમતા નથી.

મૂસેવાલા હત્યાકાંડમાં પોલીસને સૌથી મોટી સફળતા

મૂસેવાલા હત્યાકાંડમાં વધુ ત્રણ આરોપીઓની ધરપકડ

કેન્દ્રિય એજન્સીઓની મદદથી પંજાબ-દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલની વચ્ચે સંયુક્ત ઓપરેશન હાથ ધરાયું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

પંજાબ પોલીસ અને દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલને એક મોટી સફળતાના રૂપમાં પશ્ચિમ બંગાળથી સિદ્ધૂ મૂસેવાલા હત્યાકાંડમાં સામેલ ત્રણ ફરાર શાર્પ શૂટરોની ધરપકડ કરી છે. ડીજીપી પંજાબે જણાવ્યું છે કે આ કેન્દ્રિય એન્જસીઓની મદદથી પંજાબ અને દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલની વચ્ચે એક સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં દીપક ઉર્ફે મુંડી અને તેના સાથીદાર કપિલ પંડિત અને રાજેન્દ્ર ઉર્ફે જોકરની ધરપકડ કરવામાં આવી છે. ડીજીપીએ આગળ જાણકારી આપતા જણાવ્યું હતું કે, દીપક, પંડિત અને રાજિંદરને આજે એજીટીએફ (એન્ટી ગેંગસ્ટર ટાસ્ક ફોર્સ) ટીમ દ્વારા પશ્ચિમ બંગાળ- નેપાળ સરહદ પર એક ખાનગી ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં તેમની ધરપકડ કરવામાં આવી છે. દીપક બોલેરો મોડ્યૂમમાં શૂટર હતો. પંડિત અને રાજિંદરે તેને હથિયારો અને ઠેકાણામાં છુપાવા સહિતની લોજિસ્ટિકલ સપોર્ટ આપવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે સિદ્ધૂ મૂસેવાલા નામથી જાણીતા ગાયક શુભદીપ સિંહ સિદ્ધૂની ૨૯ મેના રોજ પંજાબના માનસા જિલ્લામાં ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી.

'કાશ્મીર મુદ્દાના ઉકેલ' માટેની અરજી બદલ IIT ગ્રેજ્યુએટને રૂા.૫૦,૦૦૦નો દંડ

(એજન્સી) તા.૧૦

શુક્રવારે સુપ્રીમ કોર્ટે કાશ્મીર મુદ્દાના ઉકેલ માટે મનમોહન-મુશર્રફની ૪ મુદ્દાની ફોર્મ્યૂલા લાગુ કરવાની માગણી કરનાર અરજદારને રૂા.૫૦,૦૦૦નો દંડ ફટકાર્યો હતો. જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ અને જસ્ટિસ હિમા કોહલીની બેંચે કહ્યું હતું કે, આઈઆઈટી-બોમ્બેના ગ્રેજ્યુએટ પ્રભાકર વેંકટેશ દેશપાંડે દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરવામાં નહીં આવે. બેંચે કહ્યું હતું કે, કોર્ટ નીતિગત બાબતોમાં હસ્તક્ષેપ કરવા માંગતી નથી અને એવું લાગે છે કે, આ અરજી પબ્લિસીટી મેળવવા માટે કરવામાં આવી છે.

વિશાખાપટ્ટનમમાં અધિકારી સામે લાંચના આક્ષેપ

અધિકારીની સંપત્તિ ૨૩ લાખથી વધીને બે કરોડ થતાં FIR

સીબીઆઈએ વિશાખાપટ્ટનમમાં તૈનાત વૃક્ષ સંરક્ષણ અધિકારી પદ્મસિંહની સંપત્તિઓની તપાસ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

ભ્રષ્ટાચારના કેસમાં સીબીઆઈ તપાસનો સામનો કરી રહેલા વૃક્ષ સંરક્ષણ અધિકારીની સંપત્તિ માત્ર ૧૮ મહિનામાં ૨૩ લાખ રૂપિયાથી વધીને બે કરોડ રૂપિયા થઈ ગઈ છે. જેના પગલે આવકથી વધુ સંપત્તિનું સર્જન કરવા બદલ તેમની વિરુદ્ધ નવી એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે સીબીઆઈએ વિશાખાપટ્ટનમમાં તૈનાત વૃક્ષ સંરક્ષણ અધિકારી પદ્મ સિંહની સંપત્તિઓની તપાસ કરી હતી અને આ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે તેમની સંપત્તિ માત્ર ૧૮ મહિનામાં ૨૩ લાખ રૂપિયાથી વધીને બે કરોડ રૂપિયા થઈ ગઈ છે. તેમની વિરુદ્ધ ૬૦૦૦ રૂપિયાની લાંચ લેવાનો પણ આરોપ મૂકવામાં આવ્યો છે. અધિકારીએ જણાવ્યું હતું કે, ડિસેમ્બર, ૨૦૨૦થી જુલાઇ, ૨૦૨૨ દરમિયાન વિશાખાપટ્ટનમમાં તેમની નિમણૂક દરમિયાન તેમણે સર્જન કરેલી સંપત્તિની તપાસમાં જાણવા મળ્યું હતું કે આ સમયગાળામાં તેમની સંપત્તિ ૨૩.૧૨ લાખ રૂપિયાથી વધીને ૨.૧૨ કરોડ રૂપિયા થઈ ગઈ છે. અધિકારીએ જણાવ્યું હતું કે આ સંપત્તિમાં ૧.૮૬ કરોડ રૂપિયાની રોકડ પણ સામેલ છે જે દરોડા દરમિયાન જપ્ત કરવામાં આવી હતી. તેમની અન્ય સંપત્તિમાં રૂરકીમાં પ્લોટ, ૩૨ લાખ રૂપિયાથી વધુના ઘરેણા, બેંકમાં જમા ૧૦ લાખ રૂપિયાનો સમાવેશ થાય છે.

હૈદરાબાદ : મક્કા મસ્જિદ નજીકથી ગણપતિ વિસર્જન માટેનું સરઘસ પસાર થતાં ''ભર દો ઝોલી..'' કવ્વાલી વગાડાઈ

(એજન્સી) તા.૧૦

ધ સિટી ઓફ ચાર મિનારે કોમી ભાઈચારાનું એક સરસ ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું. અહીં જ્યારે ઓલ્ડ સિટીમાંથી શુક્રવારે રાતે ગણપતિ વિસર્જન માટેનું સરઘસ મક્કા મસ્જિદની નજીકથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે અદનાન સામીની કવ્વાલી ભર દો ઝોલી મેરી.... વગાડાઈ હતી.

મક્કા મસ્જિદની નજીકથી જ્યારે આ સરઘસ પસાર થઈ રહ્યું હતું, તે સમયે જ શ્રદ્ધાળુઓ પણ આ કવ્વાલી પર ઝૂમી ઊઠ્યા હતા. તેઓ લાલ કૂર્તામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૫માં રિલીઝ સલમાન ખાનના અભિનય હેઠળની ફિલ્મ બજરંગી ભાઈજાનમાં આ કવ્વાલી હતી.

ઉલ્લેખનીય છે કે, ગણેશ ચતુર્થી હિન્દુઓનો તહેવાર છે અને તે ૧૦ દિવસ સુધી હિન્દુ સમુદાયના લોકો દ્વારા ઉજવાય છે. જો કે, શુક્રવારે ચુસ્ત બંદોબસ્ત વચ્ચે વિસર્જન માટેનું સરઘસ કાઢવામાં આવ્યું હતું.

આ મામલે એક ટ્વિટર યૂઝરે કહ્યું કે, આ કોમી એકતા અને ભાઈચારાનું સરસ ઉદાહરણ હતું. મક્કા મસ્જિદ નજીકથી જ્યારે સરઘસ પસાર થઈ રહ્યું હતું ત્યારે સરઘસના આયોજકો દ્વારા ભર દો ઝોલી કવ્વાલી વગાડવામાં આવી હતી. તેના પર શ્રદ્ધાળુઓ પણ ઝૂમી ઊઠ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ભાજપે તાજેતરમાં ધારાસભ્ય રાજા સિંહને બરતરફ કરી દીધા બાદથી શહેરમાં તંગદિલીનો માહોલ છે અને એવામાં આવી આ રીતે ભાઈચારાનો સંદેશ આપવો પણ સારી બાબત છે. જો કે, તેમ છતાં પોલીસે ચાંપતો બંદોબસ્ત કરીને સ્થિતિને સારી રીતે હેન્ડલ કરી હતી.

યુક્રેનની સેનાએ ઉત્તર-પૂર્વ ક્ષેત્ર ખારકીવમાં ૩૦ વસાહતો પાછી મેળવી : ઝેલેન્સ્કી

(એજન્સી) તા.૧૦



યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ શુક્રવારે દાવો કર્યો હતો કે, તેમના સૈન્યદળોએ યુક્રેનના ઉત્તર-પૂર્વ ક્ષેત્રમાં આવેલા ખારકીવમાં ૩૦ વસાહતો પર ફરી કબ્જો કરી લીધો છે. નોંધનીય છે કે, છેલ્લા કેટલાક અઠવાડિયાથી યુક્રેનની સેના રશિયા દ્વારા કબજે કરાયેલા વિસ્તારોને પરત મેળવવા આક્રમક બની છે. ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે, 'આજ સુધીમાં યુક્રેનની સેનાએ ખારકીવમાં ૩૦થી વધુ વસાહતોને સ્વતંત્ર કરી છે. ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે, યુક્રેનની સેનાએ આ મહિનાની શરૂઆતથી અત્યાર સુધી ૧૦૦૦ ચો.કિ.મી. જેટલા વિસ્તારને રશિયાના કબજામાંથી મુક્ત કરાવ્યું છે. બીજી તરફ રશિયાએ કહ્યું હતું કે, યુક્રેનના આક્રમણને રોકવા માટે તે ખારકીવમાં કુમક મોકલી રહ્યું છે.

મહારાષ્ટ્રના નાગપુરમાં ખૂબ જ દર્દનાક અકસ્માત

નાગપુરના બ્રિજ પર કારે અનેક બાઈકને ટક્કર મારતાં ચારનાં મોત

અલગ-અલગ બાઈક પર સવાર ચાર લોકો બ્રિજની નીચે પડ્યા હતા અને તેઓના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા

(એજન્સી) નાગપુર, તા.૧૦

મહારાષ્ટ્રના નાગપુરમાં આજે સવારે એક ખૂબ જ દર્દનાક અકસ્માત થયો છે. નાગપુરના સખદરા બ્રિજ પર કાર અને બાઈક એકબીજા સાથે અથડાયા હતા, જેમાં ચાર લોકોના મોત થયા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે, કારે એક સાથે અનેક બાઈકને ટક્કર મારી હતી જેમાં અલગ-અલગ બાઈક પર સવાર આ ચાર લોકો ઉછળીને બ્રિજની નીચે પડ્યા હતા અને તેઓનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. હાલ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને મૃતદેહને પોતાના કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. હજુ સુધી મૃતકોની ઓળખ જાહેર કરવામાં નથી આવી. પ્રાપ્ત માહિતી પ્રમાણે એક બેકાબૂ કારે ત્રણ બાઈકોને ટક્કર મારી હતી જેના કારણે બ્રિજ પરથી નીચે પડી જતાં ચાર બાઈક સવારોના મોત થઈ ગયા હતા. નાગપુરમાં આ અકસ્માત એવા સમયે થયો જ્યારે થોડા દિવસો અગાઉ જ સાયરસ મિસ્ત્રીનું મુંબઈ નજીક પાલઘરમાં એક માર્ગ અકસ્માતમાં નિધન થઈ ગયું હતું. સાયરસ મિસ્ત્રીની કાર તેજ રફતારમાં હતી અને અચાનક એક ડિવાઈડર સાથે અથડાઈ હતી. જ્યારે આ અકસ્માત થયો ત્યારે મિસ્ત્રી મર્સિડિઝ કારમાં અમદાવાદથી મુંબઈ પરત ફરી રહ્યા હતા. આ અગાઉ ૧૪ ઓગષ્ટના રોજ મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં એક કાર અને મિની ટ્રક વચ્ચે અકસ્માત થયો હતો જેમાં ૬ લોકોના મોત થઈ ગયા હતા. આ ઘટના માંજરસુંભા-પાટોડા હાઈવે પર સવારે ૫:૩૦ કલાકે બની હતી. પોલીસે આ ઘટના વિશે જણાવ્યું હતું કે, કે તહસીલના જીવાચીવાડી ગામમાં રહેતો એક પરિવાર લગ્ન સમારોહમાં હાજરી આપવા માટે કાર દ્વારા પૂણે જઈ રહ્યો હતો તે દરમિયાન તેમની કાર અને એક મિની ટ્રક વચ્ચે અકસ્માત થયો હતો.

પરીક્ષામાં ચોરી અટકાવવા ઈન્ટરનેટ બંધ કરી દેવાય છે

પરીક્ષામાં ઈન્ટરનેટ બંધ કરવાને પડકારતી અરજી પર સુનાવણી

સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમ્યાન આઈટી મંત્રાલયને નોટિસ પાઠવી છે અને ૩ સપ્તાહની અંદર જવાબ આપવા જણાવ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

દેશમાં અનેક સ્થળોએ વિવિધ પરીક્ષા દરમિયાન ચોરી અટકાવવાના ઉદ્દેશ્યથી ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવતી હોય છે. સુપ્રીમ કોર્ટમાં આ પ્રકારે ઈન્ટરનેટ સેવા બંધ કરવાના નિયમને પડકારતી અરજી મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. રાજસ્થાન અને અરૂણાચલ પ્રદેશ સહિત અનેક રાજ્યોમાં નકલ રોકવા માટે ઈન્ટરનેટ સેવા પર પ્રતિબંધ મુકવાના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે સોફ્ટવેર ફ્રીડમ લો સેન્ટરની જનહિતની અરજી મામલે સુનાવણી દરમિયાન આઈટી મંત્રાલયને નોટિસ પાઠવી છે અને ૩ સપ્તાહની અંદર જવાબ આપવા જણાવ્યું છે. સુપ્રીમ કોર્ટે અરજીકર્તાને કેન્દ્ર સરકારના આઈટી મંત્રાલયને અરજીમાં પક્ષકાર તરીકે સામેલ કરવા નિર્દેશ આપ્યો છે. કોર્ટે મંત્રાલયને ઈન્ટરનેટ બંધ કરવાના સ્ટાન્ડર્ડ પ્રોટોકોલ અંગેનું સોગંદનામુ દાખલ કરવા માટે પણ નિર્દેશ આપ્યો છે. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે, રાજ્ય સરકાર ઈન્ટરનેટ બંધ કરીને લોકોના મૌલિક અધિકારોનું હનન કરી રહી છે.

વડાપ્રધાન મોદીએ લિઝ ટ્રસને પીએમ બનવા બદલ કોલ કરી શુભેચ્છા પાઠવી

(એજન્સી) તા.૧૦

વડાપ્રધાન મોદીએ બ્રિટનના નવા વડાપ્રધાન લિઝ ટ્રસ ટેલિફોનિક વાતચીત કરી હતી. પીએમ મોદીએ ટ્રસને યુકેના વડાપ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ દરમિયાન તેમણે ભારત-યુકે દ્વિપક્ષીય સંબંધોમાં તેમના યોગદાનની પ્રશંસા કરી હતી. તે જ સમયે, લિઝ ટ્રસે ૧૩૦ કરોડ ભારતીયો વતી બ્રિટનની રાણી એલિઝાબેથ દ્વિતીયના નિધન પર શોક વ્યક્ત કરવા બદલ પીએમ મોદીનો આભાર માન્યો. વાતચીત દરમિયાન બંને નેતાઓએ બ્રિટન અને ભારત વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો વિશે પણ વાત કરી હતી.

બંને નેતાઓએ ભારત અને યુકે વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવા પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ ઉપરાંત રોડમેપ ૨૦૩૦ના અમલીકરણમાં પ્રગતિ, એફટીએ વાટાઘાટો, સંરક્ષણ અને સુરક્ષા સહયોગ અને લોકો-જનતા સંબંધો સહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે ટ્રસ જોન્સનની સરકારમાં વિદેશ મંત્રી હતા. વડાપ્રધાનની ચૂંટણીમાં તેમણે ભારતીય મૂળના ઋષિ સુનકને ૨૦ હજારથી વધુ મતોથી હરાવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે પીએમ મોદીએ મહારાણીના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાન મોદીએ ટ્વીટ કરીને કહ્યું કે રાણી એલિઝાબેથ દ્વિતીયને આપણા સમયની દિગ્ગજ તરીકે યાદ કરવામાં આવશે. તેમણે તેમના દેશને પ્રેરણાદાયી નેતૃત્વ પૂરું પાડ્યું. તેમણે જાહેર જીવનમાં ગૌરવ અને શાલીનતા દર્શાવી. તેમના મૃત્યુથી હું દુઃખી છું. દુઃખની આ ઘડીમાં મારી સંવેદના તેમના પરિવાર અને બ્રિટનના લોકો સાથે છે. આ દરમિયાન પીએમ મોદીએ ૨૦૧૫ અને ૨૦૧૮માં મહારાણી સાથેની મુલાકાતને પણ યાદ કરી.

વડાપ્રધાને કહ્યું કે હું તેમની હૂંફ અને દયાને ક્યારેય ભૂલીશ નહીં. એક સભા દરમિયાન તેમણે મને મહાત્મા ગાંધીએ તેમના લગ્નમાં ભેટમાં આપેલો રૂમાલ બતાવ્યો. હું હંમેશા એ ભાવનાને વળગી રહીશ. તમને જણાવી દઈએ કે મહારાણી એલિઝાબેથ દ્વિતીયનું ૮ સપ્ટેમ્બર ગુરૂવારે ૯૬ વર્ષની વયે અવસાન થયું હતું. તેમના મૃત્યુ પછી, તેમના પુત્રને બ્રિટનના નવા રાજા બનાવવામાં આવ્યા છે.

કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણીમાં પારદર્શિતાની માગણી કરાઈ

મતદાનમાં ભાગ લેનારાઓ અને સંભવિત ઉમેદવારોને મતદાર મંડળની યાદી પ્રદાન કરવામાં આવે : મધુસૂદન મિસ્ત્રી સમક્ષ સાંસદોની માંગ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

પાર્ટી અધ્યક્ષની ચૂંટણીની પ્રક્રિયાની નિષ્પક્ષતા અને પારદર્શિતા અંગે ચિંતા વ્યક્ત કરતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શશિ થરૂર સહિત પાંચ લોકસભા સાંસદોએ પાર્ટીના સેન્ટ્રલ ઈલેક્શન ઓથોરિટી (સીઈએ)ના પ્રમુખ મધુસૂદન મિસ્ત્રીને આગ્રહ કર્યો છે કે, પ્રદેશ કોંગ્રેસ કમિટી (પીસીસી)ના મતદાનમાં ભાગ લેનારાઓ અને સંભવિત ઉમેદવારોને મતદાર મંડળની યાદી પ્રદાન કરવામાં આવે. પાર્ટી સાંસદ શશિ થરૂર, મનિષ તિવારી, કાર્તિ ચિદમ્બરમ, પ્રદ્યુત બારડોલોઈ અને અબ્દુલ ખાલીકે મિસ્ત્રીને પત્ર લખીને આ આગ્રહ કર્યો હતો. આ પત્ર કોંગ્રેસની ભારત જોડો યાત્રાના એક દિવસ અગાઉ ૬ સપ્ટેમ્બરના રોજ લખવામાં આવ્યો હતો. આ સાંસદોએ પહેલા આ યાદીને સાર્વજનિક કરવાનો આગ્રહ કર્યો હતો જેનો મિસ્ત્રીએ સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. હવે આ સાંસદોએ પોતાના પત્રમાં કહ્યું છે કે, તેમના કહેવાનો એવો અર્થ ક્યારેય નહોતો કે, પાર્ટીના કોઈ આંતરિક દસ્તાવેજને એવી રીતે જાહેર કરવામાં આવે કે, તેનો કોઈ પણ રીતે દુરૂપયોગ થાય. તેમણે પત્રમાં લખ્યું કે, અમારી રાય છે કે, અધ્યક્ષની ચૂંટણીની નામાંકન પ્રક્રિયા શરૂ થવા પહેલા પ્રદેશ કોંગ્રેસ કમિટીના મતદાર મંડળની યાદી મતદાનમાં ભાગ લેનારા મતદારો અને સંભાવિત ઉમેદવારોને પ્રદાન કરવામાં આવે.

કર્ણાટક હિજાબ પ્રતિબંધ કેસ : અરજદારોએ કહ્યું કે, કુર્આનના આદેશ મુજબ હિજાબ પહેરવું ફરજિયાત છે; સુપ્રીમ કોર્ટે શીખની પાઘડી સાથે હિજાબની તુલના ન કરવા કહ્યું

(એજન્સી) તા.૧૦

કર્ણાટક હિજાબ પ્રતિબંધના કેસમાં સુપ્રીમ કોર્ટસમક્ષ અપીલકર્તાઓએ હાઈકોર્ટના ચુકાદાના નિષ્કર્ષ પર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને ભારપૂર્વક જણાવ્યુ હતું કે, હિજાબ પહેરવું એ કુર્આનના આદેશ દ્વારા ફરજિયાત છે અને તે દરેક મુસ્લિમો માને છે કે આ આદેશ આવનારા દરેક સમય માટે સંપૂર્ણ છે. આ દરમિયાન જસ્ટિસ હેમંત ગુટપા અને સુધાંશુ ડદુલિયાની બેન્ચે અપીલ કરનાર મુસ્લિમ પક્ષકારો તરફથી હાજર રહેલા એડવોકેટ નિઝામ પાશાને શીખ સમુદાયના સભ્યોની પાઘડી પહેરવાની સાથે હિજાબ પહેરવાની પ્રથા વચ્ચે સમાનતા ન દર્શાવવા જણાવ્યું હતું. પાશાએ શીખોના પાઘડી પહેરવાનું ઉદાહરણ ટાંક્યું ત્યારે જસ્ટિસ ગુપ્તાએ કહ્યું કે, ''5 Ks (કેશ, અથવા વાળ; કાંગા, કાંસકો; કારા, બ્રેસલેટ; કાધેરા; અને કિરપા, વક્ર છરી) સારી રીતે સ્થાપિત થયેલ પ્રથા છે. ૧૯૨૫ અધિનિયમ તે સૂચવે છે. જે 5 Ksને અનુસરતો નથી તે શીખ નથી... કલમ ૨૫ હેઠળ, કિરપાન ધારણ કરવાની તેઓને પરવાનગી છે અને તે શીખોના અલગ અધિકારો બંધારણ દ્વારા માન્ય છે માટે તેની સાથે સરખામણી કરશો નહીં કારણ કે આ ૧૦૦ વર્ષથી વધુ સમયથી વૈધાનિક રીતે માન્ય છે અને વાસ્તવમાં તે ૫૦૦ વર્ષથી વધુ સમયથી માન્ય છે. વકીલે કહ્યું કે, તેના વર્ગમાં ઘણા શીખ છોકરાઓ યુનિફોર્મ જેવા જ રંગની પાઘડી પહેરતા હતા. તે શિસ્તને અસર કરતું નથી તે હકીકત ભારતમાં સ્થાપિત થઈ છે. એવા શીખ છોકરાઓ પણ હશે જેઓ લાંબા વાળ નથી રાખતા, જેઓ શીખ ધર્મમાં માને છે. શું તેઓ હીનતા અનુભવશે? ન્યાયમૂર્તિ સુધાશુ ધુલિયાની બનેલી બેન્ચે જવાબ આપ્યો કે, કારા અથવા પાઘડી માટે શીખ ધર્મના અલગ-અલગ ધોરણો છે, જે આ દેશની સંસ્કૃતિમાં સારી રીતે સ્થાપિત અને સારી રીતે જોડાયેલા છે. કૃપા કરીને શીખ ધર્મ સાથે કોઈ સામ્યતા ન દર્શાવો તે અમે કહીએ છીએ. ત્યારે પાશાએ કહ્યું કે, મારી રજૂઆત બરાબર એ જ તર્જ પર છે કે જો ૫૦૦ વર્ષની જૂની પ્રથા સૂચવવામાં આવી છે ત્યારે હિજાબ પ્રથા ૧,૪૦૦ વર્ષ જૂની છે. કોર્ટે કહ્યું કે, તે શીખની દલીલથી અલગ રીતે તેમની દલીલોની તપાસ કરશે. પાશાએ હાઈકોર્ટના ચુકાદાના એ ભાગનો પણ ઉલ્લેખ કર્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે, એવું વ્યાજબી રીતે માની શકાય છે કે હિજાબ પહેરવાની પ્રથાને આ પ્રદેશમાં પ્રચલિત સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિઓ સાથે જોડાયેલ છે. આ નિષ્કર્ષ પર પહોંચવા માટે, હાઈકોર્ટે શાસ્ત્રોમાંથી ભાષ્ય પર આધાર રાખ્યો હતો. પાશાએ કહ્યું કે આ પ્રશ્ન "રેટરિકલ" હતો અને એક લેખક માત્ર કહે છે કે હવે એ જ સ્થિતિ પ્રવર્તે છે... પરંતુ હાઈકોર્ટ દ્વારા તેને ખોટા સંદર્ભમાં ટાંકવામાં આવ્યો છે. તેના લેખકની સમજણ અને અભિપ્રાય મુજબ તે તે સમય માટે જ સુસંગત હતું પણ એવું નથી. પાશાએ કહ્યું કે, અમે અલ્લાહને માનીએ છીએ જેણે સમય બનાવ્યો છે. તો એમ કહેવું કે સમય વીતવા સાથે, આ આયાત અપ્રસ્તુત થઈ ગઈ છે અથવા તેની સમજ કે અર્થ બદલાઈ ગયો છે, તે ખોટું છે. કુર્આનની છેલ્લી આયાતનો અર્થ એ છે કે ઈસ્લામ ધર્મ કાયમ માટે છે, કુર્આન પણ કાયમ માટે છે, તે આવનારા દરેક સમય માટે સંપૂર્ણ છે૫. તેથી કુર્આનની આયાતો અપ્રચલિત થઈ ગઈ છે એમ કહેવું એ નિંદા છે. પાશાએ દલીલ કરી હતી કે હાઈકોર્ટે અન્ય વસ્ત્રો પહેરવા વિશે ઈસ્લામિક ગ્રંથોમાંથી કેટલાક અસંબંધિત અવતરણો પણ ટાંક્યા હતા અને તે નિષ્કર્ષ પર આવી હતી કે હિજાબ પહેરવું ફરજિયાત નથી પરંતુ માત્ર તે પહેરવાની ભલામણ કરવામાં આવે છે. હાઈકોર્ટ કહે છે કે તે ન પહેરવા માટે દંડ નથી અને આવા આધ્યાત્મિક કૃત્યો માટે કોઈ અસ્થાયી સજા નથી. પાશાએ કહ્યું કે, કુર્આન ઘણી જગ્યાએ કહે છે કે જો તમે અલ્લાહના રસ્તાઓની અનાદર કરશો, તો મૃત્યુ પછીના જીવનમાં તમને નરક મળશે. ધર્મ પછીના જીવન માટે આધ્યાત્મિક અસરો ધરાવે છે. ધર્મમાં કોઈ જબરદસ્તી નથી, તેથી ઈસ્લામમાં અનેક આદેશો આપવામાં આવ્યા છે અને તેનું પાલન કરવાના આપણા આર્ટિકલ ૨૫ના અધિકારો છીનવી લેવામાં આવ્યા છે. એવું નથી કે હિજાબ ન પહેરવા બદલ તમને ૮૦ કોરડા મારવામાં આવે છે. કુર્આન જે સજાની વાત કરે છે તે આ નથી. આ આધ્યાત્મિક કૃત્યો છે; તેની સજા આધ્યાત્મિક છે, જે મૃત્યુ પછીના જીવનમાં મળશે. હિજાબના મહત્વને રેખાંકિત કરતાં તેમણે કહ્યું હતું કે, જ્યારે પયગંબર (સ.અ.વ.)નું કહેવું છે કે તમારો પડદો આખી દુનિયા અને તેમાં જે કંઈ પણ છે તેનાથી વધુ મૂલ્યવાન છે અને કુર્આન કહે છે કે અલ્લાહની આજ્ઞા પાળો અને પાલન કરો. પાશાએ દલીલ કરી હતી કે જ્યારે એક ઈસ્લામિક આસ્થાવાન છોકરી એવું માને છે કે તેનો પડદો કરવો એ વધુ સારો છે અને તેમાં ગમે તે હોય, ત્યારે તેણીને શિક્ષણ અથવા પડદો જોઈએ છે કે કેમ તેની પસંદગી આપવી એ તેણીને શિક્ષણ આપવાનો ઈનકાર ગણવામાં આવશે.

અગાઉ સુનાવણીમાં, વરિષ્ઠ એડવોકેટ દેવદત્ત કામતે, મુસ્લિમ અપીલકર્તાઓ માટે હાજર હતા, તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકારના ૫ ફેબ્રુઆરીના આદેશમાં જાહેર વ્યવસ્થાને એક કારણ તરીકે દર્શાવવામાં આવી હતી. પરંતુ, તેમણે દલીલ કરી કે, એવું કોઈ કારણ હોઈ શકતું નથી કે જાહેર હુકમનું ઉલ્લંઘન કરવામાં આવે છે. આર્ટિકલ ૨૫ મુજબ હું મારા અધિકારનો ઉપયોગ કરી શકું તેવું વાતાવરણ બનાવવાની તમારી ફરજ છે. કામતે કહ્યું કે, રાજ્યની દલીલ એ છે કે, જો અમે તમને હેડસ્કાર્ફ પહેરવાની પરવાનગી આપીએ, જેને તમે શ્રદ્ધાનો ભાગ માનો છો, તો કેટલાક અન્ય વિદ્યાર્થીઓ નારંગી શાલ પહેરવાની પરવાનગી માંગશે. તેમણે એ પણ રજૂઆત કરી હતી કે હાઈકોર્ટે કહ્યું હતું કે, અંતરાત્માની સ્વતંત્રતા અને ધર્મની સ્વતંત્રતા પરસ્પર વિશિષ્ટ છે અને તેમણે ઉમેર્યું હતું કે, આ તદ્દન ભૂલભરેલી માન્યતા છે. આગામી સુનાવણી ૧૨ સપ્ટેમ્બરે ફરી શરૂ થશે.

જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર શોકતઅલી રીયાસત અલી અન્સારીનાઓ જાહેર જનતાને જણાવીએ છીએ કે, અમારો પુત્ર નામે **નશીમ એહમદ ઉર્ફે છોટુ શોકતઅલી અન્સારી** અમારા કહ્યામાં નથી. તથા મારો પુત્ર મારી કે તેની માતાની સાર-સંભાળ કે દેખરેખ રાખતો ન હોય કે અમારો ખોરાકી દવા વિગેરેની કાળજી લેતો ન હોય તે કારણે અમોએ અમારા સદર પુત્રની સાથે બધા જ સુખ દુખના સંબંધો કાપી નાંખેલ છે અને અમારી સ્થાવર અને જંગમ બધી જ મિલકતોમાંથી બેદખલ કરેલ છે. તથા અમારા સદર પુત્ર નશીમ એહમદ ઉર્ફે છોટુ સાથે અમારા નામે કે મારા પરિવાર અન્ય સભ્યના નામે કોઈ વ્યવહાર કરવા કે કરાવવા નહીં અને કરશો તો તે અંગે મારી કે મારા અન્ય કુટુંબીજનોની જવાબદારી રહેશે નહીં. તથા સદર પુત્ર સાથેના બધા જ સુખ દુખના સંબંધો કાપી નાખેલ છે જેની સર્વે નોંધ લેવી.

શોકતઅલી રીયાસતઅલી અન્સારી
રહે. : અમીર નુર નગર વિભાગ-૨, અમન રેસિડેન્સીની સામે, બીબી તળાવ, વટવા, અમદાવાદ
સહી/- શોકતઅલી

જાહીદકામરાન એમ.અન્સારી
